ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂ ટૅન્શન ઘટાડશે.

## ધર્મ સાર

### વર્લ્ડમાં પ્રથમ વખત બ્રોડ ગેજ ટ્રેક પર દોડશે સેમી હાઈ-સ્પીડ ટ્રેન, અમદાવાદ-ધોલેરા કોરિડોરને મળી ઐતિહાસિક મંજૂરી

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિ (CCEA) એ ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર આપતા અમદાવાદ (સરખેજ)-ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઇન રેલવે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે. અંદાજે 20,667 કરોડના ખર્ચે બનનાર આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટેક્નોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ હશે, જેમાં ભવિષ્યમાં નમો ભારત ટ્રેનો દોડાવવામાં આવશે.

લગભગ 134 કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આવનાર ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તેમજ લોથલ સ્થિત નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને અત્યાધુનિક રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ 220 કિમી પ્રતિ કલાક અને સંચાલન ગતિ 200 કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. આ કોરિડોર પર કુલ 13 સ્ટેશનો વિકસાવવામાં આવશે.પ્રોજેક્ટ હેઠળ 3 મેગા બ્રિજ, 74 કિલોમીટર વાયાડક્ટ, 39 રોડ અંડર બ્રિજ અને 2 રેલ ઓવર બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. કુલ ટ્રેક લંબાઈ અંદાજે 293 કિલોમીટર રહેશે. આ પ્રોજેક્ટ આગામી 4 વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. "અમદાવાદ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતીય રેલવેના ઈતિહાસમાં નવી શરૂઆત છે. આ માત્ર એક રેલ લાઇન નથી, પરંતુ 'ન્યૂ ઇન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ ભારતીય રેલવે આત્મનિર્ભર ભારતના વિઝનને નવી ગતિ આપી રહી છે. સ્વદેશી ટેક્નોલોજી આધારિત આ પ્રોજેક્ટ ભવિષ્યમાં સમગ્ર દેશમાં સેમી હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણનો આધાર બનશે."

**૩૧ મે સુધી ઘરે બેઠા ઓનલાઇન નોંધણી કરવાની રાજ્યમંત્રીની અપીલ**

# ડિજિટલ વસ્તી ગણતરીમાં સહભાગી બની દેશના વિકાસમાં યોગદાન આપો : રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર

(એજન્સી) ભાવનગર | તા.16

વાવ -થરાદ : ગુજરાતમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જનગણના ૨૦૨૭ અન્વયે આજથી શરૂ થયેલી સ્વ ગણતરીનો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો છે ત્યારે આજથી તા.31-05-2026 સુધીના નિર્ધારિત 15 દિવસમાં લોકો પોતાની જરૂરી વિગતો જાતે ઓનલાઇન ભરીને આ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે.



રાજ્ય કક્ષાના મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરે પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની શરૂઆત કરાવી હતી. આ પ્રસંગે તેમની સાથે અન્ય સહયોગીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોર એ જણાવ્યું હતું કે દેશ અને પ્રગતિશીલ ગુજરાતના વિકાસને નવી ઊંચાઈ પર લઈ જવામાં "વસ્તી ગણતરી ૨૦૨૭" મહત્વપૂર્ણ આધારરૂપ બનશે. તેમણે જણાવ્યું કે આ વખતે વસ્તી ગણતરીની સમગ્ર પ્રક્રિયા ડિજિટલ અને હાઈટેક પદ્ધતિથી હાથ ધરવામાં આવી રહી છે, જેના કારણે નાગરિકોને સરળ અને ઝડપી સેવા મળશે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરીના પ્રથમ તબક્કા હેઠળ નાગરિકોને ઓનલાઇન સ્વ-નોંધણી કરવાની સુવિધા આપવામાં આવી છે. હવે કોઈ લાંબી લાઈનો કે જટિલ પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. નાગરિકો પોતાના મોબાઈલ અથવા કોમ્પ્યુટર દ્વારા ઘરે બેઠા સરળતાથી આખા પરિવારનું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા. ૩૧ મે ૨૦૨૬ સુધી કરી શકશે. આ પ્રક્રિયા સંપૂર્ણપણે સુરક્ષિત અને સમય બચાવનાર હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે ઓનલાઇન નોંધણી પૂર્ણ થયા બાદ અરજદારોને મોબાઈલ પર એક વિશિષ્ટ આઈ.ડી. નંબર પ્રાપ્ત થશે, જેને સાચવી રાખવો જરૂરી રહેશે. બાદમાં જ્યારે વસ્તી ગણતરીની ટીમ ઘર મુલાકાતે આવશે ત્યારે માત્ર આ આઈ.ડી. નંબર આપવાથી સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે તેમણે પોતે પણ ઓનલાઇન નોંધણી પૂર્ણ કરી છે અને દરેક નાગરિકને આ અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો.રાજ્યમંત્રીશ્રીએ ખાસ અપીલ કરતાં જણાવ્યું હતું કે જે નાગરિકો ઓનલાઇન નોંધણી ન કરી શકે તેઓએ વસ્તી ગણતરીદારોને સંપૂર્ણ સહકાર આપી પરિવારની સાચી અને ચોક્કસ માહિતી આપવી જોઈએ. સાચી માહિતી સરકારની જનકલ્યાણકારી યોજનાઓને વધુ અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. અંતમાં તેમણે "આપણું ઓનલાઇન યોગદાન, દેશની સાચી ઓળખ" ના સંદેશ સાથે નાગરિકોને ડિજિટલ વસ્તી ગણતરીમાં સહભાગી બની દેશ અને રાજ્યના વિકાસમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.

## કોઠંબા પોલીસે ગઢ ગામે ઈકો ગાડીમાંથી 2,94,510નો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

( જગદીશ ત્રિવેદી મહીસાગર | તા.19

કોઠંબા પોલીસ મથકના સ્ટાફે બાતમીના આધારે ગઢ ગામ નજીક પોંગળી માતાના મંદિર પાસે મારુતિ ઈકો ગાડીમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે ગાડી સહિત કુલ રૂ. 5,04,510નો મુદ્દામાલ કબજે કરી ગણનાપાત્ર કેસ નોંધ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કોઠંબા પોલીસ સર્વેલન્સ ટીમના અહેકો કિરણકુમારને



ખાનગી રાહે બાતમી મળી હતી કે ઉંડારા ગામ તરફથી એક સફેદ કલરની મારુતિ ઈકો ગાડી નં. GJ-35-AA 2189 માં વિદેશી દારૂનો જથ્થો ભરીને પસાર થવાની છે. જેના આધારે કોઠંબા પીઆઈ પી.આર.બલાતે પ્રોહીવોચ તપાસમાં રહેવા સુચના આપતા પીએસઆઇ ડી.બી.બિહોલા, આર.સી.સોલંકી,એએસઆઇ સચિનભાઈ, રાજેશભાઈની ટીમે ગઢ ગામના બસ સ્ટેન્ડ પાસે આડસ કરી વોચ ગોઠવી હતી.દરમિયાન શંકાસ્પદ હાલતમાં આવતી ઈકો ગાડીને રોકવાનો ઈશારો કરતા ચાલકે ગાડી ભગાડી મુકી દૂર રોડ ઉપર ઉભી રાખી નાસી છૂટ્યો હતો. પોલીસે ગાડીની તલાશી લેતા અંદરથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ-1633 કિંમત રૂ. 2,94,510 તથા ગાડી કિંમત રૂ. 2,10,000 મળી કુલ રૂ. 5,04,510નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

**સત્યનારાયણ કથા**

## જુનાગઢના રાયજીબાગમા અધિક માસ નિમિત્તે ગાર્ડન હિલ એપાર્ટમેન્ટમા સમુહમાં સત્યનારાયણ કથા યોજાઈ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જુનાગઢના રાયજીબાગમા અધિક માસ નિમિત્તે ગાર્ડન હિલ એપાર્ટમેન્ટ મહિલા મંડળ દ્વારા સમૂહમા સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, સનાતનીઓનુ કહેવુ છે કે અધિક માસમાં કરેલું સત્કર્મ/ પુણ્ય અધિક ફળ આપે છે, આથી અધિક માસ દરમ્યાન તારીખ ૧૮-૫-૨૦૨૬ ને સોમવારે રાત્રે ૯ વાગ્યાથી ગાર્ડન હિલ એપાર્ટમેન્ટના મેઈન ચોકમાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથા નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં મોટી સંખ્યામાં વસાહતીઓએ ઉપસ્થિત રહી કથા



શ્રવણ કરી હતી અને જેમણે પાટલા નોંધાવ્યા હતાં તેઓએ પુજન અને કથા શ્રવણ, આરતીનો લાભ લીધો હતો. આ કથાનું રસપાન શાસ્ત્રીશ્રી હાર્દિકભાઈ પુરોહિત એ વક્તા તરીકે સંગીતમય શૈલીમાં કરાવ્યું હતું, ઠંડા પીણાં અને પ્રસાદ વિતરણ બાદ બહેનોએ રાસ લઈ ધન્યતા અનુભવી હતી.

## સમસ્ત વણિક યુવા સંગઠન,દ્વારા શપથ વિધિ સમારોહ

જૂનાગઢ : સમસ્ત વણિક યુવા સંગઠન, જુનાગઢ દ્વારા તાજેતરમાં ભવ્ય "શપથ વિધિ સમારોહ અને ગેટ ટુ ગેધર" કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો, મહાનુભાવો, યુવા મિત્રો તથા બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને ગણેશ વંદનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ નવા પ્રમુખશ્રી ની નિયુક્તિ કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે શ્રી ક્રિષ્નાભાઈ ધોળકિયા (જય ભવાની જ્વેલર્સ) ની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

**નેત્ર દાન**

## વડવા (કાયા) ગામના મારવાડા વણકર સમાજના યુવકનું અકસ્માતમાં મુત્યુ થતા પરિવાર જનોએ નેત્ર દાન કર્યું

| મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના વડવા (કાયા) ગામના મારવાડા વણકર સમાજનો યુવક નીરજ શિવજી બૂચિયા જે સાત આઠ દિવસ પહેલા બાઈક ચલાવી



જતો હતો. દરમિયાન ભેરૈયા નજીક રોડ પર બાઈક સ્લીપ થઇ હતી. અને યુવક ને ગંભીર ઈજા થઇ હતી. ત્યારે તેમના પરિવાર જનો ને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પોહોંચી ગયા હતા. માહિતી મળ્યા મુજબ ઘટના સ્થળે યુવક બે ભાન હાલત માં હતો. માથા અને અન્ય શરીર ની જગ્યાએ તેને ગંભીર ઈજાઓ થઇ હતી. ત્યારે તેની સારવાર અર્થે તાત્કાલિક આયુસ હોસ્પિટલ ભુજ ખાતે એડમીટ કરાયો હતો. ત્યાં ડોક્ટર એ જણાવ્યું કે તેમનો બ્રેન ડેથ થઈ ગયું છે. બાદમાં સારવાર દરમિયાન તા. 18-05-2026 ના રોજ યુવક મુત્યુ પામ્યો હતો. પરિવારની અને ડોક્ટર ની સહમતી થી મુત્યુ પામેલા યુવક નીરજ શિવજી બૂચિયા નું નેત્ર દાન કરવામાં આવ્યું છે.આ વેળા એ તેમના પરિવાર જનો દાદાજી લધાભાઈ તેજા બૂચિયા, મોટા બાપા પ્રેમજીભાઈ લાલજી બૂચિયા, કાકા હીરજીભાઈ લધા બૂચિયા, ભાજપ અનુ જાતિ મોરચા ભુજ તાલુકાના ઉપ. પ્રમુખ રવજીભાઈ રાજાભાઈ સીજુ વગેરે સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા.

**નાગરિકોને રાષ્ટ્રહિતના કામમાં જોડાવા અનુરોધ કર્યો**

## જનગણના ૨૦૨૭: બનાસકાંઠા જિલ્લામાં ડિજિટલ સ્વ-ગણતરીનો પ્રારંભ, ૩૧ મે સુધી ઓનલાઇન વિગતો નોંધાવવા વહીવટી તંત્રની અપીલ



પાલનપુર: દેશના સર્વાંગી વિકાસના રોડમેપ સમાન 'જનગણના ૨૦૨૭' અંતર્ગત ડિજિટલ વસ્તી ગણતરીની મહાઝુંબેશનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકો પોતાની વિગતો જાતે જ ઓનલાઈન પોર્ટલ પર અપડેટ કરી શકે તે માટે 'સ્વ-ગણતરી' (સેલ્ફ ઈન્યુમરેશન) પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવી છે. તારીખ ૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ સુધીના ૧૫ દિવસના નિયત સમયગાળામાં જિલ્લાના તમામ નાગરિકો આ રાષ્ટ્રનિર્માણના મહાયજ્ઞમાં ડિજિટલ માધ્યમથી સહભાગી થાય તે માટે તંત્ર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

સરકારશ્રીની આ આધુનિક અને ડિજિટલ પહેલને પ્રોત્સાહન આપવા માટે પાલનપુર મતવિસ્તારના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકરે આજે પોતે ઓનલાઈન સ્વ-ગણતરી ફોર્મ ભરીને પ્રેરણાદાયી પહેલ કરી છે. ધારાસભ્યશ્રીએ સત્તાવાર ડિજિટલ પોર્ટલની મુલાકાત લઈ પોતાના મોબાઈલ દ્વારા પરિવારના સભ્યો, મકાન તેમજ રહેઠાણની તમામ આવશ્યક વિગતો નિયત ફોર્મેટ મુજબ ઓનલાઈન સબમિટ કરી હતી. વસ્તી ગણતરીની આખી પ્રક્રિયા પેપરલેસ અને ડિજિટલ થવાના કારણે નાગરિકો માટે હવે પોતાની વિગતો સુરક્ષિત રીતે નોંધાવવી ખૂબ જ આસાન બની ગઈ છે.આ પ્રસંગે પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકરે જણાવ્યું હતું કે, દેશની પ્રગતિ અને ભવિષ્યના સુદ્રઢ આયોજન માટે વસ્તી ગણતરી એક અનિવાર્ય હિસ્સો છે, અને આજે ડિજિટલ માધ્યમથી મેં પણ આ પ્રક્રિયામાં નોંધ કરાવી છે. ટેક્નોલોજીના કારણે આ કામ ઘણું સરળ, ઝડપી અને સચોટ બન્યું છે.

તેમણે બનાસકાંઠાના તમામ પ્રબુદ્ધ નાગરિકોને અપીલ કરતાં ઉમેર્યું કે, દેશના સચોટ અને સર્વાંગી વિકાસની કલ્યાણકારી યોજનાઓના ઘડતરમાં જનતાનો સાચો ડેટા અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. જેથી દરેક પરિવારે સમયમર્યાદા ચૂક્યા વિના અધિકૃત પોર્ટલ https://se.census.gov.in પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી કરાવી લેવી જોઈએ.

**બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા 'ચિંતન શિબિર-૨૦૨૬'નું સફળ આયોજન કરાયું**

# વન્યજીવ સંરક્ષણ અને ભૂમિ-ભેજ સંરક્ષણ જેવા મહત્વના વિષયો પર વિસ્તૃત ચર્ચા કરાઈ

(એજન્સી) પાલનપુર | તા.19

બનાસકાંઠાના ઉજાણી ખાતે બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા 'ચિંતન શિબિર-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિભાગના વડા નાયબ વન સંરક્ષકશ્રી, બંને મદદનીશ વન સંરક્ષકશ્રીઓ, તમામ પરિક્ષેત્ર વન અધિકારિશ્રીઓ તેમજ ફોરેસ્ટ સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.શિબિર દરમિયાન બનાસકાંઠા નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા આગામી વર્ષોમાં ગુજરાત સરકારશ્રી તથા વન અને પર્યાવરણ વિભાગ દ્વારા નિર્ધારિત કરાયેલા રોડ મેપ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ ચિંતન શિબિરમાં થયેલી ચર્ચાઓના આધારે ભાવિ કામગીરી સુનિશ્ચિત રીતે અમલમાં મૂકી શકાય તે માટે





સંલગ્ન સ્ટાફને જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વધુમાં બંને મદદનીશ વન સંરક્ષકશ્રીઓ તેમજ તમામ પરિક્ષેત્ર વન અધિકારિશ્રીઓ દ્વારા વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, નર્સરી ઉછેર, સ્થાનિક લોકો સાથે સંવાદ વ્યવસ્થા, તૃણાહારી વન્યજીવોની ગણતરી, વન્યજીવ રહેઠાણ સુધારણા તેમજ ભૂમિ અને ભેજ સંરક્ષણ સંબંધિત કાર્યો અંગે પ્રેઝન્ટેશન દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વન વિભાગના પાયાના સ્ટાફ સાથે તમામ અધિકારીશ્રીઓએ વિભાગમાં વધુ ઉત્તમ અને અસરકારક કામગીરી માટે ચર્ચા-વિચારણા કરી હતી તેમજ ભવિષ્યલક્ષી આયોજન અંગે પણ મંત્રણાઓ કરવામાં આવી હતી.

## કામધેનુ યુનિવર્સિટીની પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે વિશ્વ એઈડ્સ વેક્સિન દિવસ-૨૦૨૬ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

રાષ્ટ્રીય સેવા યોજના (NSS) યુનિટ, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા તાલુકા કાનૂની સેવા સમિતિ, જૂનાગઢ, રેડ ક્રોસ સોસાયટી અને જીવનદીપ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી વિશ્વ એઈડ્સ વેક્સિન દિવસ ૨૦૨૬ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં એચ.આઈ.વી./એઈડ્સ અંગે વૈજ્ઞાનિક માહિતી, સુરક્ષિત વર્તન, સામાજિક જાગૃતિ, માનવ અધિકારો અને એઈડ્સ સંબંધિત ભ્રમો દૂર કરવાનો હતો. આ કાર્યક્રમમાં મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ.એમ.ડી. ઓડેદરા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રી મનીષ આચાર્ય, વાઈસ પ્રેસીડન્ટ, રેડ ક્રોસ સોસાયટી તથા વક્તા શ્રી અલ્તાફ કુરેશી, ડો.જોશી, કેતનભાઈ ગોંધા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**કલેક્ટર મિહિર પટેલના હસ્તે રૂ.૨૦ લાખથી વધુની ગ્રાન્ટનો ચેક એનાયત કરાયો**

## બનાસકાંઠા SPCAની સરાહનીય કામગીરી: કતલખાનેથી બચાવાયેલા પશુઓના નિભાવ માટે પાંજરાપોળને આર્થિક સહાય

પાલનપુર : ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા પશુઓને પોલીસ એફ.આઈ.આર. હેઠળ પકડી તેમની દેખભાળ અને ભરણપોષણ માટે શ્રી રાજપુર પાંજરાપોળ, ડીસા ખાતે મોકલવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી (SPCA)ને આ પશુઓના નિભાવ ખર્ચ પેટે ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.બનાસકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી (SPCA) દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા પશુઓને બનાસકાંઠા પોલીસ વિભાગના સહયોગથી પકડીને શ્રી રાજપુર પાંજરાપોળ, ડીસા ખાતે મોકલવામાં આવ્યા હતા. આ પશુઓના નિભાવ હેતુ તા. ૧૮/૦૫/૨૦૨૬ના રોજ શ્રી રાજપુર પાંજરાપોળ, ડીસાને પશુઓની દેખભાળ અને ભરણપોષણ માટે કુલ રૂ. ૨૦,૦૦,૨૫૦/-નો ચેક



બનાસકાંઠા જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી (SPCA)ના અધ્યક્ષ તથા કલેક્ટરશ્રી મિહિર પટેલના હસ્તે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ શ્રી ભરતભાઈ વારિયા અને શ્રી જગદીશભાઈ સોલંકીને એનાયત કરવામાં આવ્યો હતો.શ્રી રાજપુર પાંજરાપોળ, ડીસા સંસ્થા બનાસકાંઠા જિલ્લામાં કતલખાને લઈ જવાતા પશુઓને આશ્રય, ખોરાક અને સારવાર પૂરી પાડી ઉત્તમ જીવદયાનું કાર્ય કરી રહી છે.

**જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેએ સ્વ ગણતરી ફોર્મ ભરીને નાગરિકોને જોડાવા કરી અપીલ**

# જનગણના ૨૦૨૭: બનાસકાંઠા જિલ્લામાં 'સ્વ-ગણતરી'નો પ્રારંભ, ૩૧ મે સુધી ઓનલાઇન ફોર્મ ભરવા વહીવટી તંત્રની નાગરિકોને અપીલ

(એજન્સી)પાલનપુર | તા.19

જનગણના ૨૦૨૭ અંતર્ગત રાજ્યભરમાં સ્વ ગણતરીનો પ્રારંભ થયો છે ત્યારે આગામી ૩૧-૦૫-૨૦૨૬ સુધીના નિર્ધારિત ૧૫ દિવસમાં લોકો પોતાની જરૂરી વિગતો જાતે ઓનલાઇન ભરીને આ પ્રક્રિયામાં સહભાગી થાય તેમ બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરાઈ છે. જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલે સેલ્ફ એન્યુમરેશન ફોર્મ ભરીને જિલ્લાવાસીઓને રાષ્ટ્રહિતના કામમાં સહભાગી થવા કરી અપીલ. બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે આજરોજ કલેકટર કચેરી પાલનપુર ખાતેથી વસ્તી ગણતરી ૨૦૨૭ અંતર્ગત સેલ્ફ એન્યુમરેશન ફોર્મ ભર્યું હતું. તેમણે se.census.gov.in પોર્ટલ પર પોતાની વિગતો સબમિટ કરીને નાગરિકોને વધુમાં વધુ ફોર્મ ભરવા અપીલ કરી હતી.આ પ્રસંગે કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીનો આ પ્રથમ તબક્કો છે એ સેલ્ફ એન્યુમરેશન એટલે કે સ્વ-ગણતરીનો છે જે ૧૭ મેથી ૩૧ મે સુધી ચાલશે. આજે જે સ્વ-ગણતરી માટેનું પોર્ટલ છે se.census.gov.in એમાં મેં મારું રજીસ્ટ્રેશન જાતે કર્યું છે, સૌ નાગરિકોને વિનંતી છે



કે, આ જે સ્વ-ગણતરીના સમયગાળા દરમિયાન આપણું જે રજીસ્ટ્રેશન વસ્તીગણતરી માટેનું છે એ આપણે અવશ્ય પૂર્ણ કરી રાષ્ટ્રહિતના આ કામમાં આપણે સૌએ સહભાગી બનવું જોઈએ. જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવેએ સેલ્ફ એન્યુમરેશન ફોર્મ ભરીને જિલ્લાવાસીઓને જોડાવા કરાઈ અપીલ બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેએ જિલ્લા પંચાયત પાલનપુર ખાતેથી પોતાનું સેલ્ફ એન્યુમરેશન ફોર્મ ભરીને જિલ્લાવાસીઓને જોડાવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે, જનગણના ૨૦૨૭ અંતર્ગત ૧૭ થી ૩૧ મે સુધી સ્વ-ગણતરી એટલે કે સેલ્ફ એન્યુમરેશન ચાલુ છે. આજે અમારા દ્વારા પણ આ ફોર્મ ભરવામાં આવ્યું. અત્યંત સરળ છે અને હું આપ તમામને અપીલ કરું છું, વિનંતી કરું છું કે પોર્ટલનો ઉપયોગ કરી આમાં આપની માહિતી ભરીને પોતાનું રજીસ્ટ્રેશન અવશ્ય કરાવો. ઉલ્લેખનીય છે કે, વસ્તી ગણતરી એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય છે, જેના દ્વારા વસ્તી, સામાજિક, આર્થિક તથા આવાસ સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવે છે. આ માહિતીના આધારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન તથા અમલીકરણ કરવામાં આવે છે.સ્વ-ગણતરીની આ પહેલ નાગરિકોને સરળ, સુરક્ષિત અને અનુકૂળ ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે તેના થકી નાગરિકો ગમે ત્યાંથી પોતાની માહિતી ઓનલાઇન સબમિટ કરી શકે છે. નાગરિકો https://se.census.gov.in/ પરથી જરૂરી માર્ગ દર્શન દ્વારા તેમની સ્વ-ગણતરી પૂર્ણ કરી શકે છે તેમજ સક્રિય નાગરિક ભાગીદારીથી પોતાની વિગતો ઓનલાઈન ભરીને સમયસર અને સચોટ માહિતી પણ આપી શકે છે.

## ચાણસ્મા નગર સહિત પંથકમાં રામાપીર બીજની ઉમંગભેર ઉજવણી



(એજન્સી) નવી દિલ્હી | તા.03

દર મહિનાની અજવાળી બીજ એટલે સિદ્ધ રામદેવ ની ભક્તિ આરાધના નું મહાત્મ્ય ની ભક્તજનો માટે મહત્વની તિથિ છે અજવાળી બીજના દિવસે ચાણસ્મા સહિત પંથક માં આવેલ રામાપીરના મંદિરે ભક્તજનો દ્વારા પાટ પૂજા ભજન સતસંગ સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાય છે ત્યારે ચાણસ્મા નગરમાં રેલવે સ્ટેશન રોડ પર આવેલ રામાપીરના મંદિરે ભજનિક બાસેટ જી ના ભજન સત્સંગના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું હતું જ્યારે ખાડીયા ચોક ખાતે રામાપીરના પરમ ભક્ત મહેશભાઈ દરજી દ્વારા ભાટવાસણા રામા મંડળના ભક્તજનો નું રામાપીર આખ્યાન નું આયોજન કરાયું હતું જ્યારે કારોડા ગામે રામાપીરના મંદિરે રામાપીર બીજ નિમિતે સવારથી સાંજ સુધી ભકતજનોની ભીડ દર્શનાર્થે ઉમટી પડી હતી જ્યારે દાતાઓ ના સહયોગથી રામાપીર મંડળ દ્વારા દર્શનાર્થે આવતા ભક્તજનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી

## કોર્ટમાં અમેરિકી ન્યાય વિભાગની દલીલ | SEC સાથે સિવિલ કેસની પતાવટ


# અદાણી ગ્રુપની મોટી જીત, પુરાવાના અભાવે અમેરિકામાં ગૌતમ અદાણી સામેના તમામ કેસ કાયમી ધોરણે બંધ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભારતીય ઉદ્યોગજગત અને અદાણી જૂથ (Adani Group) માટે અમેરિકાથી બહુ મોટા રાહતના સમાચાર આવ્યા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે અમેરિકામાં ચાલી રહેલા બહુચર્ચિત કાનૂની મામલામાં અમેરિકી ન્યાય વિભાગે (US Department of Justice - DOJ) તમામ ગુનાહિત આરોપો (Criminal Charges) કાયમી ધોરણે પાછા ખેંચી લીધા છે. ન્યૂયોર્કની કોર્ટમાં સત્તાવાર દસ્તાવેજો રજૂ કરીને અમેરિકી ન્યાય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ બાબતે આગળ કોઈ કાનૂની પ્રક્રિયા કરવા કે સંસાધનો ખર્ચવા માંગતા નથી. કોર્ટે આ કેસને 'વિથ પ્રિજુડિસ' (With Prejudice) રદ કર્યો છે, જેનો અર્થ એ થાય છે કે ભવિષ્યમાં પણ આ કેસને ફરી ક્યારેય ખોલી શકાશે નહીં. આ મોટા ઘટનાક્રમને પગલે અદાણી ગ્રુપ પરથી કાનૂની સંકટના વાદળો સંપૂર્ણપણે હટી ગયા છે.

વર્ષ ૨૦૨૪ના અંતમાં અમેરિકી તપાસ એજન્સીઓ દ્વારા અદાણી જૂથ પર ગંભીર આરોપો મૂકવામાં આવ્યા હતા. આરોપ હતો કે, ભારતમાં સોલાર એનર્જી (સૌર ઊર્જા)ના મોટા કોન્ટ્રાક્ટ મેળવવા માટે અદાણી ગ્રુપે અંદાજે ૨૬.૫ કરોડ ડોલર (આશરે ૨૬૫ મિલિયન યુએસ ડોલર)





ની લાંચ આપવાની યોજના બનાવી હતી. એટલું જ નહીં, આ બાબત અમેરિકી રોકાણકારો અને ધિરાણકર્તાઓથી છુપાવીને ભંડોળ એકત્ર કરવામાં આવ્યું હોવાનો દાવો પણ કરાયો હતો. જોકે, તપાસ દરમિયાન અમેરિકી એજન્સીઓને અદાલતમાં ટકી શકે તેવા કોઈ નક્કર પુરાવા મળ્યા નહોતા અને આ કેસમાં કોઈ 'સ્પષ્ટ અમેરિકી લિંક' પણ સાબિત થઈ શકી નહોતી. કેસ પડતો મૂકતાં અમેરિકી ન્યાય વિભાગે કોર્ટમાં જણાવ્યું હતું કે, "ન્યાય વિભાગે આ સમગ્ર કેસની ઝીણવટભરી સમીક્ષા કરી છે. પ્રોસિક્યુટોરિયલ ડિસ્ક્રિશન (અભિયોજન વિવેકાધિકાર) હેઠળ એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે વ્યક્તિગત પ્રતિવાદીઓ સામેના આ ફોજદારી આરોપો પાછળ હવે વધુ સંસાધનો કે સમય બગાડવામાં બંનેમાંથી કોઈએ પણ પોતાની તરફથી કોઈ પણ પ્રકારની ભૂલ કે ગેરરીતિ સ્વીકારી નથી.

શેરબજારમાં જોરદાર ઉછાળો: રોકાણકારો ગદગદ

અમેરિકામાંથી મળેલા આ ઐતિહાસિક વિજયના સમાચાર વહેતા થતાં જ આજે ભારતીય શેરબજારમાં અદાણી ગ્રુપના શેરોમાં જોરદાર તેજી જોવા મળી હતી. ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ અને અદાણી પોર્ટ્સ સહિત ગ્રુપની તમામ કંપનીઓના શેરો રોકેટ ગતિએ વધ્યા હતા, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં કરોડો રૂપિયાનો જંગી ઉમેરો થયો છે. બજારના નિષ્ણાતોના મતે, આ કાનૂની ક્લીનચીટ બાદ અદાણી ગ્રુપના વૈશ્વિક બિઝનેસ વિસ્તરણને હવે નવી પાંખો મળશે.

### વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની આયાત વધતા ભારતની આર્થિક ચિંતામાં મોટો વધારો

નવી દિલ્હી:વૈશ્વિક બજારમાં કાચા તેલની વધતી કિંમતો અને રિફાઈન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોની નબળી નિકાસને કારણે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭માં ભારતની તેલ વ્યાપાર ખાધમાં તીવ્ર વધારો થવાની સંભાવના છે. રેટિંગ એજન્સી ક્રિસિલના તાજેતરના અહેવાલ મુજબ, વિદેશી ક્રૂડ ઓઈલ પર ભારતની અતિશય નિર્ભરતા દેશના બાહ્ય આર્થિક સંતુલન પર ફરી એકવાર ભારે દબાણ લાવી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, ભારતે પોતાની વાર્ષિક જરૂરિયાતો પૂરી કરવા માટે ૮૫ ટકાથી વધુ કાચા તેલની આયાત કરવી પડે છે, જેના કારણે ઐતિહાસિક રીતે જ દેશની તિજોરી પર બોજ રહે છે.વિશ્લેષણાત્મક અહેવાલમાં રજૂ કરવામાં આવેલા સત્તાવાર આંકડા દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૧૪માં ભારતની ક્રૂડ ઓઈલની આયાત જે આશરે ૧૯૦ મિલિયન ટન હતી, તે નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઝડપથી વધીને ૩૦૦ મિલિયન ટનની પણ ઉપર પહોંચી ગઈ છે. તેની સામે આ જ સમયગાળા દરમિયાન ભારતમાંથી થતી પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ ખૂબ જ મર્યાદિત અને એક સમાન સ્તરે રહી છે.

## News Brief

### ચીન ખાતેથી ભારતની ફર્ટિલાઈઝરની આયાતમાં 170 ટકાનો વધારો

મુંબઈ : નાણાં વર્ષ ૨૦૨૬માં ચીન ખાતેથી ભારતની ફર્ટિલાઈઝરની આયાત વાર્ષિક ધોરણે ૧૭૦ ટકાથી વધુ વધી ૫૦.૨૦ લાખ ટન રહી હતી. જોકે ભારતને ખાતરના નિકાસકાર તરીકે રશિયાએ પ્રથમ ક્રમ જાળવી રાખ્યો હતો એમ વાણિજ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટા પરથી કહી શકાય છે.ગત નાણાં વર્ષમાં રશિયા ખાતેથી ફર્ટિલાઈઝરની આયાત વાર્ષિક ધોરણે ૩૫ ટકા વધી ૬૭.૧૦ લાખ ટન રહી હતી. સાઉદી અરેબિયા ખાતેથી આયાત ૨૨ ટકા કરતા વધુ વધી ૩૪.૩૦ લાખ ટન જ્યારે મોરોક્કો ખાતેથી ૯૮.૭૦ ટકા વધી ૨૭.૯૦ લાખ ટન અને ઓમાન ખાતેથી ૧૯.૧૦ લાખ ટન ખાતરની આયાત થઈ હતી. ઓમાન ખાતેથી આયાતમાં ૩૫ ટકા ઘટાડો નોંધાયો છે. બીજી બાજુ ગત નાણાં વર્ષમાં સાઉદી અરેબિયા તથા ઈરાન ભારતના બાસમતિના બે મોટા ખરીદદાર દેશ રહ્યા હતા. સાઉદી અરેબિયા ખાતે ૧૦.૫૦ લાખ ટન જ્યારે ઈરાન ખાતે ૧૦ લાખ ટન બાસમતિની નિકાસ થવા પામી હતી. આ ઉપરાંત ઈરાક તથા યુએઈ પણ ભારતના બાસમતિના ખરીદદાર રહ્યા છે. ગત નાણાં વર્ષની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષમાં અખાતી દેશોમાં બાસમતિની નિકાસ નબળી રહેવાની શકયતા નકારાતી નથી. પશ્ચિમ એશિયા તંગદિલીને કારણે જહાજોની અવરજવર પર અસર પડતા ભારત ખાતેથી અખાતી દેશોમાં નિકાસ ખોરવાઈ ગઈ છે.




### વૈશ્વિક બેંકિંગ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લાવશે નોકરીઓનું મોટું સંકટ

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે નાણાકીય સેવાઓ આપતી જાણીતી સ્ટેન્ડર્ડ ચાર્ટર્ડ બેંક પોતાના અદ્યતન તકનીકી માળખાને મજબૂત કરવા માટે એક મોટો નિર્ણય લેવા જઈ રહી છે. બેંક પોતાની આંતરિક કામગીરીને વધુ હળવી, સક્ષમ અને સુવ્યવસ્થિત કરવાના હેતુથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, આ આધુનિકીકરણ અભિયાનને કારણે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં કોર્પોરેટ કાર્યોમાં અંદાજે ૧૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવશે. આ વ્યાપક ફેરફારોને પરિણામે વૈશ્વિક સ્તરે અંદાજે ૭,૦૦૦ જેટલા કર્મચારીઓની છટણી થાય તેવી પ્રબળ આશંકા સેવાઈ રહી છે, જે સંસ્થાના પચાસ હજારથી વધુ કોર્પોરેટ હોદ્દાઓ પર સીધી અસર કરશે.લંડન ખાતે મુખ્ય મથક ધરાવતી આ વૈશ્વિક ધિરાણકર્તા સંસ્થા આગામી વર્ષ ૨૦૨૮ સુધીમાં ટેન્જિબલ ઈક્વિટી પર ૧૫ ટકાથી વધુ વળતર મેળવવાની યોજના ધરાવે છે, જે વર્ષ ૨૦૩૦ સુધીમાં વધારીને ૧૮ ટકા સુધી પહોંચાડવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક છે. મીડિયા અહેવાલ મુજબ બેંકના મુખ્ય કાર્યકારી અધિકારી બિલ વિન્ટર્સે જણાવ્યું હતું કે, તેઓ એવી સક્ષમ પ્રણાલીઓ અને આધુનિક પદ્ધતિઓમાં રોકાણ કરી રહ્યા છે જે સમય જતાં વ્યાપારી હરીફાઈમાં ફાયદો કરાવશે અને લાંબા ગાળાની ટકાઉ વૃદ્ધિ સાથે ઉચ્ચ ગુણવત્તાનું વળતર આપશે. આ આધુનિક ટેકનોલોજી આધારિત વ્યુહરચનાના અમલીકરણથી સંસ્થા દીઠ ઉત્પાદકતા અને કર્મચારી દીઠ આવકમાં વર્ષ ૨૦૨૮ સુધીમાં અંદાજે ૨૦ ટકાનો નોંધપાત્ર વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ડીબીએસ બેંકે ભારતનો પ્રથમ સસ્ટેનેબિલિટી-લિંક્ડ ડીલર ફાઈનાન્સિંગ પ્રોગ્રામ શરૂ કર્યો

મુંબઈ : ભારતની અગ્રણી ઓટોમોટિવ કંપનીઓમાંની એક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે ડીબીએસ બેંક ઈન્ડિયા સાથે ભારતમાં પોતાનાં પ્રકારના પ્રથમ એવા 'સસ્ટેનેબિલિટી-લિંક્ડ ડીલર ફાઈનાન્સિંગ પ્રોગ્રામ' શરૂ કરવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ પહેલનો ઉદ્દેશ્ય એમ એન્ડ એમના અધિકૃત ડીલરોને પેસેન્જર અને કોમર્શિયલ વાહનોની ખરીદી માટે લોન પર સાનુકૂળ વ્યાજ દરો ઓફર કરીને ટકાઉ વ્યાપાર પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ પ્રોગ્રામનું માળખું ભારતીય ઓટોમોટિવ સેક્ટરમાં આ પ્રકારનું પ્રથમ છે અને તે પર્યાવરણીય કામગીરીના માપદંડોને સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરે છે. આનાથી M&M ના 'ગ્રીન ડીલરશીપ પ્રોગ્રામ' ની જરૂરિયાતો અનુસાર, વિવિધ પરિમાણોના આધારે ડીલરશીપની કામગીરીનું મૂલ્યાંકન શક્ય બનશે. આ પરિમાણોમાં ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન અને પાણીનો વપરાશ ઘટાડવો, અક્ષય ઊર્જાનો ઉપયોગ, રેઈનવોટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણીના સંગ્રહ) ની વ્યવસ્થા, જવાબદાર કચરા વ્યવસ્થાપન, જાહેર ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ સુવિધાઓની ઉપલબ્ધતા અને ડીલરશીપ દ્વારા વેચાતા ઈ-એસયુવીની સંખ્યાનો સમાવેશ થાય છે.મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના ઓટોમોટિવ ડિવિઝનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર નલિનિકાંત ગોલ્લાગુંટાએ જણાવ્યું કે, "ડીબીએસ બેંક ઈન્ડિયા સાથે અમારા સસ્ટેનેબિલિટી-લિંક્ડ ડીલર ફાઈનાન્સિંગ પ્રોગ્રામની શરૂઆત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત તેની સસ્ટેનેબિલિટીની સફરમાં એક મહત્વપૂર્ણ તબક્કે ઊભું છે. સસ્ટેનેબિલિટી પ્રત્યે લાંબા સમયથી પ્રતિબદ્ધ કંપની તરીકે, અમે ભારતના સસ્ટેનેબિલિટી લક્ષ્યોને ટેકો આપવો એ અમારી જવાબદારી સમજીએ છીએ.

## ઉદ્યોગો માટે નવી તકો ખુલશે

# યુરોપિયન મુક્ત વ્યાપાર કરાર સામે ઊભું થયું મોટું સંકટ

નવી દિલ્હી: યુરોપિયન દેશો દ્વારા લાદવામાં આવી રહેલા નવા પર્યાવરણીય નિયમો અને ખાસ કરીને કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મેકેનિઝમ (CBAM) હાલમાં ભારતીય નિકાસકારો માટે એક ખૂબ જ મોટો ચિંતાનો વિષય બનીને ઉભરી આવ્યો છે. ભારત જ્યારે યુરોપિયન ભાગીદારો સાથે મુક્ત વ્યાપાર કરાર (FTA) માટે મહત્વપૂર્ણ વાટાઘાટોના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે જ આ અણધાર્યા વૈશ્વિક નિયમનકારી ફેરફાર સામે આવ્યા છે. દેશની સર્વોચ્ચ વેપારી સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) દ્વારા યોજાયેલી એક વિશેષ પરિષદમાં મંગળવારે આ ગંભીર વૈશ્વિક આર્થિક સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ અનુસાર, આગામી સમયમાં આ આકરા નિયમોથી વ્યાપાર પ્રક્રિયા વધુ જટિલ બનશે.નવી પેઢીના વ્યાપાર કરારો પર આયોજિત આ મહત્વપૂર્ણ બેઠક દરમિયાન ફેડરેશનના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું કે યુરોપ તરફ થઈ રહેલી ભારતની નિકાસ અત્યારે એક તરફ વિપુલ તકો અને બીજી તરફ ભારે વૈશ્વિક દબાણ વચ્ચે ઘેરાયેલી છે. આ ક્ષેત્ર હવે પર્યાવરણીય નિયમો અને ટકાઉપણાના કડક ધોરણોને વધુ મજબૂત બનાવી રહ્યું છે. આ કડક માપદંડોને કારણે ભારતના ઉદ્યોગ સાહસિકોએ નફાકારકતા જાળવી રાખવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરની અનુપાલન પ્રક્રિયાઓમાંથી પસાર થવું જ પડશે. બજારના વિશાળ કદ અને ખરીદ શક્તિને કારણે આ દેશો આપણી માટે ખૂબ આકર્ષક હોવા છતાં, આવા આકરા કરવેરા સ્થાનિક ઉત્પાદકો માટે કસોટી સમાન સાબિત થશે. આ નવા નિયમનકારી માળખાને લીધે ભારતીય વ્યવસાયો અને ખાસ કરીને નાના તેમજ મધ્યમ કક્ષાના લઘુ ઉદ્યોગો (MSMEs) પર ખૂબ જ મોટું વહીવટી અને નાણાકીય ભારણ વધવાની પૂરેપૂરી સંભાવના છે. નિકાસ કરતી નાની કંપનીઓએ હવેથી વૈશ્વિક પર્યાવરણીય ધોરણો, સેનિટરી અને ફાયટોસેનિટરી પગલાં તેમજ સખત દેખરેખ પ્રણાલીનું સંપૂર્ણપણે પાલન કરવું પડશે. ઉદ્યોગ જગતના અગ્રણીઓના મતે, આ મુક્ત વ્યાપાર કરાર સંપૂર્ણપણે અમલમાં આવે તે પહેલાં જ ભારતીય નિકાસકારો અને વેપારીઓ માટે એક મજબૂત આંતરિક સહાયક પ્રણાલી ઊભી કરવી અત્યંત અનિવાર્ય છે. પૂરતી પૂર્વ તૈયારી વિના આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ટકી રહેવું મુશ્કેલ બનશે.

## એઆઈને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાથી ટેકનોલોજી સ્ટોકસના આકર્ષણમાં ઘટાડો થયો

# મ્યુ.ફન્ડોના પોર્ટફોલિયોમાં ટેકનોલોજી ક્ષેત્રનું વેઈટેજ ઘટી આઠ વર્ષના તળિયે

(એજન્સી) મુંબઈ | તા 19

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંબંધિત ખલેલને કારણે ઊભી થઈ રહેલી અનિશ્ચિતતા, આઈટી ખર્ચમાં ધીમી ગતિ તથા નબળા અર્નિંગ્સની ધારણાંને ધ્યાનમાં રાખી મ્યુચ્યુઅલ ફન્ડો દ્વારા ટેકનોલોજી સ્ટોકસમાં રોકાણમાં જોરદાર ઘટાડો જોવાયો છે. એક બ્રોકરેજ હાઉસ દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં જણાવાયું હતું કે, મ્યુચ્યુઅલ ફન્ડોના પોર્ટફોલિઓમાં ટેકનોલોજી ક્ષેત્રને વેઈટેજ એપ્રિલમાં ઘટી ૬.૭૦ ટકા સાથે આઠ વર્ષની નીચી સપાટીએ રહ્યું હતું. ટેકનોલોજી ક્ષેત્રને ફન્ડોનું વેઈટેજ એપ્રિલમાં એક વર્ષમાં ૧.૮૦ ટકા જેટલું ઘટી ગયું છે અને માર્ચની સરખામણીએ તેમાં ૬૦ બેઝિસ પોઈન્ટનો ઘટાડો થયો છે.

છેલ્લા એક વર્ષથી નિફટી આઈટી ઈન્ડેકસ અન્ય ઈન્ડેકસોની સરખામણીએ નબળી કામગીરી દર્શાવી રહ્યો છે. ભારતની આઈટી કંપનીઓ એઆઈની પ્રારંભિક તકો કદાચ ગુમાવી રહી હોવા બાબતે ચિંતા વધી રહી છે.

વૈશ્વિક સ્તરે આઈટી ખર્ચમાં ઘટાડો, કરાર પ્રવાહમાં ઢીલ, અર્નિંગ્સ વૃદ્ધિમાં સ્થિરતા તથા ઘરેલુ રોકાણકારોની પ્રાધાન્યતા હાલમાં બદલાઈને ફાઈનાન્સિઅલ, મેન્યુફેકચરિંગ જેવા ક્ષેત્ર તરફ વળતા આઈટી સ્ટોકસમાં ફન્ડોના રસમાં ઘટાડો જોવા મળી રહ્યો હોવાનો રિપોર્ટમાં દાવો કરાયો હતો.



હાલની ભૌગોલિકરાજકીય સ્થિતિએ પણ ટેકનોલોજી ક્ષેત્રમાં ફાળવણી પર અસર કરી છે. અમેરિકા તથા યુરોપની બજારોમાં અનિશ્ચિતતાએ પણ ટેકનોલોજી સ્ટોકસ માટેના આકર્ષણમાં ઘટાડો કરાવ્યો હોવાનો મત વ્યકત કરવામાં આવ્યો છે. બીજી બાજુ મ્યુચ્યુઅલ ફન્ડો ફાઈનાન્સિઅલ, ડિફેન્સ તથા મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ફાળવણી વધારી રહ્યા છે. ટૂંકા ગાળે આ ક્ષેત્રોમાં સારા અર્નિંગ્સની શકયતા જોવાઈ રહી છે. એઆઈની આગેવાની સાથેના ઓટોમેશન પરંપરાગત એવા મેનપાવર દ્વારા ચાલતા આઉટસોર્સિંગ વેપાર માટે ખલેલરૂપ બની જશે તેવી ધારણાં પ્રવર્તી રહી છે.

## આઈઆઈએમ સંબલપુર અને આઈઆઈએમ અમદાવાદ દ્વારા

# એમએસએમઇ માટે એઆઈ4 ઓડિશા પહેલ શરૂ, કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) સંબલપુર | તા 19

ભારતની અગ્રણી મેનેજમેન્ટ સંસ્થાઓમાંની એક, આઈઆઈએમ સંબલપુર, આઈઆઈએમ અમદાવાદના સહયોગથી, નવી શરૂ કરાયેલ એઆઈ4 ઓડિશા પહેલ હેઠળ એઆઈ વર્કશોપનું આયોજન કર્યું. આ વર્કશોપનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા કરવામાં આવ્યું હતું. 'વ્યાપાર વૃદ્ધિ માટે એઆઈ: સ્થાનિક બજારોથી રાષ્ટ્રીય પહોંચ સુધી ' શીર્ષક ધરાવતી આ વર્કશોપ સ્થાનિક ઉદ્યોગસાહસિકો અને નાના ઉદ્યોગોને કૃત્રિમ બુદ્ધિમત્તા સાથે વિકાસ કરવા માટે સશક્ત બનાવવા પર કેન્દ્રિત હતી. આ વર્કશોપનો હેતુ વેપારીઓ, એમએસએમઇ અને ઉદ્યોગસાહસિકો માટે ટકાઉ વિકાસ, કાર્યકારી શ્રેષ્ઠતા અને રાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા માટે એઆઈ નો ઉપયોગ કરવા માટે વ્યવહારુ એઆઈ અપનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. પશ્ચિમ ઓડિશાના 350 થી વધુ સ્થાનિક ઉદ્યોગ પ્રતિનિધિઓએ આ વર્કશોપમાં હાજરી આપી હતી. આ વર્કશોપમાં ભારત



સરકારના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે આઈઆઈએમ સંબલપુરના ડિરેક્ટર પ્રો. મહાદેવ જયસ્વાલ, આઈઆઈએમ અમદાવાદના ડિરેક્ટર પ્રો. ભરત ભાસ્કર, સંબલપુરના ઉત્તર વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ શ્રી હિમાંશુ લાલ, આઈઆઈએમએ વેન્ચર્સના સ્થાપક લર્નિંગ શ્રીમતી અંકુર સોહનપાલ અને એઆઈ4 ઓડિશા ઈકોસિસ્ટમ પાર્ટનરના આઈડિયાટર શ્રી ગોપાલ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઝોહો ના શંકર આરએનએસ, ક્લાઉડ, જેમિની, માઈક્રોસોફ્ટના બિઝનેસ યુનિટ હેડ શ્રીમતી શ્રુતિ બિજાવત, બેરીવાઈઝના સહ-સ્થાપક અને સીઈઓ શ્રી હર્ષિત ઠાકર અને વિઝિટીના સ્થાપક અને સીઈઓ શ્રી અમીષ ઠાકર વર્કશોપનું ઉદ્ઘાટન કરતા, ભારત સરકારના માનનીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને મુખ્ય મહેમાન તરીકે જણાવ્યું હતું કે, 'હું આઈઆઈએમસંબલપુરને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ભારતના એમએસએમઇ ને મજબૂત બનાવવામાં તેની ભૂમિકા પર આ મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવા બદલ અભિનંદન આપું છું.

### હરિકાંતા ઓવરસીઝ લિમિટેડનો આઈપીઓ 20 મે 2026ના રોજ ખુલશે

હરિકાંતા ઓવરસીઝ લિમિટેડ, ટેક્સટાઈલ પ્રોડક્ટ્સના મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગમાં સંકળાયેલી સુરત સ્થિત ટેક્ષટાઈલ કંપનીએ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ખોલવાની જાહેરાત કરી છે. આ આઈપીઓ બુધવાર, 20 મે, 2026ના રોજ ખુલશે અને શુક્રવાર, 22 મે, 2026ના રોજ બંધ થશે. કંપનીના ઈક્વિટી શેર બીએસઈ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થવાનો પ્રસ્તાવ છે.

### કોલ ગેસિફિકેશન પ્રક્રિયાથી ભારતમાં કાચા માલની સુરક્ષા વધુ મજબૂત બનશે

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે પર્યાવરણને બચાવવા માટે ચાલી રહેલી વિવિધ મથામણો અને રાષ્ટ્રીય સ્તરે કાર્બન ઉત્સર્જન ઘટાડવાની અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારત માટે 'કોલ ગેસિફિકેશન' ટેકનોલોજી અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે તેમ છે. ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના તાજેતરના અહેવાલ મુજબ, આ આધુનિક પ્રક્રિયા પર્યાવરણીય દ્રષ્ટિએ ભલે પડકારજનક હોય, પરંતુ તે આયાતી કોલસા અને કુદરતી ગેસ પરની દેશની નિર્ભરતા ઘટાડીને કાચા માલની આંતરિક સુરક્ષાને મજબૂત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. કોલ ગેસિફિકેશન એ ઊંચા તાપમાન અને દબાણ હેઠળ કોલસાનું આંશિક ઓક્સિડેશન કરીને તેને સિન્થેટિક ગેસ એટલે કે 'સિનગેસ' માં રૂપાંતરિત કરવાની એક અદ્યતન વૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેમાં મુખ્યત્વે કાર્બન મોનોક્સાઈડ, કાર્બન ડાયોક્સાઈડ અને હાઈડ્રોજનનો સમાવેશ થાય છે. અહેવાલના આંકડા દર્શાવે છે કે ભારતનું સ્ટીલ ઉત્પાદન ક્ષેત્ર હાલમાં વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતું બજાર છે.

## ભારતમાં દર 10માંથી 8 મહિલાઓ

# બાળકોની સંભાળની જવાબદારીઓને કારણે નોકરીની અરજી કરવાનું ટાળે છે: ઈન્ડીડ સર્વેક્ષણનું તારણ

બેંગલુરુ : વૈશ્વિક જોબ સાઈટ ઈન્ડીડના એક નવા સર્વેક્ષણમાં બહાર આવ્યું છે કે, કૌટુંબિક અને બાળકોની સંભાળની જવાબદારીઓ આજે પણ મહિલાઓની કારકિર્દીના નિર્ણયોને પ્રભાવિત કરી રહી છે. સર્વેક્ષણમાં સામેલ 83% મહિલાઓએ સ્વીકાર્યું કે કૌટુંબિક અને બાળકોની સંભાળની સાથે નોકરી કરવી અઘરી લાગતી હોવાથી, તેમણે અરજી કરવાનું જ ટાળ્યું હતું. ઈન્ડીડ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શશી કુમારે જણાવ્યું હતું કે, "ભલે આજે ઘણા ઘરોમાં પરિવારના સભ્યો મળીને ઘર-બાળકોની જવાબદારીઓ વહેંચતા હોય, પણ આ સર્વે દર્શાવે છે કે ભારતમાં મહિલાઓ આજે પણ કારકિર્દીના મોટા નિર્ણયો લેતી વખતે આ જરૂરિયાતોને ખાસ ધ્યાનમાં રાખે છે. મહિલાઓ આગળ વધવા તો માંગે જ છે, પણ હવે તેઓ એવી નોકરીઓ પસંદ કરવામાં વધુ સાવધ બની છે જે તેમની કૌટુંબિક અને બાળકોની સંભાળની વાસ્તવિકતા સાથે મેળ ખાતી હોય. જે કંપનીઓ કામકાજમાં વાસ્તવિક અનુકૂળતા અને સ્પષ્ટ અપેક્ષાઓ પૂરી પાડે છે, તેઓ આવી કુશળ મહિલાઓને આકર્ષવામાં અને પોતાની સાથે જોડી રાખવામાં વધુ સફળ રહેશે."અનુકૂળતા હવે માત્ર સગવડ નથી, તે કારકિર્દી ઘડવા માટે અનિવાર્ય છે.સર્વેના તારણો દર્શાવે છે કે મહિલાઓ માટે કારકિર્દીની તકો પસંદ કરતી વખતે કામકાજની અનુકૂળતા એક નિર્ણાયક પરિબળ બની ગઈ છે. નવી નોકરી પસંદ કરવાની વાત આવે ત્યારે 53% મહિલાઓ માટે કામના અનુકૂળ કલાકો સૌથી પહેલી પ્રાધાન્યતા છે, જ્યારે 48% મહિલાઓ હાઈબ્રિડ અથવા રિમોટ વર્કને વધુ મહત્વ આપે છે. આ બદલાવ કર્મચારીઓના પગારના નિર્ણયોમાં પણ સ્પષ્ટપણે જોવા મળે છે, જ્યાં દર 10 માંથી લગભગ 8 મહિલાઓ કામકાજમાં વધુ યોગ્ય અનુકૂળતા અને પર્સનલ-પ્રોફેશનલ લાઈફમાં સંતુલન મેળવવા માટે ઓછો પગાર સ્વીકારવા પણ તૈયાર છે, જેમાં 45% મહિલાઓએ આ વાત પર મંજૂરી આપી છે અને 34% મહિલાઓ તે અંગે વિચારી શકે છે. નોકરી કરતી માતાઓ માટે હાઈબ્રિડ અને રિમોટ વર્ક ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. સર્વે અનુસાર, 37% મહિલાઓએ હાઈબ્રિડ અથવા રિમોટ વર્કને કાર્યસ્થળના એકમાત્ર એવા ફેરફાર તરીકે ઓળખાવ્યો છે, જે નોકરી કરતી માતાઓના જીવનમાં સૌથી મોટો સકારાત્મક તફાવત લાવી શકે છે. એક પ્રોત્સાહક બાબત એ છે કે, 59% લોકોનું માનવું છે કે કામકાજની અનુકૂળતાએ ભારતમાં માતાઓ માટે કારકિર્દીની તકો સાચે જ વધારી દીધી છે, જ્યારે અન્ય 30% લોકોનું કહેવું છે કે તેનાથી ઘણી હદ સુધી મદદ મળી છે.

# ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિમિટેડને ભંવરિયા ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી રૂ. 175 કરોડનો ઓર્ડર મળ્યો




અમદાવાદ : ભારતના અગ્રણી ટ્રાન્સફોર્મર ઉત્પાદકોમાંની એક ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિમિટેડે (TARIL) જાહેરાત કરી છે કે કંપનીને રાજસ્થાન સ્થિત ભંવરિયા ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી રૂ. 175 કરોડનો સ્થાનિક ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર અંતર્ગત રાજ્યના મહત્વપૂર્ણ પાવર ગ્રીડ સબસ્ટેશન પ્રોજેક્ટ્સ માટે ટ્રાન્સફોર્મર્સ અને રિએક્ટર્સ સપ્લાય કરવામાં આવશે. આ ઓર્ડર 400/220 કેવી જીએસએસ કુમ્હેર, ભરતપુર, આરઆરવીપીએનએલ પ્રોજેક્ટ તથા 400/220 કેવી જીએસએસ અંબર, જયપુર, આરઆરવીપીએનએલ પ્રોજેક્ટ સાથે સંકળાયેલો છે. કરારના કાર્યક્ષેત્ર હેઠળ TARIL ચાર ટ્રાન્સફોર્મર્સ અને પાંચ રિએક્ટર્સનું ઉત્પાદન અને સપ્લાય કરશે તેમજ સંબંધિત કાર્યો પણ પૂર્ણ કરશે. આ ઈક્વિપમેન્ટ્સની ડિલિવરી માર્ચ 2028 સુધી અથવા તે પહેલાં પૂર્ણ કરવાની યોજના છે.આ તાજેતરના ઓર્ડરથી ભારતના પાવર ટ્રાન્સમિશન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે TARIL ની સ્થિતિ વધુ મજબૂત બની છે. સાથે જ, આ ઓર્ડર દેશની વધતી ઊર્જા જરૂરિયાતોને સમર્થન આપવા અને આધુનિક ટ્રાન્સમિશન નેટવર્કના વિકાસમાં કંપનીના વધતા યોગદાનને પણ દર્શાવે છે.'વિકસિત ભારત 2047'ના વિઝન હેઠળ ભારત ગ્રીડ આધુનિકીકરણ, નવીનીકરણીય ઊર્જાના સંકલન અને ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઝડપથી રોકાણ વધારી રહ્યું છે. આવી સ્થિતિમાં TARIL પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં વધતી માંગને પહોંચી વળવા માટે વ્યૂહાત્મક રીતે મજબૂત સ્થિતિ ધરાવે છે. આ ઓર્ડર કંપનીની અમલીકરણ ક્ષમતાને વધુ મજબૂત બનાવશે તેમજ તેની ઉત્પાદન ક્ષમતા અને પ્રોજેક્ટ ડિલિવરી નિપુણતા પ્રત્યે વિશ્વાસને વધુ બળ આપશે તેવી અપેક્ષા છે.વર્ષોથી TARIL એ ટ્રાન્સફોર્મર્સ અને રિએક્ટર્સના વિશ્વસનીય તથા ગુણવત્તા કેન્દ્રિત ઉત્પાદક તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. કંપની ભારત તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં વિવિધ યુટિલિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને સેવા પૂરી પાડી રહી છે. ઊર્જા ક્ષેત્રની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ ટેકનોલોજીકલી અદ્યતન અને ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ પૂરા પાડવા માટે કંપની સતત પ્રતિબદ્ધ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 04

# બસપા રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો ગુમાવશે

એક જમાનામાં ઉત્તર પ્રદેશમાં બસપા લાંબા સમય સુધી સત્તામાં રહી હતી. કાંશીરામ અને માયાવતીએ પક્ષની સ્થાપના કર્યા પછી દલીત અને ઓબીસીના સમર્થનને કારણે બસપા અને માયાવતી છવાઈ ગયા હતા. ધીમે ધીમે માયાવતીની પકડ ઓછી થતી ગઈ. એમની સામે થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો અને ભેગી કરેલી મિલકતને કારણે તેઓ લોકોની નજરમાંથી ઉતરતા ગયા. હમણા બસપા નેશનલ પાર્ટી છે, પરંતુ ગમે ત્યારે આ દરજ્જો ગુમાવી શકે એમ છે. હમણા દેશમાં છ નેશનલ પાર્ટીઓ, ભાજપ, કોંગ્રેસ, બસપા, સીપીઆઈ (એમ) અને એનપીપી છે. બસપાને બંગાળ, તામિલનાડુ અને કેરળ વિધાનસભા ચૂંટણીમાં ફક્ત ૧ ટકો મત મળ્યા છે. બસપાનો એક પણ સાંસદ લોકસભામાં નથી. રાજ્યસભામાં એક માત્ર સાંસદ છે. ત્રણ રાજ્યોમાં બસપાને ફક્ત ૨.૦૪ લાખ મત મળ્યા છે. રાષ્ટ્રીય પક્ષ બનવા માટે ચાર રાજ્યોમાં સ્ટેટ પાર્ટીનો દરજ્જો હોવો જરૂરી છે. લોકસભામાં ઓછામાં ઓછી ૧૧ બેઠકો અને ત્રણ રાજ્યોના સાંસદો હોવા જોઈએ. ચાર રાજ્યોમાં ૬ ટકા વોટ શેર પણ જરૂરી છે અને લોકસભામાં ચાર બેઠકો હોવી જોઈએ.તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયએ અધિકારીઓને કહ્યું છે કે એમના કાફલાને કારણે લોકોને તકલીફ પડવી જોઈએ નહીં. જોસેફ વિજય ચેન્નઈના નિલંકરાય નિવાસસ્થાનેથી નિકળીને દરરોજ સચીવાલય જાય છે. આ રસ્તો લગભગ ૧૭ કિલોમીટરનો છે. વિજયને એવા રીપોર્ટ મળ્યા કે એમના કાફલાને કારણે ટ્રાફિક જામ થાય છે અને જનતા પરેશાન થાય છે. આ જાણીને વિજયે અધિકારીઓને કહ્યું કે લોકોને તકલીફ નહીં પડે એવી વ્યવસ્થા કરવામાં આવે. આ આદેશ પછી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. વિજયનું ઘર નિલંકરાય વિસ્તારમાં કેસુઆરીના ડ્રાઇવ પર આવ્યું છે. આ વિસ્તાર સમુદ્ર કિનારે આવેલો પોશ એરિયા ગણાય છે. તામિલનાડુના મુખ્યમંત્રીનું સરકારી નિવાસસ્થાન ચેન્નઈના ગ્રીનવેઝ રોડ પર આવ્યું છે. સામાન્ય રીતે રાજ્યના મુખ્યમંત્રીઓ આ બંગલામાં રહે છે.દિલ્હી લિકર સ્કેમનો કેસ જસ્ટીસ સ્વર્ણ કાંતા શર્માએ નોટ બીફોર મી કરતા હવે નવી બેંચ સમક્ષ ટ્રાન્સફર થયો છે. કેસની સુનાવણી હવે જસ્ટીસ મનોજ જૈન કરશે. અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા સહિત આપના છ નેતાઓ વિરુદ્ધ કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી શરૂ કર્યા પછી જસ્ટીસ સ્વર્ણ કાંતા શર્માએ કેસની સુનાવણી કરવાનો ઇન્કાર કરી દીધો હતો. અવમાનનાના કેસની સુનાવણી જસ્ટીસ નવીન ચાવલા અને રવિન્દ્ર ડુડેજાની બેંચ કરશે. દિલ્હીમાં થતી ચર્ચા પ્રમાણે અરવિંદ કેજરીવાલ અને એમના સાથીઓ કેસના ટ્રાન્સફરને પોતાની જીત ગણાવી રહ્યા છે. જોકે ન્યાયતંત્રમાં થતી ચર્ચા પ્રમાણે સામાન્ય રીતે હાઈકોર્ટના જજો આવી ઘટનાથી દબાણમાં આવતા નથી. અરવિંદ કેજરીવાલને એવી અપેક્ષા છે કે નવા જજ જો એમના કેસની સુનાવણી કરશે તો એમને ફાયદો થઈ શકે એમ છે. સીજેઆઈ સૂર્યકાંતના એક નિવેદન પછી વિવાદ થયો છે. એમણે એવું કહ્યું હોવાનું કહેવાય છે કે દેશના બેકારો કોકરોચ એટલે કે વાંદાઓની માફક ક્યારેક મીડિયા તો ક્યારેક આઈટીઆઈ એક્ટીવીસ્ટ બનીને દેશને ખોતરે છે. હવે એક પેરોડી પક્ષ 'કોકરોચ જનતા પાર્ટી' બનાવવામાં આવી છે. ખરેખર આ રાજકીય પક્ષ નથી, પરંતુ ટીખળ કરવા માટે ખાસ વિચારધારાના યુવાનોએ આ પક્ષનું ગઠન કરીને સભ્યો બનાવવાના શરૂ કર્યા છે. ટીએમસીના બે સાંસદોએ આ પક્ષમાં સભ્ય તરીકે નોંધણી કરી છે. સોશ્યલ મીડિયા પર આ પેજની લોકપ્રિયતા વધતી જાય છે. સોશ્યલ મીડિયા એક્સ પર આ પક્ષની સ્થાપના કરવામાં આવી છે અને ૨૪ કલાકમાં જ ૧૫,૦૦૦ ફોલોઅર્સ મળ્યા છે.બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ટીએમસીના સાંસદ અને એક જમાનાના અભિનેત્રી સાયાની ઘોષ ખૂબ ચર્ચામાં રહ્યા હતા. કાબા - મદીનાના વખાણ કરતું ગીત ગાયને તેઓ સમાચારમાં ચમક્યા હતા. હવે એકાએક એમને જ્ઞાન લાધ્યુ છે. સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને એમણે કહ્યું છે કે જીતની ઈચ્છાથી વધુ કંઈ હોઈ શકે નહીં. ખામીઓ પર વિજય મેળવીને બીજાને પાછળ રાખી દેવા ખૂબ જરૂરી છે. ચૂટણી પછી ભાજપના નેતા ઉમા ભારતીએ કહ્યું હતું કે સાયાની ઘોષનું મક્કા - મદીના ગીત ટીએમસીની હારનું મૂખ્ય કારણ છે. ચૂંટણી પ્રચાર વખતે સાયાનીની સભામાં મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હતા. સાયાની બાંગ્લા ફિલ્મોની જાણીતી અભિનેત્રી છે અને ૨૦૨૧માં ટીએમસીમાં જોડાઈ હતી.

### રાજપીપલા નગરપાલિકા પ્રમુખ તરીકે શિવાની મહેતા ચૂંટાયા .

# દામિની વસાવા એ રોસ્ટર નો વિરોધ કરી ઉમેદવારી કરતા પરાજય

રાજપીપલા | રાજપીપળા નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી બાદ આજે યોજાયેલ પ્રથમ બોર્ડ મિટિંગ માં નગરપાલિકા પ્રમુખ તરીકે પ્રથમ વાર સભ્યપદે ચૂંટાયેલા શિવાની મેહતા. પ્રમુખપદે ચૂંટાયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપળા નગરપાલિકામાં ભાજપે 28 માંથી 25 બેઠકો જીતી ઈતિહાસ રચ્યો છે.ત્યારે રાજપીપળા નગરપાલિકાના સભાખંડમાં પ્રાંત અધિકારી. સહિત ચૂંટાયેલા સભ્યો અને પાલિકાના કર્મીઓની ઉપસ્થિતમાં પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ માટેની ચૂંટણી યોજાઈ હતી. રાજપીપળા નગરપાલિકા સભાખંડમાં પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં પ્રમુખ પદ માટે પ્રથમ વખત ચૂંટણી લડેલા અને જીતેલા વોર્ડ 4 ના ભાજપ મહિલા નગરસેવિકા શિવાનીબેન મહેતાના નામનો પ્રમુખ પદ માટે મેન્ડેટ રજૂ કર્યો હતો.ત્યારે એમની સામે અપક્ષ તરીકે ચૂંટાઈ આવેલા દામિનીબેન વસાવાએ ઉમેદવારી નોંધાવી હતી.ત્યારે પ્રમુખ પદ માટે ભાજપના શિવાનીબેન મેહતાને 25 મત જ્યારે દામિની બેન વસાવાને 3 મત મળતા શિવાની મેહતાને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.તો બીજી બાજુ ઉપપ્રમુખ પદ માટે ભાજપ દ્વારા ઉત્કર્ષ વસાવાના નામનો મેન્ડેડ રજૂ કરાયો હતો, ઉત્કર્ષ વસાવા સામે કોઈએ ઉમેદવારી ન નોંધાવતા ઉત્કર્ષ વસાવાને ઉપપ્રમુખ તરીકે બિનહરીફ જાહેર કરાયા હતા.આ તમામની વચ્ચે રાજપીપળા નગરપાલિકાના કારોબારી ચેરમેન તરીકે કુલદીપસિંહ ગોહિલ, શાસક પક્ષના નેતા તરીકે પ્રગ્નેશ રામીની વરણી કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે દામિની વસાવા એ અસલ રોસ્ટર પદ્ધતિ જેમાં આદિજાતિ મહિલા ને પ્રમુખ પદ ને બદલે રોસ્ટર સામાન્ય. મહિલા કરાતા તેનો વિરોધ કરી નકલી રોસ્ટર છે. તેમ જણાવી ઉમેદવારી નોંધાવી હતી .

### જુનાગઢ ખાતે વિશ્વ હાઈપર ટેન્શન દિવસ નિમિત્તે હાઈપર ટેન્શન તથા ડાયાબિટીસ ક્રિનીંગ કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯ જી એમ ઈ આર એસ જનરલ હોસ્પિટલ, જુનાગઢના એનસીડી ક્લિનિક વિભાગ દ્વારા તારીખ 21 5 2026 ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ભુતનાથ મહાદેવ મંદિર, જુનાગઢ ખાતે વિશ્વ હાઈપર ટેન્શન દિવસ નિમિત્તે હાઈપર ટેન્શન તથા ડાયાબિટીસ ના ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશરની નિઃશુલ્ક તપાસ તથા સામાન્ય રોગ માટે દવાઓ આપવામાં આવશે.

### નખત્રાણા નગરપાલિકાને મળ્યા સુકાનીઓ

# વસંતભાઈ વાઘેલા બન્યા પ્રથમ નગરપતિ

મહેશ એલ. સોની નખત્રાણા



આજે નખત્રાણા નગરપાલિકાના સુકાનીઓ બિનહરીફ વરણી કરવામાં આવતા કોણ બનશે પ્રથમ નગરપતિ..? એવી નગરજનોની અટકળો અંત આવ્યો હતો.આજે સવારે નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગ્રામ પંચાયત ખાતે નખત્રાણા નગર પાલિકાના સૌ પ્રથમ વખતના નગરપાલિકા પ્રમુખ /ઉપપ્રમુખના નામની જાહેરાત કરવામાં આવતા પાર્ટીના હોદેદારો કાર્યકરોએ એકબીજાને મો મીઠું કરાવી વરણી ને વધાવી લીધી હતી જેમાં નગરપાલિકાના સૌ પ્રથમ વખતના પ્રમુખ તરીકે વસંતભાઈ વેલજી વાઘેલા જ્યારે ઉપપ્રમુખ પદે શ્રીમતિ દમયંતીબેન ડાહ્યાલાલ સેઘાણીને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. પૂર્વ સરપંચ શ્રી ચંદનસિંહ રાઠોડની કારોબારી ચેરમેન તરીકે વરણી કરાઈ હતી જ્યારે જાગૃતિબેન ઠક્કરની દંડક તરીકે તેમજ શાસક પક્ષના નેતા તરીકે સવિતાબેન દરજી નું નામ જાહેર કરાયું હતું.આ અવસરે નખત્રાણા પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજવલ, અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા નગરપાલિકા ચીફ ઓફિસર ભાવિન કાંધાણી તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી મહામંત્રી હરિસિંહ રાઠોડ ,રાજેશભાઈ પલણ લાલજીભાઈ રામાણી ડાયાભાઈ સેંઘાણી ,રવિભાઈ ગરવા, ઈકબાલ ઘાંચી, ભરતભાઈ સોમજીયાણી તથા નગરપાલિકાના ચૂંટાયેલા તમામ ૨૮ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## લોકોની વચ્ચે રહી સુખ-દુઃખમાં સહભાગી બનતા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના અમારા ગામે અબડાસા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા લોકોની વચ્ચે રહી તેમના સુખ-દુઃખમાં સતત સહભાગી બનતા હોવાનો વધુ એક પ્રસંગ સામે આવ્યો હતો.આજરોજ નખત્રાણા તાલુકાના અમારા ગામે ધારાસભ્યશ્રીએ સામાજિક આગેવાન વેરશીભાઈ આહીરના નિવાસ સ્થાને પહોંચી ગામના વડીલ શ્રી કેશાભાઈ ભગુભાઈ આહિરની તબિયત અંગે આત્મીયતા પૂર્વક ખબર અંતર પૂછ્યા હતા તેમજ તેમના સ્વાસ્થ્ય અંગે માહિતી મેળવી શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે ગામના સામાજિક આગેવાન વેરશીભાઈ આહીરે જણાવ્યું હતું કે ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા હંમેશા લોકોની વચ્ચે રહી તેમની લાગણીઓ અને સમસ્યાઓને સમજવાનો પ્રયાસ કરે છે. લોકો પ્રત્યેની તેમની આત્મીયતા અને માનવીય અભિગમને કારણે તેઓ લોકહૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે.

## સાપુતારામાં આંતક મચાવનાર ખૂંખાર અને કદાવર દીપડો પાંજરે પુરાયો. હજી બે દીપડા મુક્તપણે ફરી રહ્યા હોવાની પૂરેપૂરી શક્યતા

ડાંગ | ગુજરાતનાં એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારાનાં રહેણાક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાના મુક્ત આંટાફેરાને કારણે સ્થાનિક રહીશો અને પ્રવાસીઓની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા થયા હતા.આ દરમિયાન ગિરિમથક સાપુતારાનાં સરોવર કોલોની નજીક આવેલા ‘કલાકૃતિ આર્ટ એમ્પોરીયમ’ પાસે પરમદિવસે રાત્રિના સમયે એક દીપડાએ કૂતરીનાં બચ્ચાનો શિકાર કર્યો હતો.આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા સ્થાનિક લોકોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ ફેલાયો હતો.વસ્તી ધરાવતા વિસ્તારમાં દીપડાની સક્રિયતા વધી જતા સાપુતારા હોટલ એસોસિએશન દ્વારા પ્રવાસીઓ અને સ્થાનિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વન વિભાગને તાત્કાલિક પાંજરૂ ગોઠવવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી હતી.સાપુતારા હોટલ એસોસિએશન અને સ્થાનિકોની રજૂઆતને ગંભીરતાથી લઈને દક્ષિણ ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમાર એક્શન મોડમાં આવ્યા હતા.ડાંગ દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ.નિરજકુમારનાં માર્ગદર્શન હેઠળ શામગહાન રેંજનાં આર.એફ.ઓ.મંજુલાબેન ઠાકરેની ટીમ દ્વારા તાબડતોબ દીપડાને વહેલી તકે પકડવા માટે પ્રભાવિત વિસ્તારમાં બે પાંજરા ગોઠવવામાં આવ્યા હતા.

### પિયોણીમાં અગ્નિ તપસ્યા પૂર્ણ પ્રસંગે ધાર્મિક કાર્યક્રમોનો ભવ્ય માહોલ

## મહંત હંસગિરિનાં સાંનિધ્યમાં આયુષગિરિજીની ૨૧ દિવસીય પંચધૂની અગ્નિ તપસ્યા પૂર્ણ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

પિયોણી મધ્યે આવેલ શ્રી નીલકંઠ મહાદેવ આનંદ આશ્રમ ખાતે લઘુમહંત આયુષગિરિજી મહારાજની ૨૧ દિવસીય પંચધૂની અગ્નિ તપસ્યા પૂર્ણ થતા ભવ્ય ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહંત હંસગિરિજી મહારાજના પવિત્ર સાંનિધ્યમાં યોજાયેલા આ પ્રસંગે વૈશાખી અમાસના દિવસે આશ્રમ ખાતે મેળા જેવો આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો. કાર્યક્રમ દરમિયાન મહાઆરતી, હોમ-હવન, સંતવાણી, આરાધિવાણી, કન્યા પૂજન સહિતના વિવિધ ધાર્મિક આયોજનો યોજાયા હતા. ગુજરાતભરમાંથી સંતો, મહંતો, મંડલેશ્વરો તથા ભગવતદેવીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ભક્તજનોને આશીર્વચનો પાઠવ્યા હતા.સાંજના સમયે કન્યા પૂજન કાર્યક્રમ યોજાઈ નિયાણીઓને મહાપ્રસાદ અને ભેટ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ કિંજલબેન ગોસ્વામી તથા જનકપુરી ગોસ્વામી દ્વારા રાસગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી, જ્યારે ઈશ્વર ભાલાણીએ ભજનોથી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

## અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ઓનલાઇન સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

વસ્તી ગણતરી -૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ વિવિધ જનહિતલક્ષી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યોને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવે છે. તેથી દરેક નાગરિકની સાચી અને સંપૂર્ણ માહિતી “વિકસિત ભારત”ના નિર્માણમાં અત્યંત મહત્વપૂર્ણ છે.ગુજરાત રાજ્યમાં જન ગણતા - ૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી (Self Enumeration)પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. હવે જન ગણનામાં સહભાગી થવું વધુ સરળ, સ્માર્ટ અને સુવિધાજનક બન્યું છે. અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે જાતે સ્વ-ગણતરી કરી અને જન ગણના માટેની પ્રક્રિયા કરી હતી.આ અંગે અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, તા. ૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન, રોજના ૨૪ કલાક, ગુજરાતના અને દેશના કોઈપણ ખૂણેથી આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશો.તેમણે વધુમાં જણાવ્યું કે, “મોબાઈલ અથવા કમ્પ્યુટર દ્વારા ઘેર બેઠા જ થોડી જ મિનિટોમાં આપના વર્તમાન રહેઠાણ તથા પરિવારની વિગતો સરળતાથી નોંધી શકશો.

## ગૌમાતાની ગરિમા વિરુદ્ધ સાંપ્રત સ્થિતિ : પૂજનીય ગૌમાતા આજે રસ્તા પર રઝળવા મજબૂર !

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભારતીય સંસ્કૃતિમાં જેને ‘કામધેનુ’ અને ‘ગૌમાતા’નો સર્વોચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે, તે જ ગૌધન આજે આધુનિક યુગમાં ભારે ઉપેક્ષાનો ભોગ બની રહ્યું છે. ઈતિહાસમાં જેના સંરક્ષણ માટે વીર દાદા જસરાજ જેવા શૂરવીરોએ મિંઢોળબંધા હોવા છતાં પોતાના પ્રાણની આહુતિ આપી હતી, તે પૂજનીય પશુ આજે અસહાય અવસ્થામાં ભટકવા મજબૂર બન્યું છે. એક જમાનામાં જે ગૌધન માણસની સમૃદ્ધિની ઓળખ હતું, તે આજે મહાનગરો અને નગરોના મુખ્ય



માર્ગો પર રઝળી રહ્યું છે.ભારતીય સંસ્કૃતિમાં જેને ‘કામધેનુ’ અને ‘ગૌમાતા’નો સર્વોચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે, તે જ ગૌધન આજે આધુનિક યુગમાં ભારે ઉપેક્ષાનો ભોગ બની રહ્યું છે. ઈતિહાસમાં જેના સંરક્ષણ માટે વીર દાદા જસરાજ જેવા શૂરવીરોએ મિંઢોળબંધા હોવા છતાં પોતાના પ્રાણની આહુતિ આપી હતી, તે પૂજનીય પશુ આજે અસહાય અવસ્થામાં ભટકવા મજબૂર બન્યું છે. એક જમાનામાં જે ગૌધન માણસની સમૃદ્ધિની ઓળખ હતું, તે આજે મહાનગરો અને નગરોના મુખ્ય માર્ગો પર રઝળી રહ્યું છે.જેમ ભગવદ્ ગીતામાં માનવ જીવનના તમામ પ્રશ્નોનો આધ્યાત્મિક ઉકેલ છે, તેમ ગાયમાં માનવજીવનની તમામ ભૌતિક અને આર્થિક જરૂરિયાતો પૂર્ણ કરવાની ત્રેવડ છે. ગીતા અને ગાયના મહત્વને (Know How, What & Why) સમજવાનો આ યોગ્ય સમય છે.

## બૃહદ બનાસકાંઠામાં 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન'નો પ્રારંભ; કલેક્ટર શ્રી મિહિર પટેલે કરાવી શરૂઆત



પાલનપુર | આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત બનાસકાંઠા અને વાવ - થરાદ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ સરકારી સેવાઓ માટે કેમ્પનું આયોજન કરાશે. બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે પાલનપુર ખાતેથી ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનની શરૂઆત કરાવી હતી. જિલ્લામાં આગામી ૨૫ મે ૨૦૨૬ સુધી આદિવાસી વિસ્તારમાં કુલ ૨૧ થી વધુ કેમ્પ યોજાશે. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલે જણાવ્યું કે, આદિવાસી બહુલતા ધરાવતા વિસ્તારોના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષ માટે ભારત સરકાર દ્વારા ‘ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન’ની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત બનાસકાંઠા તથા વાવ-થરાદ જિલ્લામાં આવેલા આદિવાસી બહુલતા ધરાવતા ૧૬૭ ગામોમાં જનભાગીદારી અભિયાન ‘સબસે દૂર, સબસે પહલે’નો પ્રારંભ કરવામાં આવ્યો છે.તેમણે જણાવ્યું કે, આ અભિયાન હેઠળ તા. ૧૮ મે થી ૨૫ મે દરમિયાન જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ વિવિધ કેન્દ્રો પર ‘ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન’ અંતર્ગત વિવિધ સરકારી સેવાઓની સુલભ આપૂર્તિ માટે ક્લસ્ટરવાઈઝ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેચ્યુરેશન કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા માટે સ્થાનિક નાગરિકોને અપીલ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા દેશના આદિવાસીઓના વિકાસને વેગવંતો બનાવવાના ભાગરૂપે એક વિશેષ અભિયાન તરીકે ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન શરૂ કરાયું હતું જેમાં બૃહદ બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને ઘર આંગણે સેવાઓ પૂરી પાડવા માટે વિવિધ કેમ્પનું આયોજન કરાયું છે.

## ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન: ૨૧મી મે ના રોજ પાલનપુરના છાપરા ગામે વિશેષ "સેચ્યુરેશન કેમ્પ" યોજાશે

પાલનપુર | આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ ધરતી આબા જન જાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત બનાસકાંઠા અને વાવ - થરાદ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ સરકારી સેવાઓ માટે કેમ્પનું આયોજન કરાશે.રાજ્ય સરકારશ્રીની પ્રજાલક્ષી વ્યકિતગત યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચતો થાય તેમજ સરકારી વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા અને જવાબદારીપણું જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી પાલનપુર તાલુકાના છાપરા ગામે એક વિશેષ ‘સેચ્યુરેશન કેમ્પ‘નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ આગામી તારીખ ૨૧/૦૫/૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી સાંજના ૦૫:૦૦ કલાક સુધી છાપરા પ્રાથમિક શાળા, મુ.છાપરા ખાતે યોજાશે. આ વહીવટી અભિગમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામજનોના વ્યકિતગત પ્રશ્નો અને વિવિધ સરકારી સેવાઓ લોકોને તેમના રહેઠાણની સાવ નજીકના સ્થળે અને તે જ દિવસે મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.આ એક જ દિવસીય કેમ્પમાં છાપરા સહિતના આજુબાજુના ગામના લોકો માટે બહુવિધ સરકારી સેવાઓ એક જ છત્ર નીચે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં જુદા જુદા પ્રકારના જાતિના પ્રમાણપત્રો, આવકના દાખલા, નોન-ક્રિમીલીયર સર્ટિફિકેટ, રેશનકાર્ડને લગતી તમામ કામગીરી, બેંકને લગતી સેવાઓ, એસ.ટી.બસ પાસની કામગીરી તેમજ વિવિધ મહેસુલી સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગ્રામજનોના સ્વાસ્થ્યની સુખાકારી માટે ખાસ દાકતરી તપાસ અને સારવાર કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### પાલનપુર આઇ.ટી.આઇ.માં ૨૩ ટ્રેડની ૧૬૦૪ બેઠકો માટે એડમિશન શરૂ: વિદ્યાર્થીઓને મળશે સ્ટાઇપેન્ડ અને બસ પાસનો લાભ

## આઇ.ટી.આઇ. પાલનપુર ખાતે નવા સત્રની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ: ૨૩ જૂન સુધી ફોર્મ ભરી શકાશે

પાલનપુર | ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) પાલનપુર ખાતે આગામી નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો આગામી તારીખ ૨૩ જૂન ૨૦૨૬ સુધી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી શકશે. આ શૈક્ષણિક સત્રમાં સંસ્થા ખાતે કાર્યરત કુલ ૨૩ વિવિધ ટ્રેડમાં ૧૬૦૪ તાલીમાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જેમાં મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, કોમ્પ્યુટર, સિવિલ અને ફેબ્રિકેશન જેવા રોજગારલક્ષી ટેકનિકલ કોર્સ ઉપલબ્ધ છે. પ્રવેશ મેળવવા માટેનું ઓનલાઈન ફોર્મ આઇ.ટી.આઇ. કેમ્પસ ખાતે જઈને વિનામૂલ્યે ભરી શકાશે.

જો કોઈ ઉમેદવાર સંસ્થા બહાર (સાયબર કાફે કે અન્ય જગ્યાએથી) ફોર્મ ભરાવે છે, તો તેમણે જરૂરી તમામ અસલ દસ્તાવેજો (ડોક્યુમેન્ટ્સ) ની ચકાસણી અને ચોઈસ ફિલિંગ (ટ્રેડની પસંદગી) કરાવવા માટે આઈ.ટી.આઈ. ખાતે રૂબરૂ આવવાનું રહેશે. ત્યારબાદ નિયત રજિસ્ટ્રેશન ફી ૫૦/- ભરીને પોતાનું ફોર્મ કન્ફર્મ કરાવવું ફરજિયાત છે, તો જ પ્રવેશ પ્રક્રિયા માન્ય ગણાશે.

આઇ.ટી.આઇ.માં પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર આર્થિક સહાય પણ મળવાપાત્ર છે. જેમાં એક વર્ષના કોર્સ માટે ૫,૦૦૦/- અને બે વર્ષના કોર્સ માટે કુલ ૧૦,૦૦૦/- નું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત તમામ તાલીમાર્થીઓને ફ્રી બસ પાસની સુવિધા પણ મળવાપાત્ર છે. વિશેષમાં, મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે મહિલા તાલીમાર્થીઓને સરકારશ્રીની ’નમો લક્ષ્મી યોજના’ હેઠળ એક વર્ષના કોર્સ માટે ૧૫,૦૦૦/- અને બે વર્ષના કોર્સ માટે કુલ ૨૪,૦૦૦/- ની માતબર સહાય આપવામાં આવશે.

પ્રવેશ મેળવવા ઈચ્છતા તમામ ઉમેદવારો સંસ્થાના સમય દરમિયાન એટલે કે સવારે ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી આઇ.ટી.આઇ. પાલનપુર ખાતે રૂબરૂ આવી શકે છે.

### નાગરિકોને 'સ્વ-ગણતરી' કરવા અને ગણતરીદારોને સહકાર આપવા ઇન્ચાર્જ જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થની અપીલ.....

## મહીસાગર જિલ્લામાં વસ્તી ગણતરી-૨૦૨૭ ની કામગીરીનો પ્રારંભ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

આપણા દેશમાં ભવિષ્યની યોજનાઓ અને વિકાસની રૂપરેખા સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર દ્વારા વસ્તી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે મહીસાગર જિલ્લામાં જનગણના-૨૦૨૭ ના પ્રથમ તબક્કાની એટલે કે ઘર યાદીની કામગીરી આગામી તારીખ ૧ જૂન થી ૩૦ જૂન સુધી હાથ ધરવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય કામગીરીમાં સહભાગી થવા અને ઓનલાઈન સ્વ-ગણતરી (Self-Enumeration) કરવા મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થે જિલ્લાના નાગરિકોને અપીલ કરી છે.જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું છે કે, નાગરિકો જાતે જ પોતાની માહિતી ઓનલાઈન ભરી શકે તે માટે તારીખ ૧૭ મે થી ૩૧ મે સુધી સ્વ-ગણતરીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે અંતર્ગત નાગરિકો સરકારની વેબસાઈટ *se.census.gov.in* પર લોગીન કરીને પોતાની વિગતો જાતે જ ભરી શકશે. આ ફોર્મ ભર્યા બાદ એક *૧૧ આંકડાનો સ્વ-ગણતરી આઈડી (ID)* જનરેટ થશે, જેને સાચવી રાખવાનો રહેશે.જ્યારે પણ વસ્તી ગણતરીની કામગીરી માટે ગણતરીદાર આપના ઘરે મુલાકાત લે, ત્યારે આ ૧૧ આંકડાનો જનરેટ થયેલો આઈડી તેઓને બતાવવાનો રહેશે. આ પ્રક્રિયાથી કામગીરી વધુ સરળ અને પારદર્શક બનશે.તારીખ ૧ જૂન થી ૩૦ જૂન સુધી ડોર-ટુ-ડોર (ઘરે-ઘરે જઈને) વસ્તી ગણતરીની કામગીરી કરવામાં આવશે. આ સમગ્ર પ્રક્રિયામાં મહીસાગર જિલ્લાના કુલ ૨૨૦૦ થી વધુ કર્મચારીઓ અને સ્ટાફ આ રાષ્ટ્રીય અભિયાનમાં જોડાશે.ઇન્ચાર્જ જિલ્લા કલેક્ટર શ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી યુવરાજ સિદ્ધાર્થે જિલ્લા વહીવટી તંત્ર વતી તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે કે, રાષ્ટ્રહિતની આ કામગીરીમાં પોતાનું સેલ્ફ એન્યુમેરેશન (સ્વ-ગણતરી) ઓનલાઈન કરી, તેમજ ઘરે આવનાર વસ્તી ગણતરી સ્ટાફને સંપૂર્ણ સહકાર આપી, સાચી અને જરૂરી વિગતો પૂરી પાડીને આ રાષ્ટ્રીય કામગીરીમાં સહભાગી બનીએ.

## મહીસાગર જિલ્લાના ૭૦૩ ગામોમાં રાસાયણિક ખાતરોના સમતોલ ઉપયોગ અંગે રાજ્યવ્યાપી જાગૃતિ અભિયાનનો પ્રારંભ....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાસાયણિક ખાતરોના સમતોલ અને સંકલિત ઉપયોગ અંગે રાજ્યવ્યાપી એક માસના વિશેષ જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે મહીસાગર જિલ્લાના ૭૦૩ ગામોમાં ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂત શિબિરોનું સઘન આયોજન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત લુણાવાડા તાલુકાના કાકા ના ચમારીયા ગામે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જે. આર. પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં એક વિશેષ ખેડૂત તાલીમ શિબિર યોજાઈ ગઈ હતી. આ શિબિરમાં ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિષે વિગતવાર અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તકે અધિકારીઓ અને ગ્રામજનો દ્વારા ગામના પ્રગતિશીલ ખેડૂત રમણભાઈના આંબાવાડીયાની રૂબરૂ મુલાકાત લઈને તેમની ખેતી પદ્ધતિનું પ્રત્યક્ષ અવલોકન પણ કરવામાં આવ્યું હતું.આ રાજ્યવ્યાપી ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય યુરિયા અને ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરોનો કાર્યક્ષમ તેમજ કરકસરયુક્ત વપરાશ વધારવાનો છે. આ સાથે ખેડૂતોને રાસાયણિક ખાતરોના વૈકલ્પિક સ્ત્રોત જેવા કે એસ.એસ.પી., એન.પી.કે. કોમ્પ્લેક્ષ, નેનો યુરિયા, નેનો ડી.એ.પી., બાયો ફર્ટીલાઈઝર્સ તેમજ સેન્દ્રીય ખાતર, વર્મી કમ્પોસ્ટ, જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગ તરફ વાળવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળની નિગરાની સમિતિ દ્વારા તૈયાર કરાયેલા માઈક્રોપ્લાનિંગ મુજબ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, આત્મા પ્રોજેક્ટના સ્ટાફ, ગ્રામ સેવકો, તલાટીઓ અને સહકાર તેમજ પંચાયત વિભાગની સંયુક્ત ટીમો દ્વારા જિલ્લામાં ગામવાર તાલીમ શિબિરોનું સઘન સંચાલન કરવામાં આવી રહ્યું છે.

## અમરેલી ખાતે શ્રી રામેશ્વર સત્સંગ મહિલા મંડળ દ્વારા ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું

### ભગવત્ કથામાં માં પૂ ભક્તિબાપૂ એ બીજા દિવસે રાજા પરીક્ષિત ની કથા સંભળાવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાવરકુંડલા થી પાંચ કિલોમીટર હાથસણી રોડ ઉપર મનોરોગી આશ્રમ માનુ મંદિર આવેલું છે જ્યાં પૂજ્ય ભક્તિ બાપુ રખડતા ભટકતા નિરાધાર મહિલાઓની વિના મૂલ્ય સેવા કરે છે અને અત્યાર સુધીમાં ૧૩૫ મનોરોગી બહેનો સાચી છે સમાજમાં પુનઃસ્થાપિત થઈ છે કથા ક્ષેત્રમાં પોણી ૩૦૦



કથા વાંચી અને માનવ મંદિર આશ્રમ છેલ્લા ૧૩ વર્ષથી સેવા ચાલુ કરી છે પરંતુ અમરેલીના રામેશ્વર સત્સંગ મહિલા મંડળ ના આગ્રહથી અમરેલી રામવાડી માંડલિયા મંડપ સર્વિસની ઓફિસ નજીક પૂજ્ય ભક્તિ બાપુ માનવ મંદિર સાવરકુંડલા વાળા ની ભાગવત સપ્તાહ શરૂ છે આજે બીજા દિવસે ભક્તિ બાપુ એ રાજા પરીક્ષિતની સુંદર મજાની વાતો કરી કથામાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા સંગીત ભજન અને રાસ ગરબા સાથે જ્ઞાન સાથે ભાગવતના દ્રષ્ટાંતો સાથે આ સુંદર કથામાં ચલાલા દાનબાપુની જગ્યા માંથી કેટલાક બહેનો મહેમાન તરીકે ઉપસ્થિત થયા હતા અને પ્રસિદ્ધ રામાયણ કથાકાર પૂજ્ય રવિરામ બાપુ હરિયાણીની પણ ખાસ ઉપસ્થિતિ હતી આ પ્રસંગે ભક્તિ બાપુના શિષ્ય મનિષા દીદી અને દક્ષા દીદી એ પણ ભક્તિ બાપુના આશીર્વાદ લે કથા શ્રવણ કર્યું હતું અને રવિરામ બાપુનું ખાસ સ્વાગત કરવામાં પણ આવ્યું હતું. સર્વ પિતૃ મોક્ષાર્થ છે આ ભાગવત કથા ના આજે બીજા દિવસે ખૂબ જ મોટી સંખ્યામાં બહારથી મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યાર ગામે યોજાયેલા મફત નેત્ર નિદાન કેમ્પમાં 116 દર્દીઓની તપાસ, 9 દર્દીઓ ના ભુજ ખાતે કરાશે ઓપરેશન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વ્યાર ગામે પ્રાથમિક શાળા ખાતે કે.સી.આર.સી. અંધજન મંડળ, ભુજ સંચાલિત આંખની હોસ્પિટલ દ્વારા મફત નેત્ર નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વ્યાર ગામ ઉપરાંત જાડાઈ અને આજુબાજુના ગામોના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી આરોગ્યલાભ લીધો હતો.કેમ્પ દરમિયાન મોતિયો અને વેલ જેવી આંખની બીમારીઓ અંગે લોકોને સમજણ આપવામાં આવી હતી.



કેમ્પમાં કુલ 116 દર્દીઓની ઓપીડી કરવામાં આવી હતી, જેમાંથી 9 દર્દીઓને ઓપરેશન માટે ભુજ ખાતે ઓપરેશન કરવામાં આવશે જે દર્દીઓને શનિવારના રોજ ઓપરેશન માટે બોલાવવામાં આવ્યા હોવાનું આયોજકોએ જણાવ્યું હતું.કેમ્પમાં સેવાભાવી ગોવિંદભાઈએ પણ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમના પ્રચાર-પ્રસારની કામગીરી ગઢવી પચાણ દ્વારા કરવામાં આવી હતી. કેમ્પને સફળ બનાવવા માટે ડૉ. રાજેશ ગઢવી, પચાણ ગઢવી, ટીનાબેન તથા અબ્દુલભાઈએ મહત્વપૂર્ણ સેવા આપી હતી.આ કેમ્પ દ્વારા ગ્રામ્ય વિસ્તારોના લોકોને આંખોની સારવાર અને માર્ગદર્શન મળી રહેતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# મોરબી સિરામિક ઉદ્યોગને GELની વ્યૂહરચનાથી મળ્યો નવજીવન, દોઢ મહિનામાં ૮૩થી ૬૭૦ એકમો ફરી કાર્યરત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલી યુદ્ધજન્ય પરિસ્થિતિ વચ્ચે પણ ગુજરાત એનર્જી લિમિટેડ દ્વારા અપનાવવામાં આવેલી સફળ વ્યૂહરચનાના પરિણામે મોરબીના સિરામિક ઉદ્યોગોને ફરી ગતિ મળી છે. ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ માત્ર ૮૩ જેટલા કાર્યરત રહેલા સિરામિક એકમોની સંખ્યા હવે વધીને ૬૭૦થી વધુ થઈ ગઈ છે, જેના કારણે સમગ્ર ઉદ્યોગ ક્ષેત્રમાં વિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે. મંત્રીએ જણાવ્યું હતું કે અગાઉ ગુજરાત ગેસ લિમિટેડ તરીકે ઓળખાતી ગુજરાત એનર્જી લિમિટેડે પ્રતિકૂળ વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે પણ મોરબીમાં પીએનજી ગેસનો અવિરત પુરવઠો જાળવી રાખ્યો છે. ભારત સરકારના માર્ગદર્શન હેઠળ કંપનીએ મધ્ય પૂર્વ સિવાયના વિકલ્પ બજારોમાંથી કુદરતી ગેસની ખરીદી કરીને સપ્લાય અને ભાવ સ્થિરતા સુનિશ્ચિત કરી હતી. મોરબી સિરામિક એસોસિએશન સહિત ઉદ્યોગજગત સાથે વ્યાપક ચર્ચા બાદ મે-૨૦૨૬ માટે ગેસ પુરવઠાની ખાતરી આપવામાં આવતા બંધ પડેલા એકમો ફરી શરૂ થવા લાગ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે હાલમાં આશરે ૮૬૫ ઔદ્યોગિક એકમો ગુજરાત એનર્જી લિમિટેડ પીએનજી નેટવર્ક સાથે જોડાયેલા છે. કંપનીએ માત્ર ઔદ્યોગિક ક્ષેત્ર જ નહીં પરંતુ ઘરેલુ અને વાણિજ્યિક પીએનજી કનેક્શન વધારવા માટે પણ વિશેષ અભિયાન હાથ ધર્યું છે. તા. ૧ માર્ચથી ૧૭ મે, ૨૦૨૬ દરમિયાન ગુજરાત એનર્જી લિમિટેડ દ્વારા આશરે ૪૦ હજાર નવા ડી-પીએનજી કનેક્શન, ૧૩ હજાર પુનઃજોડાણ અને ૫૦૦ કોમર્શિયલ જોડાણ આપવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે હોસ્પિટલ, હોસ્ટેલ, કોમ્યુનિટી કિચન, શાળા-કોલેજ અને ઔદ્યોગિક કેન્ટીન જેવી આવશ્યક સેવાઓને પણ પ્રાથમિકતા આપી પીએનજી કનેક્શન પૂરા પાડવામાં આવ્યા છે. વૈશ્વિક કટોકટી વચ્ચે પણ ગુજરાતનું ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત અને વિશ્વસનીય સાબિત થયું હોવાનું જણાવી તેમણે ભવિષ્યમાં પણ ઉદ્યોગ અને ઘરેલુ ક્ષેત્રને અવિરત ઊર્જા પુરવઠો આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# રાજ્ય પોલીસ વડા કે.એલ.એન. રાવ સાથે બ્રિટિશ હાઈ કમિશનની બેઠક, ડ્રગ્સ અને સાયબર ક્રાઈમ મુદ્દે ચર્ચા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતમાં ડ્રગ્સ નિયંત્રણ અને સાયબર ગુનાઓ સામે વધુ અસરકારક કામગીરી માટે રાજ્ય પોલીસ વડા ડોક્ટર કે.એલ.એન. રાવ ની અધ્યક્ષતામાં યુકેના બ્રિટિશ હાય કમિશન ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ગાંધીનગર ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન એસ.ઓ.સી.નેટ ફ્રેમવર્ક સહિત નાર્કોટિક્સ અને સાયબર ગુનાઓના બદલાતા વૈશ્વિક ટ્રેન્ડ્સ અંગે બંને પક્ષો વચ્ચે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાતમાં ડ્રગ્સની વર્તમાન સ્થિતિ, આંતરરાષ્ટ્રીય નશીલા પદાર્થોની હેરફેર તેમજ ડિજિટલ યુગમાં સાયબર ગુનાખોરીના વધતા પડકારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બંને પક્ષોએ



માહિતી વિનિમય, ટેકનિકલ સહયોગ, પોલીસ દળના ક્ષમતાવર્ધન અને ભવિષ્યમાં સંકલિત કામગીરી માટે સકારાત્મક વિચારવિમર્શ કર્યો હતો. ગુજરાત પોલીસ અને બ્રિટિશ હાઈ કમિશન વચ્ચેનો આ સહયોગ રાજ્યમાં ડ્રગ્સ અને સાયબર ગુનાઓ સામેની લડતને વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. બેઠકમાં બ્રિટિશ હાઈ કમિશન તરફથી ફર્સ્ટ સેક્રેટરી શ્રી જેઝ સ્ટેનલી, ગુજરાત અને રાજસ્થાનના ડેપ્યુટી હાઈ કમિશનર શ્રી સ્ટીફન હિકલિંગ તથા શ્રી પ્રજ્ઞા શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ગુજરાત પોલીસ વિભાગ તરફથી એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ ના એસ.પી. શ્રી લોકેશ યાદવ, સાયબર સેન્ટર ઓફ એક્સેલેન્સના એસ.પી. શ્રી વિવેક ભેડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

# આણંદ જનરલ હોસ્પિટલના ડોક્ટર એસીબીના ટ્રેપમાં ઝડપાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આણંદ જનરલ હોસ્પિટલમાં કરાર આધારિત ફરજ બજાવતા ઓર્થોપેડિક સર્જન ડૉ. ચિંતન સ્નેહલભાઈ શાહને એન્ટી કરપ્શન બ્યુરોએ રૂ. 3 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. એન્ટી કરપ્શન બ્યુરોના જણાવ્યા મુજબ, ફરિયાદીના ઓળખીતાના હાથની આંગળીનું ઓપરેશન સરકારના નિયમો મુજબ નિઃશુલ્ક થવાનું હોવા છતાં ડૉક્ટરે ઓપરેશનના બદલામાં શરૂઆતમાં રૂ. 6,500ની લાંચ માગી હતી. બાદમાં રકઝક દરમિયાન રૂ. 4 હજાર લેવાની વાત નક્કી થઈ હતી, જેમાંથી રૂ. 1 હજાર અગાઉ લેવામાં આવ્યા હતા અને બાકીના રૂ. 3 હજાર માટે માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે આણંદ એન્ટી કરપ્શન બ્યુરો પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તા. 19 મે, 2026ના રોજ જનરલ હોસ્પિટલ આણંદના પ્રથમ માળે ઓપરેશન થિયેટર બહાર લોબીમાં ટ્રેપ ગોઠવાયો હતો. ટ્રેપ દરમિયાન આરોપી ડૉક્ટરે રૂ. 3 હજારની લાંચ સ્વીકારતા એન્ટી કરપ્શન બ્યુરોએ તેને ઝડપી પાડ્યો હતો. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર આર. એન. વિરાણીની આગેવાની હેઠળ હાથ ધરાઈ હતી, જ્યારે સમગ્ર ઓપરેશનનું સુપરવિઝન મદદનીશ નિયામક એમ.એચ. પુવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજ્ય જળ સુધાર રૂપરેખા (SWRF)નો ગૌહાટીમાં પ્રારંભ, જળ વ્યવસ્થાપનને મળશે નવી દિશા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

આસામના ગૌહાટીમાં બ્રહ્મપુત્ર બોર્ડના કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલએ 'સ્ટેટ વોટર રિફોર્મ્સ ફ્રેમવર્ક'નો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય બંદરો, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રી તથા કેન્દ્રીય જલશક્તિ રાજ્ય મંત્રી રાજ ભૂષણ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જળ સંસાધન વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવા માટે આ પહેલને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહી છે. સ્ટેટ વોટર રિફોર્મ્સ ફ્રેમવર્ક અંતર્ગત નીતિ સુધારા, ડિજિટલાઈઝેશન, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંશોધન અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી જળ




સંસાધનોનું વધુ અસરકારક અને ટકાઉ સંચાલન શક્ય બને. આ રૂપરેખા હેઠળ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને 31 ડિસેમ્બર 2026 સુધી સુધારાત્મક યોજનાઓ તૈયાર કરીને અમલ માટે સમય આપવામાં આવ્યો છે. ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા અને સંસ્થાકીય મજબૂતી દ્વારા અસરકારક જળ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવાનો તેનો મુખ્ય હેતુ છે. કેન્દ્રીય મંત્રીઓએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં આ પહેલ જળ ક્ષેત્રમાં સુશાસન અને દીર્ઘકાલીન સુધારાઓ માટે નવી દિશા સાબિત થશે.

## જનગણના-2027 માટે અમદાવાદ કલેક્ટર ભવ્ય વર્માએ કરી ઓનલાઈન સ્વ-ગણતરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જનગણના-2027 અંતર્ગત અમદાવાદ કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ભવ્ય વર્માએ ઓનલાઈન પોર્ટલ પર પોતાની વિગતો નોંધાવી 'સેલ્ફ એન્યુમરેશન' પ્રક્રિયામાં સહભાગીતા નોંધાવી હતી. સાથે જ તેમણે શહેર અને જિલ્લાના નાગરિકોને પણ 31 મે, 2026 સુધી ઓનલાઈન સ્વ-ગણતરી પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો. કલેક્ટરે જણાવ્યું હતું કે, દેશની જનગણના વિકાસ અને આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. આગામી 1થી 30 જૂન દરમિયાન ગણતરીદારો ઘરેઘરે જઈ માહિતી એકત્ર કરશે.

# વિશ્વ મધમાખી દિવસ : ગુજરાતમાં 'સ્વીટ રિવોલ્યુશન'થી ખેડૂતોને વધારાની આવક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિશ્વ મધમાખી દિવસ નિમિત્તે ગુજરાતમાં મધમાખી ઉછેર ખેડૂતો માટે આર્થિક સમૃદ્ધિનું મહત્વપૂર્ણ સાધન બની રહ્યું છે. રાજ્ય સરકારની બાગાયતલક્ષી યોજનાઓ અને તાલીમના સહારે ખેડૂતો હવે પરંપરાગત ખેતીની સાથે મધમાખી ઉછેર તરફ વળી 'સ્વીટ રિવોલ્યુશન'નો ભાગ બની રહ્યા છે. સાણંદના ખીચા ગામના ખેડૂત કાશીરામભાઈએ ઘઉં અને ડાંગરની પરંપરાગત ખેતીમાંથી ઓછા નફાને પગલે મધમાખી ઉછેરનો માર્ગ અપનાવ્યો હતો.



બાગાયત વિભાગની સહાય અને આણંદ કૃષિ યુનિવર્સિટીની તાલીમ બાદ તેમણે 10 બોક્સથી શરૂઆત કરી હતી, જે આજે 20થી વધુ બોક્સ સુધી પહોંચી છે. હવે તેઓ 100 બોક્સ સુધી વિસ્તરણ કરવાની યોજના બનાવી રહ્યા છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ મધમાખી માત્ર મધ ઉત્પાદન પૂરતી મર્યાદિત નથી, પરંતુ પાકોમાં પરાગનયનની પ્રક્રિયા વધારવાથી ઉત્પાદન અને ગુણવત્તામાં પણ વધારો કરે છે. ખાસ કરીને ફળ અને શાકભાજી પાકોમાં મધમાખીની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા મધમાખી ઉછેર માટે સાધનો, બોક્સ અને તાલીમ પર સબસિડી આપવામાં આવી રહી છે. બનાસકાંઠા, સાબરકાંઠા અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ખેડૂતો ખેતીની સાથે મધમાખી ઉછેરથી વધારાની આવક મેળવી રહ્યા છે. ઓછી મૂડી અને ઓછા ખર્ચમાં વધુ નફો આપતો આ વ્યવસાય હવે ખેડૂતો માટે નવી આશા બની રહ્યો છે.

## કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની સાદગી, જયપુર પ્રવાસે ટ્રેનમાં સામાન્ય મુસાફર તરીકે સફર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સાદગી અને જનસંવેદના માટે જાણીતા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી કુંવરજી બાવલિયાએ જયપુર પ્રવાસ દરમિયાન જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરીને ટ્રેનમાં સામાન્ય મુસાફરની જેમ મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન મંત્રીશ્રીએ સહપ્રવાસી મુસાફરો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો તેમજ તેમની સમસ્યાઓ અને ખબરઅંતર પૂછ્યા હતા. મંત્રીશ્રીની આ સરળતા અને જનસંપર્કની શૈલી મુસાફરોમાં ચર્ચાનો વિષય બની હતી. જનતા વચ્ચે રહીને તેમની લાગણીઓ સમજવાનો આ અભિગમ કુંવરજી બાવળિયાની સરળ અને સંવેદનશીલ કાર્યશૈલીનું પ્રતિબિંબ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# જનગણના-2027માં સહભાગી થવા ગાંધીનગર કલેક્ટરની નાગરિકોને અપીલ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર જિલ્લા કલેક્ટર રવિન્દ્ર ખતાલેએ નાગરિકોને જનગણના-2027ની 'સ્વ-ગણતરી' પ્રક્રિયામાં સક્રિયપણે જોડાવા અપીલ કરી છે. 17 થી 31 મે, 2026 દરમિયાન નાગરિકો se.census.gov.in પોર્ટલ પર ઓનલાઈન પોતાની અને પરિવારની વિગતો નોંધાવી શકશે. કલેક્ટરે જણાવ્યું હતું કે, જનગણનાની માહિતી દેશના વિકાસ કાર્યો, કલ્યાણકારી યોજનાઓના આયોજન અને અસરકારક અમલીકરણ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. તેમણે ઉમેર્યું કે, સ્વ-ગણતરી પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ અને સરળ છે, જેમાં કોઈ દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર નથી. ઓનલાઈન નોંધણી પૂર્ણ થયા બાદ નાગરિકોને એક વિશિષ્ટ ' એસ.ઈ. આઈ.ડી.' મળશે, જે ગણતરીદાર ઘર મુલાકાતે આવે ત્યારે દર્શાવવાનો રહેશે. કલેક્ટરે જણાવ્યું હતું કે, તેમણે પોતે પણ સ્વ-ગણતરી પ્રક્રિયા પૂર્ણ કરી છે અને નાગરિકોને પણ તેમાં જોડાવા અનુરોધ કર્યો હતો. પ્રક્રિયા દરમિયાન કોઈ મુશ્કેલી સર્જાય તો નાગરિકો કલેક્ટર કચેરી અથવા સરકારના ટોલ-ફ્રી નંબર 1855 પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે.

# સાયન્સ સિટીમાં 'ગ્રાસરૂટ્સ ઈનોવેશન પાથવે' નેશનલ વર્કશોપનો પ્રારંભ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત સાયન્સ સિટી ખાતે 'નેશનલ વર્કશોપ ઓન ગ્રાસરૂટ્સ ઈનોવેશન પાથવે : ફ્રોમ લોકલ રેઝિલિયન્સ ટુ નેશનલ એડવાન્સમેન્ટ્સ'નો ભવ્ય પ્રારંભ થયો છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડોક્ટર જીતેન્દ્ર સિંઘ તથા ગુજરાતના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં આયોજિત આ બે દિવસીય વર્કશોપમાં દેશભરના આશરે 200 પ્રતિનિધિઓ સહભાગી બન્યા છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ વર્કશોપનો મુખ્ય




ઉદ્દેશ ગ્રામ્ય અને સ્થાનિક સ્તરે થતા નવતર સંશોધનોને રાષ્ટ્રીય વિકાસ સાથે જોડવાનો છે. કૃષિ, જળ સંરક્ષણ, હેલ્થકેર, રૂરલ લાઈવલીહુડ અને ક્લાઈમેટ રેઝિલિયન્સ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક ઈનોવેશન્સને મજબૂત ઈન્સ્ટિટ્યુશનલ સપોર્ટ આપવા વિવિધ સત્રો યોજાશે. કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, દેશના ટિયર-2 અને ટિયર-3 શહેરોમાંથી ઊભા થતા ગ્રાસરૂટ ઈનોવેટર્સ ભારતના વિકાસ માટે મહત્વપૂર્ણ ચાલકબળ બની રહ્યા છે. સ્થાનિક સ્તરે થતા સંશોધનોને કટિંગ એજ ટેકનોલોજી, પ્રાઈવેટ સેક્ટર અને ઈન્વેસ્ટર્સ સાથે જોડીને તેને રાષ્ટ્રીય સ્તરે સ્કેલ અપ કરવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી. ગુજરાતના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ઈકોસિસ્ટમમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. તેમણે પરંપરાગત કારીગરો, ખેડૂતો અને મહિલાઓના સ્થાનિક જ્ઞાનને આધુનિક ટેકનોલોજી અને માર્કેટ લિંકેજ સાથે જોડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# અમદાવાદમાં અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મેગા ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ ગતિમાન



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ શહેરને સ્માર્ટ, ગ્રીન અને પિપલ-ફ્રેન્ડલી અર્બન ઓળખ આપવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રિસિંક્ટ ડેવલોપમેન્ટ, આઈકોનિક રોડ, મોડલ રોડ અને ઈસ્ટ-વેસ્ટ કોરિડોર જેવા મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામગીરી હાથ ધરાઈ છે. શહેરમાં 50 કિલોમીટરથી વધુ વિસ્તાર આવરી લેતા આ પ્રોજેક્ટ્સ માટે કરોડો રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રિસિંક્ટ ડેવલોપમેન્ટ હેઠળ મેટ્રો રૂટ, સ્પોર્ટ્સ થીમ અને એજ્યુકેશનલ કોરિડોર સહિત કુલ 10.60 કિલોમીટર વિસ્તારને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવી રહ્યો છે. ઉપરાંત લો ગાર્ડન પ્રિસિંક્ટ ડેવલોપમેન્ટ હેઠળ પણ 6.60 કિલોમીટર વિસ્તારમાં સુવ્યવસ્થિત પાર્કિંગ, આધુનિક ફૂટપાથ, વોક-વે અને લેન્ડસ્કેપિંગની કામગીરી પ્રગતિમાં છે. આઈકોનિક રોડ પ્રોજેક્ટ અંતર્ગત શહેરના મુખ્ય માર્ગોને ફૂટપાથ, સાયકલ ટ્રેક, ગ્રીન બફર, ફાઉન્ટેન, સ્કલ્પચર અને વોકિંગ ઝોન જેવી સુવિધાઓ સાથે નવી ઓળખ આપવામાં આવી રહી છે.

# શિયાળો, ઉનાળો અને ચોમસુ ત્રણેય ઋતુ માં ટિંડોરા મળી રહે

શિયાળો,ઉનાળો અને ચોમસુ ત્રણેય ઋતુ માં ટિંડોરા મળી રહે છે. બગીચા મા ઊગેલ ઝાડ પર કે દીવાલ પર વેલા સ્વરૂપે ચડતી ટિંડોરા. ની વેલ ની મીઠાશ એટલી કે એના પર ઊગતા પીળા નાનકડા ફૂલોની સુગંધના આકર્ષણ માં દૂર દૂર થી ભમરા ઓ આવીને એના પર બેસે છે. મોટાભાગે વેલ પર ફુલ બેસતા ના અમુક સમય બાદ નાનકડા લાંબા આકાર ના કુણા કુણા લીલા કલર ના ટિંડોર દેખાશે. ટિંડોરા ની વેલ દીવાલ,જમીન પર કે ઝાડ પર આપમેળે ચડી જતી હોય છે દ્રાક્ષ ના વેલા ની માફક વેલ ચડાવવા માંડવો બનાવવો પડતો નથી. વેલ પર ના પીળા પીળા નાના નાના ફૂલ પર ભમરા બેસે છે ત્યારે બ્લેક & યેલો કલર નું મેચિંગ જોવાની મજા પડે છે..આ દૃશ્ય ને કલાકો સુધી નિહાળવા ની મજા માણી શકાય છે.જો તમે ભોજન માં લીલોતરી શાક એટલે ભીંડા,તુરીયા, ગુવાર, ગલકા,ટિંડોરા,ચોળી,વાલોળ, દૂધી વગેરે વગેરે શાક નિયમિત ખાવ છો તો એટલું નક્કી કે તમારી તંદુરસ્તી છેલ્લા સમય સુધી હિટ & ફિટ રહેશે.

ટિંડોરા માં વિટામિન્સ, મિનરલ્સ, પોટેશિયમ, કેલ્શિયમ, આયર્ન અને ફાઈબર નો ભરપુર સ્ત્રોત હોય છે.

બારમાસી શાક ટિંડોર મા એન્ટી બેક્ટેરિયલ,એન્ટી ઓક્સિડન્ટ અને એન્ટી ઈન્ફ્લેમેટ્રી ઉબલબ્ધ હોવાના લીધે ચોમાસા માં વરસાદ ના લીધે થતા

રોગચાળા,ઈન્ફેક્શન, એલર્જી સ્કિન,શ્વાસ કે હેર ની થતી નથી. ચોમાસા ની ઋતુ માં

કરેલા,તુરીયા,ગલકા,ગુવાર,ટિંડોરા વગેરે શાકભાજી ભરપુર માત્રા મા ખાવા જોઈએ. કુદરતે ઋતુ અનુસાર શાકભાજી નું સૃષ્ટી માં સર્જન કર્યું છે તમે ઘર ના બગીચા માં નજર કરશો તો મધ માખી,ભમરા વગેરે જેવા કીટક એ ફૂલો કરતા શાક ની વેલો પર ઊગેલ ફૂલો તરફ વધારે આકર્ષાય ને એની આસપાસ ફર્યા કરે છે. જીવ જંતુ પણ એની હેલ્થ ઋતુ અનુસાર શેમાં છે એ એકપણ યુનિવર્સિટી કે આયુર્વેદિક જ્ઞાન વગર સમજે છે. તો સાચું શિક્ષણ અને જ્ઞાન કોને કહેશો?અનુભવ કે ભણતર ને..

માન્યું કે વર્તમાન સમયમાં મોટાભાગ ના બાળકો ની રુચિ લીલોતરી શાક કે ભાજી માં નથી હોતી.આ કારણોસર જ બાળકો બાળપણ થી જ અનેક રોગ સાથે ચશ્મા ના નંબર ધરાવે છે. ભોજન ની થાળીમાં ઋતુ અનુસાર શાક,સલાડ હોવું જરૂરી છે.શરીર માં સતત થકાવટ, નાની વાતમાં ગુસ્સો આવતો હોય અને શરીર માં દુખાવો થતો હોય તો ડોક્ટર ભણી દોડવા ને બદલે ભોજન ની થાળી માં ટિંડોરા ના શાક નું પ્રમાણ અમુક દિવસો વધારી દેજો.કદાચ દવાની કે ડોક્ટર ની જરૂર નહિ પડે.ટિંડોરા માં પોટેશિયમ ની ભરપુર માત્રા હોવાના લીધે હાર્ટ ને લગતી સમસ્યા થી રાહત થાય છે.



ભીંડા,ટિંડોરા

- રુપાલી દવે

રેસીપી :

આચરી ટીંડોરા:

ટીંડોરા ને પાણી થી ધોઈ ને કાપડ થી કોરા કરો.કોરા થઈ ગયા બાદ એક ટીંડોરા ના વચ્ચે થી બે કટકા કરો.તેલ ગરમ થતા જ એમાં રઈ હિંગ નો વઘાર કર્યા બાદ કાપેલા ટીંડોરા ને વઘારમાં ઉમેરી ને મસાલો નાખી મોટા મોઢા ના ચમચ વડે હલાવી ને ઉપર નીચે કરો.બે ત્રણ મિનિટ પાણી ભરેલી થાળી ને ટીંડોરા વાળી કડાઈ પર ઢાંકી ને દસ પંદર મિનિટ ટીંડોરા નું શાક થવા દ્યો. સાવ જ પાણી બચી ગયા બાદ ગેસ બંધ કરી ને નીચે ઉતારી ને કટોરી માં સર્વ કરો.

ભીંડો ના ફાયદાઓ:

વરસાદની સિઝન માં ગૃહિણીઓ ની સૌથી મનપસંદ સબ્જી ભીંડો છે.મોટાભાગે પરિવારના દરેક સભ્યો ને ભીંડો તો ભાવતો જ હોય છે.ભારત ના પ્રત્યેક પ્રાંત માં ભીંડા પ્રખ્યાત છે હા!!એ સાચી વાત કે ભીંડા ની સબ્જી બનાવવાની રીતભાત અલગ અલગ છે.ગુજરાત માં કાકડિયો ભીંડો એટલે ચીકાશ વગરનો સુકો ભીંડો લોકો ને ખૂબ પસંદ છે,ભરવા ભીંડો લગભગ પ્રત્યેક ગુજરાતી ની પસંદ છે.ગુજરાતમાં ભીંડા ના શાકમાં ડુંગળી કે અન્ય બટેટા,ડુંગળી વગેરે સાથે બનાવતા નથી.મોટાભાગે ભીંડા ને લસણ સાથે બનાવવાનો રિવાજ છે.યુ.પી બિહાર વગેરે પૂર્વ રાજયો મા ભીંડા સાથે ડુંગળી અને ભીંડા સાથે બટેટાનો ઉપયોગ બહોળા પ્રમાણ માં થાય છે. દક્ષિણ ભારતમાં તો ભીંડાના શાક ની અલગ જ રેસિપી છે ત્યાં ભીંડા ની સબ્જી દહી સાથે બનાવવા નો રિવાજ છે. ચોમાસા માં ભીંડા અન્ય ચોમાસુ શાક ગલકા,તુરીયા, ગુવાર ફળી,કારેલા,પરવળ, ટિંડોરા, દૂધી વગેરે ની જેમ બઝારમાં સૌથી વધારે આવે છે.આ ચોમાસુ શાકની ખાસિયત એ છે કે એમાં ફાઈબર નું પ્રમાણ સાથે રોગપ્રતિકારક શકિત વધારતા તત્વો વધારે હોય છે.

ભીંડા માં ફાઈબર નું પ્રમાણ વધારે હોવાના લીધે પગ,પીંડી નો દુખાવો, સોજા આવવાની સમસ્યા થી રાહત થાય છે.ચોમાસામાં એકધારા બેઠાડુ જીવન ના લીધે ચયાપચય ની પ્રક્રિયામાં સમસ્યા થતી હોય છે.ભીંડા માં રહેલ ફાઈબર એ ખોરાકનું પાચન ઝડપી બનાવે છે.કેલેસ્ટ્રોલ કે હાઈ બી.પી ની સમસ્યા માં ભીંડો અકસીર ઈલાજ છે.એક ગ્લાસ પાણીમાં એક ભીંડા ના નાના ટુકડા કરીને આખી રાત ગ્લાસ ને ઢાંકી પલાળી ને એ પાણી પીવાથી શરીર ની ઘણી બધી સમસ્યાઓ થી રાહત થાય છે. આમપણ ભીંડા માં ડાયટ્રી ફાઈબર ની માત્રા વધારે હોવાના લીધે શ્યુંગર ને કન્ટ્રોલ માં રાખે છે.ભીંડા નું એન્ટી ડાયાબિટીસ ગુણ એ બીટા સેલ્સ ના વિકાસ નું મુખ્ય કારણ છે.વિટામિન A અને બીટા કેરોટિન જેવા પોષક તત્વો ના લીધે આંખ ની રોશની વધે છે ને ચશ્મા ના નંબર થી લાંબા ગાળે છુટકારો મેળવી શકાય છે.નવ ગુણ ધરાવતા ભીંડા નિયમિત બાળકો ને ખવડાવવા નો આગ્રહ રાખવો જોઈએ.★ભીંડા. અને તું ટીંડોરા ના શાક ને પોષકતત્વો ની ખાણ કહેવામાં છે નિત્ય ભોજન ની થાળી માં લીલોતરી શાક નિયમિત ખાવા જરૂરી.



# ગુજરાતથી નોકરી છોડી, દિલ્હીમાં વોચમેન બન્યો!

## રૂપિયા ડબલ કરવા રસ્તા પર કોથમીર વેચી, ચા-બિસ્કિટ પર દિવસો કાઢી આજે બોલિવૂડ પર નવાઝુદ્દીનનું રાજ

મુંબઈ : ઉત્તર પ્રદેશના બુઢાનામાં જન્મેલા નવાઝુદ્દીન સિદ્દીકી જ્યારે 17 વર્ષના થયા ત્યારે તેના ગામના એક ઘરમાં ટીવી આવ્યું. એક દિવસ નવાઝની નજર પડોશમાં રહેતી એક છોકરી પર પડી. પહેલી નજરમાં જ તેને તે છોકરી સાથે પ્રેમ થઈ ગયો. તે છોકરી રોજ ટીવી જોવા તે ઘરમાં જતી, તો પાછળ-પાછળ નવાઝ પણ ત્યાં જવા લાગ્યો. બંને કલાકો સુધી તે ઘરમાં બેસતા અને ઘણી વખત નજરો ટકરાતી. એક દિવસ નવાઝુદ્દીને હિંમત કરીને છોકરીનો હાથ પકડી લીધો અને કહ્યું- ટીવી ના જો, મને જો. છોકરીએ જવાબ આપ્યો- હું તો ટીવી જ જોઈશ. આના પર નવાઝુદ્દીન સિદ્દીકીએ ગુસ્સામાં કહ્યું- જોજે, એક દિવસ હું પણ ટીવી પર આવીશ. નવાઝને ગુસ્સો કરતા જોઈ, છોકરી તેમનો હાથ ઝટકીને ત્યાંથી ચાલી ગઈ. તેણે પણ એક ક્ષણ માટે ચોક્કસ વિચાર્યું હશે કે એક નાના ગામનો શ્યામળો, સામાન્ય ચહેરાવાળો પાતળો છોકરો હીરો બનશે? કેટલાક વર્ષો પછી નવાઝુદ્દીને પોતાની કહેલી વાત સાચી કરી બતાવી. આ તેની લગન, સંઘર્ષ અને કાબિલિયતથી શક્ય બન્યું, જેને નવાઝુદ્દીને વર્ષો-વર્ષ નિખારી. આ સફરમાં નવાઝુદ્દીન ક્યારેક વોચમેન બન્યો, તો ક્યારેક 100 રૂપિયાનું નુકસાન થવાથી 19 કિલોમીટર પગપાળા ચાલ્યો. ક્યારેક ત્રણ સમય ચા-બિસ્કિટ પર ગુજારો કર્યો, તો ક્યારેક સ્ટુડિયોમાંથી અપમાનિત કરીને કાઢી મૂકવામાં આવ્યો.

### ચીફ કેમિસ્ટની નોકરી છોડી, પછી વોચમેન બનવા માટે માતાના દાગીના ગીરે મૂક્યા










નવાઝુદ્દીન સિદ્દીકીનો જન્મ ઉત્તર પ્રદેશના બુઢાણા (મુઝફ્ફરનગર)માં જમીનદારના ઘરે થયો હતો. પ્રી-મેચ્યોર નવાઝ 8 ભાઈ-બહેનોમાં સૌથી મોટો હતો. ઘરના લોકો ખેતી કરતા હતા, પરંતુ નવાઝુદ્દીનને ભણવામાં રસ હતો.

# ગોવિંદાના બાઉન્સરે પાપારાઝીને ધક્કો માર્યો!

## ઈવેન્ટ બાદ બબાલ, એક્ટરે પોતે મામલો શાંત પાડ્યો; શિલ્પાના શોમાં જોવા મળશે 'હીરો નં-1'



મુંબઈ : તાજેતરમાં એક ઈવેન્ટમાં હાજરી આપવા ગોવિંદા પહોંચ્યો હતો, જ્યાં ભારે ભીડ વચ્ચે તેના બાઉન્સર અને એક પાપારાઝી વચ્ચે દલીલ થઈ ગઈ. બાઉન્સર પર કથિત રીતે ધક્કામુક્કી અને દુર્વ્યવહારનો આરોપ લાગ્યો. મામલો વધતો જોઈને ગોવિંદાએ પોતે વચ્ચે આવીને બંને પક્ષોને શાંત પાડ્યા. વિવાદ ત્યારે શરૂ થયો, જ્યારે ઈવેન્ટ પૂરી થયા પછી ગોવિંદા ત્યાંથી પાછા ફરી રહ્યો હતો અને મોટી સંખ્યામાં ચાહકોએ તેને ઘેરી લીધો હતો. ભીડને નિયંત્રિત કરવા દરમિયાન બાઉન્સરે એક્ટર માટે રસ્તો બનાવવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન કેટલાક લોકોને કથિત રીતે ધક્કો લાગી ગયો, જેમાં પાપારાઝી પણ સામેલ હતા. આ પછી ઘટનાસ્થળે હાજર લોકોએ વિરોધ નોંધાવ્યો અને દલીલ શરૂ થઈ ગઈ. ઈવેન્ટમાં ગોવિંદાને જોવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. ત્યાં હાજર ચાહકોએ તેમના ડાન્સ અને હાજરીનો ભરપૂર આનંદ લીધો.

### શિલ્પાના શોમાં જોવા મળશે ગોવિંદા



ગોવિંદા ટૂંક સમયમાં કુકિંગ રિયાલિટી શો 'મા કે ના'માં જોવા મળશે. આ શો શિલ્પા શેટ્ટી હોસ્ટ કરી રહી છે. તે શોમાં પોતાની દીકરી ટીના આહુજાને સપોર્ટ કરશે. ટીના માતા સુનીતા આહુજા સાથે એક ટીમનો ભાગ તરીકે શોમાં ભાગ લઈ રહી હતી. જોકે, છેલ્લા કેટલાક એપિસોડ્સના શૂટિંગમાં સુનીતાની ગેરહાજરીને કારણે હવે ગોવિંદા તેમની જગ્યાએ શોમાં સામેલ થશે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સૂત્રએ જણાવ્યું કે સુનીતા છેલ્લા કેટલાક એપિસોડ્સના શૂટિંગ માટે ઉપલબ્ધ નહોતી. આવી સ્થિતિમાં, શોની ટીમે ટીનાના જીવનના વધુ એક મહત્વપૂર્ણ વ્યક્તિને શોમાં લાવવાનો નિર્ણય કર્યો અને ગોવિંદાનો સંપર્ક કર્યો. સૂત્ર મુજબ, ગોવિંદાએ શોનો ભાગ બનવા માટે સંમતિ આપી દીધી છે. સોશિયલ મીડિયા પર ગોવિંદાના શોના સેટ પર જોવા મળ્યાના વીડિયો પણ સામે આવ્યો છે.

**વર્ષ 2024માં રિલીઝ થયેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર શાનદાર સફળતા મેળવી હતી અને ભારતીય સુપરહીરો ફિલ્મો માટે નવી શરૂઆત માનવામાં આવી હતી**

# તેજા સજ્જાની 'હનુ-મેન' હવે 3Dમાં

## 25 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થશે; રિષભ શેટ્ટીની એન્ટ્રી જોવા ફેન્સ ઉત્સુક



મુંબઈ : તેલુગુ સુપરહીરો ફિલ્મ 'હનુ-મેન' એકવાર ફરી મોટા પડદા પર વાપસી કરવા જઈ રહી છે. આ વખતે ફિલ્મને 3D ફોર્મેટમાં રિલીઝ કરવામાં આવશે, જેનાથી દર્શકોને પહેલા કરતાં વધુ ભવ્ય અને રોમાંચક સિનેમાઈ અનુભવ મળવાનો છે. નિર્માતાઓએ સત્તાવાર ઘોષણા કરતા જણાવ્યું કે 'હનુ-મેન 3D' 25 જૂન 2026 ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. મેકર્સે નવા પોસ્ટર સાથે સોશિયલ મીડિયા પર જાણકારી શેર કરતા કહ્યું કે- આ ફિલ્મ પહેલા દર્શકોના દિલ પર રાજ કરી ચૂકી છે અને હવે નવા અંદાજમાં પાછી ફરી રહી છે. વર્ષ 2024માં રિલીઝ થયેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર શાનદાર સફળતા મેળવી હતી અને ભારતીય સુપરહીરો ફિલ્મો માટે નવી શરૂઆત માનવામાં આવી હતી. ફિલ્મની સ્ટોરી કાલ્પનિક ગામ અંજનાદ્રી પર આધારિત છે, જ્યાં હનુમંથુ નામનો એક સાધારણ યુવક ભગવાન હનુમાનની દિવ્ય શક્તિઓ પ્રાપ્ત કર્યા પછી લોકોની રક્ષા કરે છે. આમાં તેજા ઉપરાંત અમૃતા ઐયર, વરલક્ષ્મી સરથકુમાર, સમુદ્રકણી અને વિનય રાયે પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી હતી.

### ફિલ્મના આગામી પાર્ટ 'જય હનુમાન'માં રિષભ શેટ્ટી પણ જોવા મળશે

ડિરેક્ટર પ્રશાંત વર્માની આ ફિલ્મ તેમના સિનેમેટિક યુનિવર્સની પ્રથમ કડી માનવામાં આવે છે. ફિલ્મની સફળતા પછી હવે તેના આગામી ભાગ 'જય હનુમાન' ને લઈને પણ દર્શકોમાં ઘણો ઉત્સાહ છે. અહેવાલો અનુસાર, આગામી ફિલ્મમાં રિષભ શેટ્ટી પણ જોવા મળી શકે છે. જેનો પહેલો લુક પણ મેકર્સે ગયા વર્ષે જ રિવિલ કરી દીધો હતો. આવા સમયે હવે 'હનુ-મેન 3D' ના ફરીથી રિલીઝને લઈને ચાહકોમાં જબરદસ્ત ઉત્સુકતા જોવા મળી રહી છે અને માનવામાં આવી રહ્યું છે કે ફિલ્મ ફરી એકવાર બોક્સ ઓફિસ પર મોટો રેકોર્ડ બનાવી શકે છે.

# રણબીરની રામાયણમાં 10 હજારથી વધુ ક્રૂ મેમ્બર્સ

મુંબઈ : રણબીર કપૂર અને સાઈ પલ્લવી સહિતના કલાકારોની ફિલ્મ 'રામાયણ' માટે આશરે ૧૦ હજારથી વધારે ક્રૂ મેમ્બર્સ કામ કરી રહ્યા છે. બોલિવુડમાં કોઈ ફિલ્મ માટે ક્રુ મેમ્બર્સની સંખ્યાનો આ એક વિક્રમ હોવાનું કહેવાય છે.

ફિલ્મની પ્રોડક્શન, એક્શન, કોરિયોગ્રાફી, ફોટોગ્રાફી, વિઝ્યુઅલ ઈફેક્ટસ સહિતની અનેક કામગીરી માટે ૧૦ હજારથી વધુ લોકો જુદાં જુદાં સ્તરે કામ કરી રહ્યા છે. ફિલ્મ માટે જંગી સેટ્સ ઊભા કરાયા છે. આ ઉપરાંત કેટલીક કામગીરી માટે આંતરરાષ્ટ્રીય ટેકનિશિયન્સને બોલાવાયા છે .

**પ્રોડક્શન , વિઝ્યુઅલ ઈફેક્ટસ, કોરિયોગ્રાફી સહિતની કામગીરી માટે મોટો કાફલો**

ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે. તેનો પહેલો ભાગ આગામી દિવાળી વખતે રીલિઝ કરાશે. જ્યારે બીજો ભાગ ૨૦૨૭માં રીલિઝ કરાવાનો છે.


# આલિયા ભટ્ટને કાન્સ માટે ટ્રોલ કરાતાં માતા સોની વિફરી



મુંબઈ : આ વખતે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં વેસ્ટર્ન મીડિયા દ્વારા આલિયા ભટ્ટની ઉપેક્ષા કરવામાં આવી હતી અને કોઈ ફોટોગ્રાફરનું તેના પર ધ્યાન ન હતું એવી એક ક્લિપ વાયરલ થયા બાદ આલિયાની માતા સોની રાઝદાન ભારે ઉકળી ઉઠી છે. બીજી તરફ એક્ટ્રેસ અમીષા પટેલે પણ આલિયાને સપોર્ટ કર્યો છે. સોશિયલ મીડિયા પર આલિયાને મળેલા પ્રતિભાવ વિશેની એક પોસ્ટ પર કોમેન્ટ કરતાં સોની રાઝદાને કહ્યું હતું કે સોશિયલ મીડિયા પર પ્રેમ અને મનોરંજન સાથે નફરતનું પણ એટલું જ ચલણ છે. આ બાબત આપણા સમાજનું પ્રતિબિંબ દર્શાવે છે. આવનારાં વર્ષોમાં આ બાબતે આપણે બહુ ગંભીર સમાજશાસ્ત્રીય ચર્ચાઓ કરવી પડશે. અમીષા પટેલે આલિયાને ટ્રોલ કરનારાઓને ઝાટકી નાખતાં કહ્યું હતું કે આપણે ભારતીયો જ એકબીજાને નીચે પાડી દેવામાં રચ્યાપચ્યા રહીએ છીએ આ આપણી માનસિકતાનું પ્રદર્શન છે.

# અંજુમ શર્માએ કહ્યું- 'કેપ્ટન'નો 'મુન્ના' જમીની અને રો પાત્ર છે!

## 'મારે કંઈક અલગ કરવું હતું એટલે 'મિર્ઝાપુર'ના શરદ શુક્લા પછી આ પાત્ર પસંદ કર્યું'



મુંબઈ : એક્ટર અંજુમ શર્મા આ દિવસોમાં તેની વેબ સિરીઝ 'કેપ્ટન'ને લઈને ચર્ચામાં છે. આ થ્રિલરમાં અંજુમે 'મુન્ના'નું પાત્ર ભજવ્યું છે. અંજુમ શર્માએ 'કેપ્ટન'ના મુન્ના, 'મિર્ઝાપુર'ના શરદ શુક્લા, OTTના બદલાતા સમય, માસ સિનેમા અને એક્ટિંગની પોતાની સફર વિશે વાત કરી.

'કેપ્ટન' એક ઈન્ટેન્સ કોપ-ક્રાઈમ ડ્રામા છે, જેને જતિન વાગલેએ ડિરેક્ટ કર્યો છે. આ સિરીઝ એમેઝોન MX પ્લેયર પર સ્ટ્રીમ થઈ રહી છે.

પ્રશ્ન: 'મિર્ઝાપુર'ના શરદ શુક્લા અને 'કેપ્ટન'ના મુન્ના, બંને પાત્રો બિલકુલ અલગ છે. મુન્નાને લઈને શું વિચાર હતો? જવાબ: સૌથી પહેલા તો નામ સાંભળતા જ લોકો 'મિર્ઝાપુર'ના મુન્ના સુધી પહોંચી જાય છે. મને પણ લાગ્યું હતું કે યાર, ફરીથી મુન્ના? પરંતુ પછી લાગ્યું કે ઠીક છે, જોઈએ કે તેને 'મિર્ઝાપુર' ના મુન્નાના પાત્રથી અલગ કેવી રીતે બનાવવું. સૌથી મોટો ફરક તેની બેલ્ટ અને બોલીમાં હતો. 'મિર્ઝાપુર' પૂર્વાંચલમાં સેટ હતી અને 'કેપ્ટન' વેસ્ટર્ન યુપીમાં સેટ છે.

'કેપ્ટન'નો મુન્ના ખૂબ જ જમીન સાથે જોડાયેલો માણસ છે. તે હસતાં-હસતાં કંઈ પણ કરી દે છે. કોઈ મોટી ઘટનાને અંજામ આપતા પહેલા તે બહુ વિચારતો નથી. તેનામાં એક મસ્તી છે, એક સહજતા છે. સાચું કહું તો હું પોતે થોડો આશ્ચર્યચકિત હતો. લાખોમાં વ્યૂઝ આવી રહ્યા છે. લોકોએ ખૂબ પ્રેમ આપ્યો. કેટલાક લોકોએ તો એમ પણ કહ્યું કે તેમને 'મિર્ઝાપુર' કરતાં 'કપ્તાન'માં મારું કામ વધુ ગમ્યું. આ સાંભળીને સારું પણ લાગ્યું અને થોડો આઘાત પણ લાગ્યો.



**પ્રશ્ન: આ પાત્ર માટે સૌથી મોટી તૈયારી શું હતી?** જવાબ: સૌથી મોટી તૈયારી આ રોલની બોલીની હતી. હરિયાણા અને વેસ્ટર્ન યુપીની બોલીમાં બહુ ઓછો ફરક હોય છે, પરંતુ તે જ ફરકને બરાબર પકડવો જરૂરી હતો. શોમાં બાકીના લોકો બહારથી આવેલા છે, પરંતુ મારું પાત્ર ત્યાંનું જ છે. એટલે તેનું સંપૂર્ણપણે તે જ માટીનું લાગવું ખૂબ જરૂરી હતું.

**પ્રશ્ન: શું 'મિર્ઝાપુર' પછી કંઈક સાવ અલગ કરવાની ઈચ્છા હતી?** જવાબ: ચોક્કસ. શરદ શુક્લા ખૂબ જ સારો પાત્ર હતો, લોકોએ ખૂબ પ્રેમ આપ્યો, પણ તે થોડો સંયમિત હતો, વિચારીને ચાલનારો માણસ હતો. તે પછી મન હતું કે કંઈક એવું કરવામાં આવે જ્યાં હું સંપૂર્ણપણે ખુલી શકું. મુન્નાએ મને તે તક આપી. મેં મારા બધા હથિયારો કાઢી નાખ્યા અને કહ્યું કે ચાલો, આ વખતે કંઈક અલગ કરીએ.

**પ્રશ્ન: તમે મુન્નાને ખૂબ જ 'માનવીય' બનાવ્યો છે. તેમાં એક આત્મીયતા અનુભવાય છે.** જવાબ: મારા માટે કોઈપણ પાત્રનું માણસ હોવું ખૂબ જ જરૂરી છે. તમે તે માણસ સાથે જોડાઈ શકો, તે જરૂરી છે. હોઈ શકે કે વાર્તા પૂરી થયા પછી તે તમને ગમે કે ન ગમે, પણ તમને લાગે કે હા, આ સાચો માણસ છે. જેમ કે એક દ્રશ્યમાં તે ખેતર ખાલી કરાવવા જાય છે અને ખૂબ આરામથી કહે છે, 'ભાઈ કરી દો, નહીં કરો તો પછી મારે કંઈક કરવું પડશે.' ત્યાં તમને લાગે છે કે યાર, આની પણ પોતાની મજબૂરી છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## યુઝવેન્દ્ર ચહલ વિવાદ પર આરજે મહવશે મૌન તોડ્યું અફવાઓ પર આપ્યો જડબાતોડ જવાબ



(એજન્સી) મુંબઈ । તા. 19

ભારતીય ક્રિકેટ જગતના સ્ટાર સ્પિનર અને સોશિયલ મીડિયા સેલિબ્રિટીઝના અંગત જીવનને લઈને અવારનવાર અનેક અફવાઓ બજારમાં ઉડતી રહે છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ઈન્ટરનેટ પ્લેટફોર્મ પર ચાલી રહેલા એક કથિત હાઈ-પ્રોફાઈલ વિવાદે ભારે ચર્ચા જગાવી હતી. જાણીતી રેડિયો જોકી અને ક્રિકેટર વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી હોવાના અહેવાલો સતત વાયરલ થઈ રહ્યા હતા. આ તમામ અટકળો અને સોશિયલ મીડિયા પર એકબીજાને દૂર કરવાના મુદ્દે આખરે સંબંધિત સેલિબ્રિટીએ સત્તાવાર નિવેદન આપીને સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે.

આરજે મહવશે આ વિષય પર ખુલીને વાત કરતા જણાવ્યું છે કે, લોકો નાની બાબતોને બહુ મોટો મુદ્દો બનાવી દે છે. મિત્રો વચ્ચે સામાન્ય મતભેદ થવા કે ઝઘડા થવા એ ખૂબ જ સામાન્ય પ્રક્રિયા છે. આ કંઈ એટલી મોટી આંતરરાષ્ટ્રીય ઘટના નથી કે જેના પર આટલો હોબાળો મચાવવામાં આવે. સામાન્ય લોકોની જેમ મિત્રો ક્યારેક સોશિયલ મીડિયા પર એકબીજાને અનફોલો પણ કરી દે છે. જે મિત્ર સાથે જીવનની અનેક મૂર્ખામીભરી પળો પર હસ્યા હોઈએ, તેના માટે મનમાં કોઈ કડવાશ રાખવી જોઈએ નહીં.

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, વર્ષ ૨૦૨૫માં પ્રખ્યાત કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા સાથે ક્રિકેટરના સત્તાવાર છૂટાછેડા થયા બાદ આ બંને કલાકારો સતત મીડિયાના કેમેરામાં સાથે જોવા મળતા હતા. ત્યારથી જ સોશિયલ મીડિયા પર બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાની અફવાઓ ઉડવા લાગી હતી. જો કે, બંને પક્ષે હંમેશા એવો જ દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ માત્ર સારા મિત્રો છે. આ વર્ષની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં પાપારાઝી હેન્ડલ દ્વારા બંનેએ ડિજિટલ પ્લેટફોર્મ પર ઓનલાઈન સંબંધો તોડી નાખ્યા હોવાની ખબર શેર કરાતા વિવાદ વધુ વકર્યો હતો.

દિગ્ગજ ક્રિકેટર નિવૃત્તિ ક્રિકેટ જગતમાં મોટો ભૂકંપ, ચેન્નઈ સુપર કિંગ્સ પ્રશંસકો નિરાશ

# મહેન્દ્ર સિંહ ધોની IPL છોડશે



(એજન્સી) ચેન્નઈ । તા. 19

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સૌથી સફળ સુકાની તરીકે જાણીતા પૂર્વ કેપ્ટન કૂલના ભવિષ્યને લઈને રમત જગતમાં એક બહુ મોટી ચર્ચા જાગી છે. ક્રિકેટના ચાહકો માટે રવિવારની સાંજ અત્યંત આઘાતજનક સમાચાર લઈને આવી છે, કારણ કે એક દિગ્ગજ ક્રિકેટર નિવૃત્તિ તરફ આગળ વધી રહ્યા હોવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની વર્તમાન સીઝનમાં પીઠ અને ઘૂંટણની ગંભીર ઈજાના કારણે એક પણ મેચ રમી ન શકનારા આ મહાન ખેલાડી હવે કદાચ ક્યારેય ક્રિકેટના મેદાન પર બેટ પકડીને ઉતરશે નહીં તેવી ભીતિ સેવાઈ રહી છે. સત્તાવાર જાહેરાત ભલે હજી સુધી સામે નથી આવી, પરંતુ તેમના પરમ મિત્રના નિવેદને કરોડો રમતપ્રેમીઓને ચોંકાવી દીધા છે.

પૂર્વ સુકાનીએ અગાઉ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેઓ જ્યારે પણ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટમાંથી વિદાય લેશે, ત્યારે ચેન્નઈના ઐતિહાસિક ચેપોક સ્ટેડિયમ ખાતે પ્રશંસકોની સામે પોતાની આખરી મેચ રમીને જ સંન્યાસ જાહેર કરશે. સોમવારે આ જ મેદાન પર ચેન્નઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે આ સીઝનની અંતિમ હોમ મેચ રમાઈ હતી. સ્ટેડિયમમાં હાજર હજારો પ્રશંસકો માત્ર પોતાના લાડીલા ખેલાડીને પ્લેઈંગ ઈલેવનમાં જોવા માટે આતુર હતા, પરંતુ ગંભીર શારીરિક તકલીફોના કારણે તેઓ મેદાન પર ઉતરી શક્યા નહોતા, જેના લીધે પ્રશંસકોની આંખો ભીની થઈ ગઈ હતી.

ટીમના પૂર્વ સાથી ખેલાડી અને સુકાનીના સૌથી નજીકના મિત્ર સુરેશ રૈનાએ એક સ્પોર્ટ્સ ચેનલ પર વાતચીત દરમિયાન આ આખા રહસ્ય પરથી પડદો ઉઠાવ્યો છે. રૈનાએ માહી ભાઈ સાથે થયેલી ખાનગી વાતચીતનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, "મેં તેમને વિનંતી કરી હતી કે આ સીઝન તો તમે એકપણ મેચ રમ્યા વગર જ ગુમાવી દીધી છે, તેથી પ્રશંસકોની ખાતર તમારે આગામી સીઝનમાં ૨૦૨૭માં ફરીથી મેદાન પર આવવું જ પડશે.

### અમદાવાદની છેલ્લી મેચ અને પ્લેઓફની રેસ

વર્તમાન પોઈન્ટ ટેબલની પરિસ્થિતિ જોતા ચેન્નઈની ટીમ પ્લેઓફની રેસમાંથી લગભગ બહાર થઈ ચૂકી છે. હવે આગામી ૨૧મી મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ સામે આ સીઝનની છેલ્લી લીગ મેચ રમાવાની છે. પરંતુ અંદરના વર્તુળો દ્વારા મળતી વિગતો મુજબ, ખેલાડીની શારીરિક સ્થિતિ સહેજ પણ સારી ન હોવાથી તેઓ અમદાવાદની મેચમાં પણ રમે તેવી શક્યતા નહિવત્ છે.

## ભારત પાકિસ્તાન હોકી મુકાબલો મેદાન પર ખરાખરીનો જંગ જામશે બંને ટીમો આમને સામને



(એજન્સી) લાહોર । તા. 19

આંતરરાષ્ટ્રીય રમતગમતના ઈતિહાસમાં જ્યારે પણ બે પરંપરાગત હરીફ દેશો મેદાન પર આમને-સામને ઉતરે છે, ત્યારે રોમાંચ તેના ચરમસીમાએ પહોંચી જાય છે. હોકીના મેદાન પર ફરી એકવાર આવો જ એક હાઈવોલ્ટેજ જંગ જોવા મળવાનો છે. પાકિસ્તાન પુરૂષ હોકી ટીમના કેપ્ટન અમ્માદ શકીલ બટ્ટે આગામી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ્સમાં કટ્ટર હરીફ ટીમ સામે ટકરાવા માટે પોતાની ટીમ સંપૂર્ણપણે તૈયાર હોવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે, જેનાથી રમતજગતમાં અત્યારથી જ ઉત્સાહનો માહોલ ગરમ થઈ ગયો છે.

પાકિસ્તાની કેપ્ટને સ્વીકાર્યું છે કે ભારતીય ટીમ હાલમાં અત્યંત મજબૂત સ્થિતિમાં છે અને તેમની સામે રમવું હંમેશા ખૂબ જ પડકારજનક હોય છે. પાછલા કેટલાક સમયથી પાકિસ્તાન ટીમ ભારત સામે અપેક્ષા મુજબનું શ્રેષ્ઠ પરિણામ મેળવવામાં નિષ્ફળ રહી છે. આથી જ આ વખતે ટીમ ટ્રેનિંગ કેમ્પમાં દિવસ-રાત આકરી મહેનત કરી રહી છે. કેપ્ટનના મતે, જો તેઓ આ આગામી મહત્વપૂર્ણ મેચોમાં વિજય મેળવવામાં સફળ રહેશે, તો તેનાથી ટીમનો આત્મવિશ્વાસ અસાધારણ રીતે વધી જશે.

બંને ટીમો વચ્ચે આગામી જૂન મહિનામાં ઈંગ્લેન્ડની ધરતી પર રમાનારી પ્રતિષ્ઠિત પ્રો લીગના ચોથા તબક્કામાં ૨૩ અને ૨૮ જૂને બે હાઈવોલ્ટેજ મેચો રમાશે. ત્યારબાદ, બેલ્જિયમ અને નેધરલેન્ડ્સના સંયુક્ત યજમાનપદે આયોજિત થનારા મેગા વર્લ્ડ કપમાં ૧૯ ઓગસ્ટના રોજ આ બંને ટીમો ફરી એકવાર આમને-સામને ટકરાશે. આ આખી ટૂર્નામેન્ટ ૧૫ થી ૩૦ ઓગસ્ટ દરમિયાન રમાશે, જેમાં ચાર વખતની ચેમ્પિયન પાકિસ્તાન ટીમે આઠ વર્ષના લાંબા વિરામ બાદ ક્વોલિફાય કર્યું છે.

### જૂની ભૂલો સુધારીને મેદાન મારવાની રણનીતિ

ટૂર્નામેન્ટના માળખાની વાત કરીએ તો, સોળ ટીમોને ચાર અલગ-અલગ પૂલમાં વહેંચવામાં આવી છે, જેમાં ભારત અને પાકિસ્તાનને ઈંગ્લેન્ડ અને વેલ્સની સાથે પૂલ 'D' માં રાખવામાં આવ્યા છે. પાક કેપ્ટને જણાવ્યું કે, અગાઉની પ્રો લીગ મેચોમાં જે ખામીઓ રહી ગઈ હતી તેને સુધારવા માટે કોચિંગ સ્ટાફ અત્યારે ટીમની એટેકિંગ લાઈન, શોર્ટ કોર્નર્સ અને એકંદર ફિટનેસ પર વિશેષ ધ્યાન આપી રહ્યો છે. મંજૂર-ઉલ-હસન સિનિયરના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓ પોતાના પ્રદર્શનને વધુ ધારદાર બનાવવા માટે યુદ્ધના ધોરણે સજ્જ થઈ રહ્યા છે.

## MI વિવાદ વચ્ચે રવિચંદ્રન અશ્વિન હાર્દિકના બચાવમાં મેદાને આવ્યો

### અશ્વિન ભડક્યો આખી ટીમ નિષ્ફળ રહી છે



(એજન્સી) મુંબઈ । તા. 19

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં પૂર્વ ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સ માટે મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. વર્તમાન સીઝનમાં ટીમના કથળતા પ્રદર્શન અને ખેલાડીઓ વચ્ચેના તાલમેલના અભાવને કારણે ક્રિકેટ જગતમાં ભારે હોબાળો મચી ગયો છે. રોહિત શર્મા જેવા દિગ્ગજ ખેલાડી બાદ ટીમની કમાન સંભાળનાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અત્યારે ચાહકો અને સમીક્ષકોના નિશાના પર છે. સતત મળી રહેલી હારના કારણે ફ્રેન્ચાઈઝીમાં નેતૃત્વ બદલવાની અફવાઓ પણ જોર પકડી રહી છે.

ટીમમાં ચાલી રહેલા આ આંતરિક ઘમસાણ અને કેપ્ટન બદલવાની ચર્ચાઓ વચ્ચે હાર્દિકને તેના ભૂતપૂર્વ સાથી ખેલાડી રવિચંદ્રન અશ્વિનનું મજબૂત સમર્થન મળ્યું છે. અશ્વિને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ખરાબ સીઝન માટે માત્ર કેપ્ટનને જ બલિનો બકરો બનાવવો તદ્દન અન્યાયપૂર્ણ છે. ગુજરાત ટાઈટન્સને પોતાની આગેવાનીમાં સતત બે વાર ફાઈનલમાં લઈ જનાર અને ડેબ્યૂ વર્ષે જ ચેમ્પિયન બનાવનાર હાર્દિક એક શ્રેષ્ઠ લીડર છે અને તેના પર આ પ્રકારે આખો દોષ મઢી દેવો વ્યાજબી નથી.

રોહિત શર્મા જેવા પાંચ આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય ટ્રોફી જીતનાર વ્હાઈટ-બોલ કેપ્ટનનું સ્થાન લેવું એ કોઈપણ ખેલાડી માટે ભારે દબાણ સમાન હોય છે. અશ્વિને ઉમેર્યું કે, જ્યારે હાર્દિક ટીમમાં પરત ફર્યો ત્યારે તેને ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. ભારતમાં ચાહકો ખૂબ જ લાગણીશીલ હોય છે અને આજકાલ સોશિયલ મીડિયાના યુગમાં નકારાત્મકતા વચ્ચે ટકી રહેવા માટે ખેલાડીનું મનોબળ અત્યંત મજબૂત હોવું જરૂરી છે. સમીક્ષા કરતાં અશ્વિને વધુમાં જણાવ્યું કે, હાર્દિકે મેદાન પર કેટલાક ચર્ચાસ્પદ નિર્ણયો લીધા હોઈ શકે, પરંતુ મુંબઈની બોલિંગ લાઈનઅપ આ વખતે સૌથી મોટી નિરાશા સાબિત થઈ છે. જસપ્રીત બુમરાહ અને ટ્રેન્ટ બોલ્ટ જેવા વિશ્વકક્ષાના બોલરો પણ રન રોકવામાં કે સતત વિકેટો લેવામાં નિષ્ફળ રહ્યા છે. જ્યારે બોલિંગ દરેક દિશામાં રન આપી રહી હોય, ત્યારે એકલો કેપ્ટન કંઈ ન કરી શકે.

દક્ષિણ આફ્રિકાનો ઐતિહાસિક સ્કોર તાન્ઝાનિયા પસ્ત

## પ્રજ્ઞાનાંધા ગ્રાન્ડ ચેસ ટૂર સ્પર્ધામાં બીજા સ્થાને ટાઈ થતા રોમાંચ વધ્યો



(એજન્સી) ચેન્નાઈ । તા. 19

આંતરરાષ્ટ્રીય ચેસ મંચ પર ભારતનું નામ સતત રોશન કરી રહેલા યુવા ભારતીય ગ્રાન્ડમાસ્ટરે વધુ એક વખત પોતાની અદભુત બુદ્ધિપ્રતિભા અને અજોડ રમત કૌશલ્યનો પરિચય આપ્યો છે. પ્રતિષ્ઠિત વૈશ્વિક ટૂર્નામેન્ટના પાંચમા રાઉન્ડમાં રમાયેલી એક અત્યંત મહત્વપૂર્ણ અને રસાકસીભરી મેચમાં ભારતીય ખેલાડીએ અમેરિકાના મજબૂત હરીફ સામે શાનદાર પ્રદર્શન કરીને અજેય રહેવાનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. આ પરિણામ સાથે જ ટૂર્નામેન્ટના પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાનો માટેની સ્પર્ધા વધુ રોમાંચક બની ગઈ છે.

સોમવારે રમાયેલા પાંચમા રાઉન્ડની આ મેચમાં ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાંધાએ સફેદ મહોરાં સાથે અમેરિકાના દિગ્ગજ ખેલાડી વેસ્લી સો સામે મજબૂત શરૂઆત કરી હતી. પ્રારંભિક તબક્કામાં બંને ખેલાડીઓએ 'રૂય લોપેઝ' ઓપનિંગ વ્યૂહરચના અપનાવી હતી. સમગ્ર રમત દરમિયાન બંને પ્રતિભાઓએ કમ્પ્યુટર એન્જિન દ્વારા માન્ય રાખવામાં આવેલી અત્યંત સચોટ ચાલ રમી હતી, જેના કારણે રમત શરૂઆતથી અંત સુધી સંપૂર્ણપણે સંતુલિત રહી હતી. આ ઉચ્ચ સ્તરની સચોટતાના કારણે મેચ અનિવાર્યપણે બરાબરી તરફ આગળ વધી હતી. અમેરિકન ખેલાડી વેસ્લી સો દ્વારા બોર્ડ પર સતત ત્રણ વખત એકસરખી ચાલનું પુનરાવર્તન (થ્રી-ફોલ્ડ રિપિટિશન) કરવામાં આવ્યા બાદ સત્તાવાર રીતે આ મેચને ડ્રો જાહેર કરવામાં આવી હતી. આ પરિણામ સાથે જ પ્રજ્ઞાનાંધાએ ચાલુ વર્ષની આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં પોતાની અજેય સફર અકબંધ રાખી છે.

બર્લિન રેસ વોકિંગ ચેમ્પિયનશિપમાં જીત

## પ્રિયંકા ગોસ્વામી ગોલ્ડ મેડલ જીતીને વૈશ્વિક મંચ પર ભારતનું નામ રોશન કર્યું




(એજન્સી) ચેન્નાઈ । તા. 19

ભારતીય રમતજગત માટે આંતરરાષ્ટ્રીય સ્તરેથી વધુ એક અત્યંત ગર્વ લેવા જેવા અને શાનદાર સમાચાર સામે આવ્યા છે. દેશની અગ્રણી અને પ્રતિભાવંત એથ્લેટે વૈશ્વિક મંચ પર પોતાની અદભુત રમતનું પ્રદર્શન કરીને આગામી મોટી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે સત્તાવાર રીતે લાયકાત મેળવી લીધી છે. વર્ષ ૨૦૨૨ના કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીતી ચૂકેલી આ સ્ટાર ખેલાડીએ વિદેશની ધરતી પર આયોજિત પ્રતિષ્ઠિત રેસમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને આગામી ટૂર્નામેન્ટ માટે પોતાનો દાવો મજબૂત રીતે રજૂ કરી દીધો છે.

ભારતીય ખેલાડીએ મહિલાઓની ૧૦,૦૦૦ મીટર રેસ વોકિંગ સ્પર્ધામાં માત્ર ૪૩ મિનિટ અને ૪૯ સેકન્ડનો શાનદાર સમય નોંધીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ સમય ભારતીય એથ્લેટિક્સ ફેડરેશન દ્વારા નિર્ધારિત કરવામાં આવેલા ૪૪ મિનિટ અને ૪૪.૫૮ સેકન્ડના ક્વોલિફિકેશન માર્ક કરતાં ઘણો વધારે ઝડપી છે. આ ઐતિહાસિક વિજય બાદ ભારતીય એથ્લેટને એક વિશેષ સમારોહમાં સન્માનિત કરવામાં આવી હતી. વર્ષ ૧૯૭૨ના બર્લિન ઓલિમ્પિક્સમાં ૨૦ કિલોમીટર રેસ વોકિંગ ઈવેન્ટના સુવર્ણ ચંદ્રક વિજેતા પીટર ફ્રેન્કેલના વરદ હસ્તે ભારતીય ખેલાડીને આ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો, જે કોઈપણ એથ્લેટ માટે બહુ મોટું ગૌરવ સમાન છે.

આઈપીએલ પ્લેઓફની રેસ રોમાંચક તબક્કે પહોંચી

## રાજસ્થાન રોયલ્સ મેચમાં પ્લેઓફમાં પહોંચવા માટે એડીચોટીનું જોર લગાવશે



(એજન્સી) જયપુર । તા. 19

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં પ્લેઓફની રેસ હવે અત્યંત રોમાંચક અને કટોકટીપૂર્ણ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. સીઝનની શરૂઆતમાં સતત ચાર જીત સાથે ધમાકેદાર પ્રદર્શન કરનારી પિંક આર્મી અત્યારે સતત ત્રણ હારના કારણે ભારે દબાણ હેઠળ છે. ટૂર્નામેન્ટમાં પોતાની આશા જીવંત રાખવા માટે હવે ટીમે બાકી બચેલી બંને મેચો કોઈપણ ભોગે જીતવી અન્યાયી રીતે જરૂરી બની ગઈ છે. મંગળવારે હોમ ગ્રાઉન્ડ પર રમાનારો આ આગામી મુકાબલો ટીમનું ભવિષ્ય નક્કી કરશે.

સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રિયાન પરાગની આગેવાની હેઠળની ટીમ આ સીઝનમાં પોતાના ઘર આંગણે એક પણ મેચ જીતી શકી નથી અને અગાઉની ત્રણેય સ્થાનિક મેચોમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ આંકડો ગુવાહાટીના સ્ટેડિયમ કરતાં તદ્દન ઉલટો છે, જ્યાં ટીમે પોતાની તમામ મેચો જીતી હતી. પાછલા મુકાબલામાં દિલ્હી કેપિટલ્સ સામે માત્ર ૧૯૧ રન પર સમેટાઈ જઈને પાંચ વિકેટે હાર મેળવ્યા બાદ, ટીમે પોતાની બેટિંગ લાઈનઅપની નબળાઈઓ તાત્કાલિક સુધારવી પડશે.

### યુવા-વિદેશી ખેલાડીઓ પર મોટી આશા

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ આ સીઝનમાં જસપ્રિત બુમરાહ અને જોશ હેઝલવુડ જેવા દિગ્ગજ આંતરરાષ્ટ્રીય બોલરો સામે આક્રમક બેટિંગ કરીને બધાનું ધ્યાન ખેંચ્યું છે. ટીમ મેનેજમેન્ટને આશા છે કે આગામી મેચમાં પણ તે ટીમને ધમાકેદાર શરૂઆત અપાવશે.

વિશ્વકપ // પ્રશિક્ષણ કેમ્પ ઉત્સાહજનક પરિણામો સાથે સક્ષમ

## મહિલા ક્રિકેટ મહાકુંભ વિશ્વકપ જીતવા ભારતીય સજ્જ



(એજન્સી) મુંબઈ । તા. 19

આગામી મહિનાથી શરૂ થઈ રહેલા ટી-૨૦ ક્રિકેટના સૌથી મોટા જંગ માટે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે કમર કસી લીધી છે. આ પ્રતિષ્ઠિત મહિલા ક્રિકેટ મહાકુંભ આગામી ૧૨મી જૂનથી ઈંગ્લેન્ડ અને વેલ્સની ધરતી પર રમાનાર છે, જેમાં વિશ્વની ૧૨ મજબૂત ટીમો ભાગ લઈ રહી છે. ભારતીય ટીમ પોતાની પ્રથમ હાઈ-વોલ્ટેજ મેચ ૧૪મી જૂને પરંપરાગત હરીફ પાકિસ્તાન સામે રમીને પોતાના અભિયાનની શરૂઆત કરશે. તાજેતરમાં જ વન-ડે ફોર્મેટમાં વિશ્વવિજેતા બનેલી ભારતીય ટીમ આ વખતે ટ્વેન્ટી-૨૦ ફોર્મેટમાં પણ વિશ્વકપ જીતીને ઈતિહાસ રચવા માટે સજ્જ દેખાઈ રહી છે, જેને લઈને રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર, મુંબઈ ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં ટીમના વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ આગાઉની વ્યુહરચના અંગે વધુ વિગતો જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે, વિશ્વકપ જેવી મોટી ટૂર્નામેન્ટની તૈયારીઓ ગુપ્ત રાખવી અનિવાર્ય છે. જો કે, તેમણે આશ્વાસન આપતા જણાવ્યું કે તમામ મહિલા ખેલાડીઓ અત્યારે શાનદાર શારીરિક અને માનસિક સ્થિતિમાં છે. ખેલાડીઓએ મેદાન પર સખત પરિશ્રમ કર્યો છે અને નેટ પ્રેક્ટિસ દરમિયાન દરેક વિભાગ પર બારીકાઈથી કામ કરવામાં આવ્યું છે. ટીમની એકતા અને ખેલાડીઓનું ફોર્મ જોતા આ વખતે ટ્રોફી ભારત લાવવાની આશા ઘણી પ્રબળ બની છે.

સૂત્રો દ્વારા મળતી અદ્યતન માહિતી પ્રમાણે, વિશ્વકપ માટે પસંદ કરાયેલી ૧૫ સભ્યોની મજબૂત ભારતીય ટીમનો વિશેષ પ્રશિક્ષણ કેમ્પ બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે યોજાયો હતો. આ પ્રશિક્ષણ કેમ્પ ઉત્સાહજનક રીતે પૂર્ણ થયા બાદ, ભારતીય ટીમ ૨૨મી મેના રોજ ઈંગ્લેન્ડ જવા માટે રવાના થશે. મુખ્ય ટૂર્નામેન્ટની શરૂઆત થાય તે પહેલાં, ભારતીય ટીમ યજમાન ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચોની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી રમશે. આ શ્રેણીથી ભારતીય ખેલાડીઓને ત્યાંની સ્થાનિક પીચ અને હવામાન સાથે અનુકૂળ થવામાં બહુ મોટી મદદ મળશે, જે વિશ્વકપના મુકાબલામાં ફાયદાકારક સાબિત થશે.

આ કાર્યક્રમ દરમિયાન સ્મૃતિ મંધાનાએ શાળાના બાળકો સાથે પણ ખૂબ જ રસપ્રદ સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આજના યુગમાં યુવા પેઢી માટે રમતગમત ક્ષેત્રે કારકિર્દી બનાવવાની ઘણી મોટી અને આકર્ષક તકો રહેલી છે. બાળકો દ્વારા પૂછવામાં આવેલા પરિપક્વ પ્રશ્નોથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મંધાનાએ યુવા વિદ્યાર્થીઓને ખાસ સંદેશ આપતા કહ્યું કે, "બાળકો માટે એ જાણવું ખૂબ જ જરૂરી છે કે ક્રિકેટ હવે માત્ર એક રમત નથી.

ભારતીય ટેનિસ માટે ઐતિહાસિક ક્ષણ સર્જાઈ

## કારમન કૌર થાન્ડી ફ્રેન્ચ ઓપન સિંગલ્સ ક્વોલિફાઈંગ ડ્રોમાં સ્થાન મેળવી ઈતિહાસ રચ્યો



(એજન્સી) ચેન્નાઈ । તા. 19

આંતરરાષ્ટ્રીય ટેનિસ જગતમાંથી ભારત માટે એક અત્યંત શાનદાર અને ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે. દેશની અગ્રણી મહિલા ટેનિસ ખેલાડીએ વર્ષના બીજા ગ્રાન્ડ સ્લેમની સિંગલ્સ કેટેગરીમાં સત્તાવાર રીતે સ્થાન મેળવીને લાંબા સમયથી ચાલી રહેલા ભારતીય પ્રતિનિધિત્વના દુષ્કાળનો અંત લાવી દીધો છે. સોમવારે જારી કરાયેલી સત્તાવાર યાદી અનુસાર, ભારતીય સ્ટારે પોતાની અદભુત રેન્કિંગના આધારે આ પ્રતિષ્ઠિત ક્લે-કોર્ટ ટૂર્નામેન્ટની પ્રારંભિક લાઈનઅપમાં પોતાની જગ્યા સુરક્ષિત કરી લીધી છે.

ભારતીય ટેનિસ સ્ટાર કારમન કૌર થાન્ડીએ પોતાની ૨૩૮મી પ્રોટેક્ટેડ રેન્કિંગ (PR) ના બળે સત્તાવાર એન્ટ્રી લિસ્ટમાં ૧૧૯મું સ્થાન પ્રાપ્ત કરીને આ ભવ્ય સફળતા મેળવી છે. મંગળવારે રમાનારા ક્વોલિફાઈંગ રાઉન્ડના પ્રથમ મુકાબલામાં તેનો સામનો ફ્રાન્સની મજબૂત ખેલાડી હાર્મની ટાન સામે થવાનો છે. આ મહત્ત્વપૂર્ણ મેચ માટે બંને ખેલાડીઓને અનસીડેડ રાખવામાં આવ્યા છે, જેના કારણે બંને વચ્ચે જબરદસ્ત કાંટાની ટક્કર જોવા મળશે તેવી પૂરી સંભાવના છે.

આ મોટી સિદ્ધિ બાદ ભાવુક બનેલી કારમને જણાવ્યું હતું કે, રોલેન્ડ ગેરોસ મારા માટે એ વાતની સાબિતી છે કે મુશ્કેલીઓ કે ઈજાઓ તમારું ભવિષ્ય નક્કી નથી કરતી, પરંતુ મેદાન પર પાછા ફરવાની તમારી હિંમત બધું નક્કી કરે છે. રમતગમતના આ સૌથી મોટા વૈશ્વિક મંચ પર ભારતનું પ્રતિનિધિત્વ કરવું એ કોઈપણ ખેલાડી માટે એક સપના સમાન હોય છે. વાપસીનો આ રસ્તો બિલકુલ સરળ નહોતો, પરંતુ આવી મુશ્કેલ સફર જ તમને એક મજબૂત સ્પર્ધક બનાવે છે. બીજી તરફ, બેંગલુરુના એસ.એમ. કૃષ્ણા મેમોરિયલ ઓપન એટીપી ચેલેન્જર ટેનિસ ટૂર્નામેન્ટના મુખ્ય ડ્રોના પ્રથમ દિવસે મુશળધાર વરસાદે વિલન ભૂમિકા ભજવી હતી.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 20-05-2026

### અમેરિકન અદાલતી કેસ સેટલમેન્ટ સફળ, અદાણી જૂથ કાનૂની રાહત મળતા ઉત્સાહ

# આંતરરાષ્ટ્રીય કાનૂની વિવાદ અમેરિકાએ કેસ બંધ કર્યાં

(એજન્સી) વોશિંગ્ટન । તા. 19

વૈશ્વિક વ્યાપારિક જગત અને શેરબજારને વ્યાપક અસર કરે તેવા એક બહુ મોટા સમાચાર અમેરિકાથી સામે આવી રહ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલા એક અતિ ચર્ચિત આંતરરાષ્ટ્રીય કાનૂની વિવાદનો આખરે સુખદ અંત આવ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સના ન્યાય વિભાગ દ્વારા ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે ચાલી રહેલા તમામ પડકારજનક કેસો સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવ્યા છે. વ્હાઈટ હાઉસના વહીવટી તંત્ર અને અદાણી જૂથના વકીલો વચ્ચે થયેલી પરસ્પર સમજૂતી અને નાણાકીય પતાવટના આધારે આ ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. આ ઘટનાક્રમ બાદ વૈશ્વિક બજારમાં અદાણી જૂથની શાખમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે અને રોકાણકારોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થયો છે.

સૂત્રો દ્વારા મળતી અદ્યતન માહિતી અનુસાર, આ સમગ્ર કાનૂની વિવાદની શરૂઆત અમેરિકાના ટ્રેઝરી વિભાગના એક આક્ષેપ સાથે થઈ હતી. ટ્રેઝરી વિભાગે એવો દાવો કર્યો હતો કે અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ દ્વારા દુબઈના એક મધ્યસ્થી વેપારી મારફતે પ્રવાહી પેટ્રોલિયમ ગેસ એટલે કે એલપીજીનો એક મોટો જથ્થો ખરીદવામાં આવ્યો હતો. અમેરિકી તપાસ એજન્સીઓનું એવું માનવું હતું કે ઓમાન કે ઈરાકના નામે મોકલવામાં આવેલો આ ગેસ વાસ્તવમાં પ્રતિબંધિત દેશ ઈરાનમાંથી લાવવામાં આવ્યો હતો. અમેરિકાની આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ નીતિઓનું આ ખરીદી દ્વારા ઉલ્લંઘન થયું હોવાનો પ્રાથમિક તારણ કાઢીને આ અદાલતી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, જેનો હવે કાયમી નિકાલ કરાયો છે.



આ આંતરરાષ્ટ્રીય મુકદ્દમાના સંપૂર્ણ નિકાલ માટે અદાણી જૂથ અમેરિકી સરકારને આશરે ૨૭.૫ કરોડ ડોલરની માતબર રકમ ચૂકવવા માટે સંમત થયું છે. આ અગાઉ ગત સપ્તાહે જ અમેરિકાના સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન સાથે પણ સિવિલ મામલાઓમાં એક મહત્વપૂર્ણ સેટલમેન્ટ થઈ ચૂક્યું હતું. અદાલતી દસ્તાવેજો દર્શાવે છે કે આ નાણાકીય પતાવટ અંતર્ગત ગૌતમ અદાણી વૈશ્વિક સ્તરે ૬ મિલિયન ડોલર અને સાગર અદાણી ૧૨ મિલિયન ડોલરની રકમ ચૂકવશે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે આ નાણાકીય ચૂકવણી કરવા છતાં અદાણી જૂથે પોતાના પર લાગેલા કોઈપણ આક્ષેપોની કબૂલાત કરી નથી અને તેઓ શરૂઆતથી જ તમામ નકારાત્મક દાવાઓને નકારી ચૂક્યા છે.

### અબજો ડોલરના રોકાણની નવી યોજનાઓ

આ અદાલતી સમાધાન એવા સમયે આવ્યું છે જ્યારે અદાણી જૂથ દ્વારા અમેરિકન બજારમાં આશરે ૧૦ અબજો ડોલરના ભવ્ય અને વ્યાપક રોકાણની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ મહાકાય રોકાણ યોજના અંતર્ગત ગ્રીન એનર્જી, પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે હજારો નવી રોજગારીની તકો ઊભી થવાની સંભાવના છે. રાજદ્વારી અને આર્થિક વિશ્લેષકોનું માનવું છે કે આ વિવાદના ઉકેલથી ભારત અને અમેરિકા વચ્ચેના વ્યાપારિક સંબંધો વધુ મજબૂત બનશે. બંને દેશો વચ્ચેના વ્યાપારિક હિતોને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રે કાનૂની વિવાદોને પાછળ છોડીને આર્થિક સહયોગ વધારવા પર ભાર મૂક્યો છે.

### જાપાન સિક્સજી પ્રોટોટાઈપ ડિવાઈસ સફળ

## જાપાને સુપરફાસ્ટ ટેક્નોલોજી આવિષ્કાર અદ્ભુત ઝડપ મેળવી




(એજન્સી) ટોક્યો । તા. 19

વૈશ્વિક સ્તરે ટેકનોલોજી અને સંશોધન ક્ષેત્રે અગ્રેસર ગણાતા જાપાને ડિજિટલ કમ્યુનિકેશનની દુનિયામાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. જાપાનના વૈજ્ઞાનિકો દ્વારા તાજેતરમાં હાથ ધરવામાં આવેલા પ્રયોગોમાં ઈન્ટરનેટ ડેટા ટ્રાન્સમિશનની દુનિયાને સંપૂર્ણપણે બદલી નાખનારો એક અભૂતપૂર્વ સુપરફાસ્ટ ટેક્નોલોજી આવિષ્કાર કરવામાં આવ્યો છે. સંશોધકોએ જે નવું સાધન વિકસાવ્યું છે, તેના પરીક્ષણ દરમિયાન અત્યાર સુધીની સૌથી ઝડપી ડેટા ટ્રાન્સફર ક્ષમતા નોંધાઈ છે. આ નવું ડિવાઈસ હાલના અદ્યતન નેટવર્ક કરતાં અંદાજે ૨૦ ગણી વધુ કાર્યક્ષમતા ધરાવે છે, જેનાથી ભવિષ્યમાં ડેટા ડાઉનલોડિંગ અને લાઈવ સ્ટ્રીમિંગની આખી પ્રક્રિયા પલટાઈ જશે અને સેકન્ડના હજારમા ભાગમાં મોટી ફાઈલો ટ્રાન્સફર કરી શકાશે.

સૂત્રો દ્વારા મળતી અદ્યતન માહિતી પ્રમાણે, અગાઉના સમયમાં ચીપ આધારિત સિસ્ટમમાં સામાન્ય ધ્રુજારી અથવા વાઈબ્રેશનના કારણે લેઝરનું જોડાણ ખોરવાઈ જવાની મોટી સમસ્યા રહેતી હતી. આ ખામીને દૂર કરવા માટે સંશોધકોએ ખાસ ઓપ્ટિકલ ફાઈબરને સીધા જ સિલિકોન નાઈટ્રેટ માઈક્રોરેઝોનરેટર ચીપ સાથે કાયમી ધોરણે જોડી દીધા છે. આ વિશિષ્ટ માળખાને કારણે આખું સેટઅપ ખૂબ જ નાની જગ્યામાં સમાઈ ગયું છે. સાથોસાથ આ ઉપકરણમાં અત્યંત આધુનિક ટેમ્પ્રેચર કન્ટ્રોલર સિસ્ટમ લગાવવામાં આવી હોવાથી બહારના વાતાવરણમાં થતા તાપમાનના ફેરફારોની તેની કાર્યક્ષમતા પર કોઈ નકારાત્મક અસર પડતી નથી.

આ સંશોધન દરમિયાન વૈજ્ઞાનિકોને શરૂઆતમાં વિવિધ ફ્રિક્વન્સી બેન્ડ પર કામ કરતી વખતે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને જ્યારે ૩૫૦ ગીગાહર્ટ્ઝ બેન્ડ પર પ્રયોગ કરવામાં આવ્યો, ત્યારે ડિજિટલ નોઈઝનું પ્રમાણ એટલું વધી ગયું કે ડેટા ટ્રાન્સફર કરવો અશક્ય બની ગયો હતો. આ સમસ્યાના ઉકેલ માટે તોકુશિમા યુનિવર્સિટીના કુશળ સંશોધકોએ પરંપરાગત ઈલેક્ટ્રોનિક નેટવર્કને સંપૂર્ણપણે હટાવી દીધું અને નવીન લેઝર ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અંતે જ્યારે ૫૬૦ ગીગાહર્ટ્ઝ બેન્ડનો ઉપયોગ કરવામાં આવ્યો, ત્યારે કોઈ પણ જાતની અડચણ વગર વૈશ્વિક સ્તરે અગાઉ ક્યારેય ન જોઈ હોય તેવી ૧૧૨ જીબીપીએસની ઐતિહાસિક સ્પીડ મેળવવામાં મોટી સફળતા મળી હતી.

આ નવો આવિષ્કાર આગામી સમયમાં વિશ્વભરના અર્થતંત્ર, તબીબી સેવાઓ, સ્વાયત્ત વાહનો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે ખૂબ જ મોટો વળાંક લાવશે.

#### પરંપરાગત સર્કિટના સ્થાને લેઝર ટેક્નોલોજીનો પ્રયોગ

મીડિયા અહેવાલ અનુસાર, જાપાની વૈજ્ઞાનિકોએ આ ક્રાંતિકારી પરિણામ મેળવવા માટે પ્રચલિત ઈલેક્ટ્રિક સર્કિટનો મોહ છોડીને સંપૂર્ણપણે પ્રકાશ એટલે કે લેઝર કણો પર આધારિત નવીન પ્રણાલીનો ઉપયોગ કર્યો છે. આ પ્રયોગમાં ઓપ્ટિકલ માઈક્રોકોમ્બ નામના અતિ સૂક્ષ્મ સાધનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે એક હાઈટેક ડિજિટલ લેઝર રૂલરની જેમ ચોક્કસાઈપૂર્વક કામ કરે છે. આ ટેકનિકના કારણે પેદા થતા પ્રકાશના કિરણો એકદમ સ્થિર રહે છે, જેના લીધે અવાજ કે અન્ય કોઈ ડિજિટલ અવરોધ પેદા થતો નથી. આ સ્થિરતાને કારણે ટેરાહર્ટ્ઝ સિગ્નલ કોઈ પણ જાતની ખામી વગર લાંબા અંતર સુધી ડેટાને મોકલવા અને સ્વીકારવામાં સો ટકા સક્ષમ સાબિત થયા છે.

## ન્યૂઝ બ્રીફ

### પાકિસ્તાન ચીન સબમરીન સોદો ગુપ્ત યોજનાનો વૈશ્વિક મંચ પર પર્દાફાશ



ઈસ્લામાબાદ | પાકિસ્તાનનું સમગ્ર સંરક્ષણ તંત્ર હંમેશા ઉધારી અને ટેક્નોલોજીની ચોરી પર નિર્ભર રહ્યું છે, તે વાત ફરી એકવાર વૈશ્વિક મંચ પર સાબિત થઈ છે. અમેરિકાની એક સ્વતંત્ર ન્યૂઝ વેબસાઈટ દ્વારા પાકિસ્તાનના અત્યંત ગુપ્ત સૈન્ય દસ્તાવેજોના આધારે એક ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો છે. આ અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૨૪માં પાકિસ્તાની આર્મી ચીફ જનરલ આસિમ મુનીર ચીન પાસેથી પરમાણુ સબમરીન મેળવવાના બદલામાં દેશનું વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ એવું ગ્વાદર બંદર ચીની સેનાને કાયમી સૈન્ય અડ્ડો બનાવવા માટે સોંપવાની ગુપ્ત યોજના બનાવી રહ્યા હતા. વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં પાકિસ્તાને બેજિંગને ખાનગીમાં ખાતરી આપી હતી કે તે ગ્વાદર બંદરને ચીની નૌસેના માટે કાયમી બેઝ તરીકે વિકસાવવા દેશે. તેના બદલામાં પાકિસ્તાને ચીન પાસે એવી પરમાણુ સબમરીનની માગ કરી હતી જે પરમાણુ હુમલો કરવા સક્ષમ હોય. પાકિસ્તાન આ સેકન્ડ સ્ટ્રાઈક ક્ષમતા મેળવીને 'ન્યુક્લિયર ટ્રાયડ' એટલે કે જળ, નભ અને થળ પરથી પરમાણુ હુમલો કરવાની શક્તિ પૂર્ણ કરવા માંગતું હતું. જોકે, ચીને આ માગને અયોગ્ય ગણાવીને આ સોદો અધવચ્ચે જ અટકાવી દીધો હતો. obecnie વિશ્વના માત્ર છ દેશો પાસે જ આવી દરિયાઈ પરમાણુ શક્તિ છે, જેમાં ભારત પણ સામેલ છે.

### ઈરાનમાં પ્રાચીન વિષ્ણુ મંદિર ભારે ચર્ચામાં આવ્યું અદભુત વાસ્તુકલા



નવી દિલ્હી | ભારત અને ઈરાન વચ્ચે સદીઓ જૂના વ્યાપારિક અને સાંસ્કૃતિક સંબંધો રહ્યા છે, જેની ગવાહી આપતી કેટલીક ઐતિહાસિક વિરાસતો આજે પણ ઈરાનની ધરતી પર અડીખમ ઊભી છે. તાજેતરમાં જ ઈરાનના બંદર અબ્બાસ સ્થિત એક અદભુત ઐતિહાસિક હિન્દુ મંદિર અચાનક વૈશ્વિક સ્તરે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. બોલીવૂડના મહાનાયક દ્વારા આ પવિત્ર સ્થળનો એક મનમોહક વીડિયો ઈન્ટરનેટ પર વહેતો કરવામાં આવતા જ આ સનાતન ધરોહર ફરી એકવાર વિદેશમાં વસતા ભારતીયો માટે ભારે ગૌરવનો વિષય બની ગઈ છે. અમિતાભ બચ્ચને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ ભવ્ય મંદિરનો એક વીડિયો શેર કર્યો છે, જેને માત્ર ચોવીસ કલાકની અંદર જ સાત લાખથી વધુ લોકોએ નિહાળ્યો છે. તેમણે કેપ્શનમાં લખ્યું છે કે, વર્ષ ૧૮૯૨માં ભારતીય વ્યાપારીઓ માટે આ પ્રાચીન હિન્દુ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ઈરાનના હોર્મુઝ પ્રાંતના મુખ્ય શહેર બંદર અબ્બાસમાં આવેલું આ મંદિર બંને દેશોના ભવ્ય ભૂતકાળ અને અતૂટ ધાર્મિક સમન્વયની યાદ અપાવે છે.

### પેસિફિક ક્ષેત્રે સૈન્ય પ્રભાવ વધારવા મથામણ

# વૈશ્વિક રાજદ્વારી તણાવ ચીન પ્રવાસ બાદ ટ્રમ્પનો મોટો ધડાકો, US તાઈવાન સંબંધો મજબૂત બનશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

એશિયા-પેસિફિક ક્ષેત્રની ભૌગોલિક પરિસ્થિતિ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ખૂબ જ મોટો વળાંક લાવી શકે તેવો એક નવો વૈશ્વિક રાજદ્વારી તણાવ ઊભો થયો છે. ચીનના સત્તાવાર પ્રવાસેથી પરત ફર્યાના તુરંત બાદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાઈવાનના સર્વોચ્ચ નેતા સાથે સીધી મુલાકાત કરવાના સ્પષ્ટ સંકેતો આપ્યા છે. ટ્રમ્પના આ આક્રમક વલણને કારણે બેજિંગમાં સત્તાધીશો ભારે અકળામણ અનુભવી રહ્યા છે. ચીન પ્રવાસ દરમિયાન હથિયારોની સપ્લાય અંગે ચાલી રહેલી અસમંજસની સ્થિતિ વચ્ચે અમેરિકી પ્રમુખે મીડિયા સમક્ષ વિધાન કર્યું છે કે તેઓ તાઈવાનનું નેતૃત્વ કરી રહેલી મુખ્ય વ્યક્તિ સાથે આ ગંભીર મુદ્દે રૂબરૂ મંત્રણા કરવા માંગે છે, જેનાથી ભવિષ્યની વૈશ્વિક વ્યુહરચના બદલાઈ શકે છે.

મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકી પ્રમુખના આ હકારાત્મક સંકેતોનો તાઈવાને ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી છે. તાઈવાનના ઉપવિદેશમંત્રી યેન ડ્રમીંગ ચીએ સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે વ્હાઈટ હાઉસના વડા જો ખરેખર તેમના સમકક્ષ પ્રમુખ લાઈ યિંગ તે સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરવા ઈચ્છતા હોય, તો તાઈવાન આ ઐતિહાસિક મુલાકાતને સહર્ષ સ્વીકારશે અને તેનું ભવ્ય સ્વાગત કરશે. વિદેશ મંત્રાલયે ઉમેર્યું હતું કે અમેરિકા સાથેના સૈન્ય અને આર્થિક સંબંધોને મજબૂત કરવા માટે આ એક ઉત્તમ તક સાબિત થઈ શકે છે, જે આ પ્રદેશની સુરક્ષા માટે ખૂબ જ અનિવાર્ય છે.



સૂત્રો દ્વારા મળતી અદ્યતન માહિતી પ્રમાણે, આંતરરાષ્ટ્રીય રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે દક્ષિણ ચીન સાગરમાં ચીનની સતત વધી રહેલી નૌકા શક્તિ પડોશી દેશો માટે ચિંતાનો વિષય બની છે. ભૌગોલિક દ્રષ્ટિએ ઉત્તરમાં જાપાન અને દક્ષિણમાં ફિલિપાઈન્સ વચ્ચે આશરે ૬૦૦ માઈલનું અંતર છે. આ વિશાળ દરિયાઈ વિસ્તારમાં ચીનના સૈન્ય વિતરણને રોકવા માટે તાઈવાન એક કુદરતી અને મજબૂત સુરક્ષા ઢાલ સમાન છે. જો સુપર પાવર અમેરિકા આ ક્ષેત્રમાં પોતાનો દબદબો જાળવી રાખવા માંગતું હોય, તો તેને કોઈપણ સંજોગોમાં તાઈવાનને એકલું મૂકવું પોસાય તેમ નથી, કારણ કે તેનાથી આખા પ્રદેશનું સંતુલન બગડી શકે છે.

### મિત્ર દેશોનો વિશ્વાસ અને શસ્ત્ર કરારની અનિવાર્યતા

વૈશ્વિક રાજકારણના આ ગણિતમાં જો અમેરિકા અત્યારે ચીનના દબાણમાં આવીને તાઈવાનને સહાય કરવાનું બંધ કરી દે, તો એશિયા ખંડમાં રહેલા તેના અન્ય શક્તિશાળી સાથી દેશો જેવા કે જાપાન, દક્ષિણ કોરિયા અને ફિલિપાઈન્સનો પણ અમેરિકા પરથી વિશ્વાસ ઉઠી જશે. આ આંતરરાષ્ટ્રીય શાખ બચાવવા માટે પણ વ્હાઈટ હાઉસે તાઈવાનને અદ્યતન સંરક્ષણ પ્રણાલી અને શસ્ત્રો પુરા પાડવા જ પડશે. ચીનની સરહદ નજીક આવેલા કૂચાઉ મથક ખાતે ચાલી રહેલી વિદેશી સૈન્ય ગતિવિધિઓ પર નજર રાખવા માટે પણ આ બંને લોકશાહી દેશોનું પરસ્પર જોડાણ અત્યંત મહત્વનું બની ગયું છે.

### ભવિષ્યની સ્થિતિ, વૈશ્વિક અર્થતંત્ર પર અસર

આ નવીનતમ વળાંક બાદ આગામી દિવસોમાં વોશિંગ્ટન અને બેજિંગ વચ્ચે આર્થિક અને વ્યાપારિક મોરચે પણ ખેંચતાણ વધવાની પૂરેપૂરી સંભાવના છે. તાઈવાન વિશ્વભરમાં સેમિકન્ડક્ટર અને અદ્યતન ચીપ મેન્યુફેક્ચરિંગનું સૌથી મોટું કેન્દ્ર હોવાથી, ત્યાં સર્જાનારી કોઈપણ નાની લશ્કરી અસ્થિરતા વૈશ્વિક આઈટી અને ઓટોમોબાઈલ ઉદ્યોગને પણ પ્રભાવિત કરી શકે છે. અમેરિકા અને તાઈવાન વચ્ચે યોજાનારી સંભવિત ઉચ્ચ સ્તરીય બેઠક પર હવે સમગ્ર વિશ્વની નજર ટકેલી છે, જે ભવિષ્યના નવા શીત યુદ્ધના મડાણ તરફ ઈશારો કરી રહી છે.

## અમેરિકા ઈરાન ઓઈલ કરાર અસ્થાયી મંજૂરી મળતાં વૈશ્વિક બજારોમાં ભારે રાહત

(એજન્સી) તેહરાન । તા. 19

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા પ્રચંડ સૈન્ય તણાવ વચ્ચે વૈશ્વિક ઊર્જા બજાર અને આંતરરાષ્ટ્રીય રાજનીતિ માટે એક બહુ મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયના આકરા સંગ્રામ બાદ અમેરિકા આખરે ઈરાનની એક અત્યંત મહત્ત્વપૂર્ણ આર્થિક માંગ પૂરી કરવા માટે સહમત થઈ ગયું છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી રાજદ્વારી વાટાઘાટોના નવા ડ્રાફ્ટ અનુસાર, વોશિંગ્ટન ઈરાન પર લાદવામાં આવેલા ક્રૂડ ઓઈલના નિકાસ પરના પ્રતિબંધોને અસ્થાયી રૂપે હટાવવા માટે રાજી થયું છે, જેના કારણે યુદ્ધની અણી પર ઉભેલા મધ્ય પૂર્વમાં શાંતિની નવી આશા જન્મી છે.

મીડિયા અહેવાલ અનુસાર, આ પ્રસ્તાવ અગાઉની પરંપરાગત સૈન્ય વાટાઘાટો કરતાં તદ્દન અલગ છે, કારણ કે આમાં કોઈ અંતિમ વૈશ્વિક કરાર થાય તે પહેલાં જ એટલે કે માત્ર પ્રારંભિક ચર્ચાના ગાળામાં જ ઈરાનને આર્થિક રાહત આપવાની રજૂઆત સ્વીકારવામાં આવી છે. જો કે, તેહરાન હજુ પણ પોતાની જૂની માંગ પર અડગ છે કે લાંબાગાળાના સ્થાયી શાંતિ કરાર માટે અમેરિકાએ તમામ આર્થિક પ્રતિબંધો કાયમી ધોરણે નાબૂદ કરવા પડશે. બીજી તરફ, અમેરિકી વહીવટી તંત્રે હાલમાં માત્ર એક વચગાળાની ફોર્મ્યુલા આપી છે, જે અંતિમ વ્યાપક ન્યુક્લિયર ડીલ ન થાય ત્યાં સુધી ઈરાનને વૈશ્વિક બજારમાં તેલ વેચવાની મંજૂરી આપશે.

ઈરાને આ મોટા પ્રાદેશિક સંઘર્ષને કાયમી ધોરણે સમાપ્ત કરવા માટે એક સુધારેલો વિશેષ પ્રસ્તાવ શેર કર્યો હતો, જેને પાકિસ્તાને મધ્યસ્થીની ભૂમિકા ભજવીને અમેરિકા સુધી પહોંચાડ્યો હતો. તાજેતરમાં જ ઈસ્લામાબાદમાં બંને દેશો વચ્ચે આ અંગે ગુપ્ત બેઠકો યોજાઈ હતી.

## પાકિસ્તાને ચીની ફાઈટર જેટ્સ અને 8000 સૈનિકો સઉદી અરબ મોકલ્યા વાવાઝોડું મચશે, સઉદી અરબસ્તાન હવે પાક.ની પરમાણુ છત્રી નીચે આવ્યું

### ઈરાન સામે સઉદી અરબસ્તાનને રક્ષણાત્મક ઢાલ આપવા મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

વૈશ્વિક રાજનીતિ અને સૈન્ય મોરચે એક બહુ મોટા સમાચાર સામે આવી રહ્યા છે, જેમાં આર્થિક કટોકટીથી ઘેરાયેલા પાકિસ્તાને પોતાના પરમ મિત્ર સઉદી અરબસ્તાનની સુરક્ષા માટે એક મોટો સૈન્ય સહયોગ આપ્યો છે. બંને દેશો વચ્ચે થયેલા ગુપ્ત સંરક્ષણ કરારો અંતર્ગત પાકિસ્તાને પોતાના હજારો સૈનિકો અને અત્યાધુનિક યુદ્ધવિમાનો સઉદી અરબ રવાના કરી દીધા છે. આ પગલાથી મધ્ય-પૂર્વના દેશોમાં સૈન્ય સંતુલન બદલાય તેવી પૂરી સંભાવનાઓ દેખાઈ રહી છે.



મીડિયા અહેવાલ અનુસાર, પાકિસ્તાને સઉદી અરબસ્તાનમાં ૮૦૦૦ સૈનિકો, ફાઈટર જેટ્સ તથા એર ડિફેન્સ સિસ્ટમ્સ મોકલી આપી છે. આ કરાર અંતર્ગત જો બેમાંથી કોઈ એક પણ દેશ પર આક્રમણ થાય, તો બીજા દેશે તેની સહાયે જવું અનિવાર્ય રહેશે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ દાવો કર્યો છે કે, આ ઐતિહાસિક સંરક્ષણ સમજૂતી બાદ હવે સઉદી અરબસ્તાન સીધું જ પાકિસ્તાનની ન્યુક્લિયર અમ્બ્રેલા એટલે કે પરમાણુ શસ્ત્ર રક્ષણ છત્રીની નીચે આવી ગયું છે, જે ઈરાન સામે એક મજબૂત રક્ષણાત્મક ઢાલ સાબિત થશે.

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, આ સૈન્ય સહાયમાં પાકિસ્તાને ચીન સાથે મળીને પોતાના દેશમાં જ બનાવેલા ઘાતક જે.એફ.-૧૭ ફાઈટર જેટ્સની ૧૬ સ્ક્વોડ્રન્સ સઉદી મોકલી છે. આ સાથે જ આધુનિક ડ્રોન વિમાનોની બે વિશેષ સ્ક્વોડ્રન્સ પણ ત્યાં તૈનાત કરી દેવામાં આવી છે. ઈરાન અને અમેરિકા વચ્ચે એક તરફ પાકિસ્તાન મુખ્ય મધ્યસ્થી તરીકે ભૂમિકા ભજવી રહ્યું છે, ત્યારે બીજી તરફ સઉદીને આ પ્રકારે ભારે શસ્ત્ર સહાય મોકલવી તે મુત્સદ્દીગીરીનો એક નવો વળાંક દર્શાવે છે.

વૈશ્વિક નિષ્ણાતોના મતે, પાકિસ્તાન હાલના સમયમાં અત્યંત કારમી આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે. આવા કપરા સમયમાં સઉદી અરબસ્તાને જ પાકિસ્તાનને અબજો ડોલરની આર્થિક સહાય આપીને ડૂબતું બચાવ્યું હતું. સઉદીના આ જ મોટા ઉપકારના બદલામાં અને ઈસ્લામિક દેશોમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે, પાકિસ્તાને પોતાની સેના અને વાયુસેનાના અત્યંત આધુનિક હથિયારો સઉદી અરબની સુરક્ષા કાજે તૈનાત કરી દીધા છે.

**ધરા ધ્રુજી.....** વ્હાઈટ કોલર નોકરીઓ જોખમમાં મૂકાઈ, આઈટી ક્ષેત્રે કર્મચારીઓની છટણી શરૂ

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આફત આગામી 18 મહિનામાં લાખો

(એજન્સી) કેલિફોર્નિયા । તા. 19

વૈશ્વિક સ્તરે ટેકનોલોજીના ક્ષેત્રમાં થઈ રહેલા અભૂતપૂર્વ અને અત્યંત ઝડપી ફેરફારોને કારણે રોજગાર જગતમાં એક બહુ મોટી કટોકટી સર્જાવાની આશંકા સેવાઈ રહી છે. વિશ્વની અગ્રણી તકનીકી કંપની માઈક્રોસોફ્ટના એઆઈ વિભાગના પ્રમુખ મુસ્તફા સુલેમાને એક વૈશ્વિક મંચ પરથી અત્યંત ચોંકાવનારી જાહેરાત કરી છે. તેમના જણાવ્યા અનુસાર, આગામી ૧૨થી ૧૮ મહિનાના ટૂંકા ગાળામાં જ કમ્પ્યુટર અને ઓફિસ આધારિત કામકાજ કરતા લાખો કર્મચારીઓની આજીવિકા પર સીધી અસર પડશે. આ નવી ટેકનોલોજી હવે માત્ર એક સામાન્ય ડિજિટલ મદદગાર તરીકે મર્યાદિત નથી રહી, પરંતુ તે માનવીય ક્ષમતા બરાબર કામ કરવા માટે સક્ષમ બની રહી છે, જે ભવિષ્યના બજાર માટે અત્યંત ચિંતાજનક બાબત છે.



કાયદાકીય ક્ષેત્ર, એકાઉન્ટિંગ, માર્કેટિંગ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ જેવા મહત્વપૂર્ણ આઈટી અને કોર્પોરેટ વિભાગો આ નવીન ટેકનોલોજીના કારણે સૌથી વધુ પ્રભાવિત થવાના છે. અત્યાર સુધી જે કામો માટે ઉચ્ચ લાયકાત ધરાવતા વ્યાવસાયિકોની જરૂર પડતી હતી, તે તમામ કાર્યો હવે સ્વયંસંચાલિત પ્રણાલી દ્વારા ખૂબ જ ઓછા સમયમાં અને સચોટતાથી પૂરા કરવામાં આવી રહ્યા છે. નિષ્ણાતોનું માનવું છે કે ઓફિસમાં સ્ક્રીન સામે બેસીને કરવામાં આવતી મોટાભાગની કામગીરી આગામી દોઢ વર્ષમાં સંપૂર્ણપણે ઓટોમેટ થઈ જશે.

### તકનીકી વિકાસ અને મોડેલ નિર્માણની સરળતા

સૂત્રો દ્વારા મળતી અદ્યતન માહિતી પ્રમાણે, ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી એટલી હદે લોકભોગ્ય અને સરળ બની જશે કે કોઈપણ સામાન્ય વ્યક્તિ પોતાની રોજિંદી કે વ્યાવસાયિક જરૂરિયાતોને અનુરૂપ પર્સનલાઈઝ્ડ મોડેલ તૈયાર કરી શકશે. આ પ્રક્રિયા ભવિષ્યમાં એક સામાન્ય ડિજિટલ બ્લોગ લખવા જેટલી જ સરળ અને સુલભ બની જવાની છે. આ ઉચ્ચ સ્તરીય માનવીય કાર્યક્ષમતાના કારણે કંપનીઓ હવે માનવ સંસાધનો પર નિર્ભર રહેવાને બદલે અદ્યતન સિસ્ટમ અપનાવવાનું વધુ પસંદ કરી રહી છે, જે ખર્ચમાં મોટો ઘટાડો કરે છે અને ઉત્પાદકતામાં અનેકગણો વધારો કરે છે.

# વીઝા અરજીમાં સહીનો નિયમ કડક, ભારતીયોની મુશ્કેલીઓમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

અમેરિકામાં સ્થાયી થવા અથવા ત્યાં નોકરી કરવા ઈચ્છતા ભારતીય નાગરિકો માટે વધુ એક આકરા સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકાએ પહેલેથી જ એચ વન બી વીઝા અંગે જાતભાતના નિયમો બનાવ્યા છે અને ભારતીયોનો ધસારો રોકવા ગતકડાં કર્યા છે, ત્યાં વધુ એક કડક આદેશ જારી કરવામાં આવ્યો છે. તાજેતરમાં ત્યાંના ગૃહ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે વીઝા અથવા ગ્રીન કાર્ડ મેળવવા માટે કરવામાં આવતી સત્તાવાર અરજીમાં જો સહી કરવામાં નાનકડી ભૂલ પણ જણાશે, તો અરજી સીધી જ ફગાવી દેવામાં આવશે.

દસ્તાવેજોની ચકાસણી દરમિયાન અધિકારીને જો અરજદારની સહી અયોગ્ય, અધૂરી કે શંકાસ્પદ લાગશે તો તે અરજી તુરંત જ નકારી દેવાશે. આટલું જ નહીં, આવી ભૂલ બદલ ઉમેદવારને તાત્કાલિક ફરીથી અરજી કરવાની તક પણ આપવામાં આવશે નહીં. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે હવેથી કોઈ પણ પ્રકારની ડિજિટલ સિગ્નેચર પણ ચલાવી લેવામાં આવશે નહીં. દર વર્ષે હજારો ભારતીયો આ વીઝા મેળવતા કે રીન્યૂ કરાવતા હોય છે, તેમના માટે આ એક બહુ મોટો ઝાટકો માનવામાં આવી રહ્યો છે.

સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા આ નવા કાયદાને ફેડરલ રજિસ્ટરમાં સત્તાવાર રીતે જારી કરી દેવાયો છે. આ નવા વટહુકમ હેઠળ ઈમિગ્રેશન સર્વિસિઝના વેરિફિકેશન અધિકારીઓની સત્તામાં અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. જો અધિકારીને સહી વિશે જરા પણ આશંકા જશે, તો તેઓ કોઈપણ ખુલાસો પૂછ્યા વગર ફોર્મ રદ કરી શકશે.

## 'મોંઘવારી મેન'ના નામે કોંગ્રેસનો કેન્દ્ર પર પ્રહાર

# 'વિદેશ પ્રવાસ અને રેલીઓનો ખર્ચ ગરીબો પાસેથી વસૂલાય છે...' પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારા મુદ્દે કોંગ્રેસનો કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ એક વખત ભડકો થતાં સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડ્યો છે. ચાર દિવસમાં બીજી વખત સરકારે ઈંધણના ભાવમાં વધારો ઝીંકતા વિપક્ષે કેન્દ્ર સરકાર વિરુદ્ધ મોરચો ખોલ્યો છે. કોંગ્રેસથી લઈને સમાજવાદી પાર્ટી સુધીના તમામ પક્ષોએ પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતોને મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.

ઈંધણના ભાવવધારા અંગે કોંગ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે લખ્યું કે, જનતા પર 'મોંઘવારી મેન'નો હંટર વધુ એકવાર ચાલ્યો છે અને આજે ફરી પેટ્રોલ-ડીઝલ અંદાજે 90 પૈસા મોંઘું કરી દેવાયું છે. છેલ્લા 4 દિવસમાં જ ભાવમાં 4 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેના કારણે હવે દેશમાં પેટ્રોલ 109 રૂપિયા અને ડીઝલ 96 રૂપિયાના સ્તરે પહોંચી ગયું છે. કોંગ્રેસે તંજ કસતા ઉમેર્યું કે આ તો માત્ર શરૂઆત છે, ચૂંટણીઓ પૂરી થઈ ગઈ હોવાથી હવે જનતા પાસેથી વધુ વસૂલાત કરવામાં આવશે.

બીજી તરફ, કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ પણ સરકારની નીતિઓ આડે હાથ લેતા જણાવ્યું હતું કે, પીએમના મોંઘા વિદેશ પ્રવાસોનો ખર્ચ હોય કે ચૂંટણી રેલીઓમાં ભીડ ભેગી કરવાનો ભારેભરખમ ખર્ચ, આ તમામની વસૂલાત આખરે દેશની ગરીબ જનતાના ખિસ્સામાંથી જ કરવામાં આવી રહી છે.સમાજવાદી પાર્ટીના નેતા રાજીવ રાયે પણ આ મુદ્દે ભાજપ સરકાર પર કટાક્ષ કર્યો છે. તેમણે જણાવ્યું કે આજે ફરી પેટ્રોલ-ડીઝલના ભાવમાં અંદાજે એક રૂપિયાનો વધારો કરાયો છે. રાયે સવાલ ઉઠાવ્યો કે, જે ભાજપના નેતાઓ અને મંત્રીઓ થોડા દિવસ પહેલાં એક દિવસનો ડ્રામા કરવા માટે ઓટો-રિક્ષામાં ફરતા



હતા, તેઓ અત્યારે પણ ઓટો-રિક્ષામાં મુસાફરી કરે છે કે નહીં તે જોવું રહ્યું.

વિપક્ષના ચોતરફા હુમલાઓ વચ્ચે ભાજપના નેતાઓએ સરકારનો બચાવ કર્યો છે. નેતા દિલીપ ઘોષે જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર વિશ્વમાં ઓઈલ કટોકટી ચાલી રહી છે. દુનિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલની કિંમતો આસમાન આંબી રહી છે અને તેના લીધે જ ભાવ વધારવા પડ્યા છે. પીએમ મોદીએ ભારતીય જનતાને આ સંકટની સીધી અસરથી બચાવવાના પૂરા પ્રયાસો કર્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આપણી ભારતીય ઓઈલ કંપનીઓ અત્યારે ભારે નુકસાન વેઠી રહી હોવાથી મજબૂરીમાં આ નિર્ણય લેવો પડ્યો છે.ત્યાં જ ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ આ વિવાદ પર એક અનોખો તર્ક આપતા ઝારખંડની સ્થિતિનો હવાલો આપ્યો હતો. તેમણે કહ્યું કે ઈરાન કટોકટી શરૂ થયા પછી ઝારખંડમાં 100 રૂપિયાવાળી દારૂની બોટલ સીધી 200 રૂપિયાની થઈ ગઈ છે, છતાં ત્યાં કોઈ આંદોલન નથી થઈ રહ્યું; તો પછી પેટ્રોલ-ડીઝલના ભાવમાં માત્ર બે-ચાર રૂપિયા વધવા પર દેશમાં આટલો હોબાળો કેમ મચાવવામાં આવી રહ્યો છે?

## જનતા ખિસ્સા ખાલી કરવા તૈયાર રહે! 5 જ દિવસમાં બીજી વાર વધ્યા પેટ્રોલ-ડીઝલના ભાવ, નવો આંકડો

આજના સમયમાં સવારે ઉઠતાની સાથે જ જો કોઈ સમાચાર મિડલ ક્લાસ પરિવારનું આખું બજેટ હલાવી નાખતા હોય, તો તે છે ઈંધણના ભાવ. જો તમે વિચારતા હોવ કે ગત શુક્રવારે થયેલો ભાવવધારો છેલ્લો હતો, તો તમે ખોટા છો. સરકારે માત્ર 5 જ દિવસમાં જનતાને બીજો મોટો આંચકો આપતા ફરી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકી દીધો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને વૈશ્વિક બજારની ઉથલપાથલની સીધી અસર હવે સામાન્ય ભારતીયના ખિસ્સા પર દેખાવા લાગી છે. ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલમાં આશરે 90 પૈસા સુધીનો વધારો કર્યો છે. હજુ ગત શુક્રવારે જ દેશભરમાં લિટર દીઠ 3 રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો હતો. આ સતત બીજા વધારા બાદ દેશના મુખ્ય મેટ્રો શહેરોમાં કિંમતો નવી સપાટીએ પહોંચી ગઈ છે. સૌથી મોટો ઝટકો કોલકાતાને લાગ્યો છે, જ્યાં પેટ્રોલના ભાવમાં 96 પૈસાનો વધારો નોંધાયો છે. દિલ્હીમાં પણ પેટ્રોલ 98.64 રૂપિયા અને ડીઝલ 91.58 રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે.

શુક્રવારે પેટ્રોલ-ડીઝલની સાથે દિલ્હીમાં CNG ના ભાવમાં પણ 2 રૂપિયા પ્રતિ કિલોનો વધારો કરવામાં આવ્યો હતો જે બાદ જુદા જુદા શહેરોમાં CNGનો ભાવ 87 રૂપિયાની આસપાસ પહોંચ્યો છે. ટ્રાન્સપોર્ટ અને ટ્રેડિંગ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે આ વધારાની સીધી અસર ટૂંક સમયમાં જ શાકભાજી, દૂધ અને કરિયાણા જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓ પર જોવા મળશે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષના કારણે ઈન્ટરનેશનલ માર્કેટમાં બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ 111 ડોલરને પાર કરી ગયો છે, જ્યારે WTI ક્રૂડ પણ 107 ડોલર વટાવી ચૂક્યું છે. ભારત પોતાની જરૂરિયાતનું લગભગ 85% ક્રૂડ ઓઈલ બહારથી આયાત કરે છે, તેથી વૈશ્વિક બજારમાં થતી નાની સળવળાટ પણ ભારતમાં મોટો ભૂકંપ લાવી શકે છે.

## કોલકાતા પોલીસ પણ જેનાથી ધ્રૂજતી હતી તે ડૉન 'સોના પપ્પુ' જેલભેગો! 10 કલાક પૂછપરછ બાદ EDની કાર્યવાહી

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા 19

પશ્ચિમ બંગાળના રાજકારણ અને અંડરવર્લ્ડના સૌથી ખતરનાક ચહેરા ગણાતા 'સોના પપ્પુ' ઉર્ફે બિસ્વજીત પોદ્દાર આખરે કાયદાના સિકંજામાં આવી ગયો છે. સોમવારે સાલ્ટલેક સ્થિત સીજીઓ કોમ્પ્લેક્સમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના અધિકારીઓએ તેની સતત 10 કલાક સુધી આકરી પૂછપરછ કરી હતી. યોગ્ય જવાબો ન મળતા અને નાણાકીય ગેરરીતિના ઠોસ પુરાવા મળતા મોડી રાત્રે તેની મની લોન્ડરિંગ અને જબરન વસૂલીના ગંભીર આરોપો હેઠળ ધરપકડ કરવામાં આવી છે. કોલકાતાના કસબા, ગોલપાર્ક અને જાદવપુર જેવા પોશ વિસ્તારોમાં સોના પપ્પુનું નામ જ ખંડણી અને દહેશતનું બીજું નામ હતું. પોતાને એક સામાન્ય નાગરિક તરીકે રજૂ કરતા આ ડૉનનું અસલી સામ્રાજ્ય કિંમતી જમીનો પચાવી પાડવા, ગેરકાયદે વસૂલી અને હથિયારોના જોરે આતંક ફેલાવવા પર ટકેલું હતું. તેનો મુખ્ય ધંધો દક્ષિણ કોલકાતાની વિવાદિત અને મોંઘી મિલકતો પર નજર રાખવાનો હતો. તેના હથિયારધારી ગુંડાઓ મૂળ માલિકો અને બિન-નિવાસી ભારતીયો (NRIs)ને ડરાવી-ધમકાવીને નજીવી કિંમતે જમીનો પોતાના નામે લખાવી લેતા હતા. આ ઉપરાંત, કોલકાતાના રિયલ એસ્ટેટ સેક્ટરમાં નવી ઈમારત બનાવવા માટે બિલ્ડરોએ તેના સિન્ડિકેટને કરોડો રૂપિયાની 'કટ મની' આપવી પડતી હતી. જે બિલ્ડર ના પાડે, તેની સાઈટ પર બોમ્બમારો કરી કામ બંધ કરાવી દેવાતું હતું.

# News Brief

## DHR સાહિત્ય મહોત્સવ 2026 ભવ્ય સાંસ્કૃતિક સમાપન સાથે સફળતાપૂર્વક સમાપ્ત થયો



માલીગાંવ : નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેએ દાર્જિલિંગ હિમાલયન રેલ્વે (DHR) સાહિત્ય મહોત્સવ 2026 ના સફળ સમાપનની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરી. DHR દ્વારા સર્જનાત્મક જૂથ 'પોએટ્સ ઓફ કોમ્યુનિટી' ના સહયોગથી આયોજિત, આ મહોત્સવ 18 મે, 2026 ના રોજ ભવ્ય સમાપન અને પ્રમાણપત્ર વિતરણ સમારોહ સાથે સમાપ્ત થયો, જેમાં વિદ્યાર્થીઓ, યુવાનો અને સ્થાનિક સમુદાયના સભ્યોની ઉત્સાહપૂર્ણ ભાગીદારી હતી. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ, દાર્જિલિંગ હિમાલયન રેલ્વેના ઔદ્યોગિક વારસાને હિમાલય પ્રદેશની સમૃદ્ધ મૌખિક અને સાહિત્યિક પરંપરાઓ સાથે જોડવાનો આ ઉત્સવ સફળતાપૂર્વક પૂર્ણ થયો. સાહિત્ય, સંગીત, વાર્તા કહેવા અને સમુદાય ક્રિયાપ્રતિક્રિયાના જીવંત મિશ્રણ દ્વારા, ઉત્સવે એક અર્થપૂર્ણ સાંસ્કૃતિક પ્લેટફોર્મ બનાવ્યું જે પ્રદેશના વૈવિધ્યસભર કલાત્મક વારસાને પ્રકાશિત કરે છે. આ મહોત્સવના કાર્યક્રમો કુર્સિઓંગ અને દાર્જિલિંગના વિવિધ સ્થળોએ લેખકો, કલાકારો, વિદ્યાર્થીઓ અને સાહિત્ય પ્રેમીઓની સક્રિય ભાગીદારી સાથે યોજવામાં આવ્યા હતા. કુર્સિયાંગમાં વિક્ટોરિયા બોય્ઝ સ્કૂલ ખાતે ઉદ્ઘાટન કાર્યક્રમમાં, પ્રખ્યાત લેખિકા અને IIT રૂરકીના ભૂતપૂર્વ વિદ્યાર્થી મેઘા મિત્તલે 'શા માટે કવિતા કંટાળાજનક છે?' શીર્ષક સાથે એક રસપ્રદ વર્કશોપનું આયોજન કર્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને કવિતાને સમકાલીન અને અભિવ્યક્ત કલા સ્વરૂપ તરીકે શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બીજા દિવસે, 'રેલ્સ એન્ડ રિધમ: ધ ઓપન-ડેક એક્સપિરિયન્સ' શીર્ષક સાથે એક અનોખી ઈવેન્ટ યોજાઈ હતી. આ ઈવેન્ટમાં સ્ટીમ-સંચાલિત હેરિટેજ ટોય ટ્રેનમાં એક આનંદદાયક સવારીનો સમાવેશ થતો હતો, જેમાં સ્થાનિક કલાકારો દ્વારા લાઈવ સંગીત પ્રદર્શનનો સમાવેશ થતો હતો. આ ઈવેન્ટ પછી, કુર્સિયાંગના કાફે ડી સેન્ટ્રલ ખાતે લોકકથાઓ અને વાર્તા કહેવા પર એક વાર્તાલાપ સત્ર યોજાયો હતો, જેમાં હિમાલયી સમુદાયોની મૌખિક પરંપરાઓની ઉજવણી કરવામાં આવી હતી.

દાર્જિલિંગના કાફે હાઉસ ખાતે આયોજિત સમાપન દિવસે નેપાળી, અંગ્રેજી અને હિન્દીમાં સાહિત્યિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. લેખકો અને કલાકારોએ કવિતા, વાર્તા કહેવા અને બોલાતી પ્રસ્તુતિઓ દ્વારા હિમાલયી પ્રદેશના સાંસ્કૃતિક વારસા, ઓળખ અને સમકાલીન વાસ્તવિકતાઓ પર પોતાના વિચારો શેર કર્યા હતા.

આ મહોત્સવના સફળ સમાપન પ્રસંગે, ૧૮ મે, ૨૦૨૬ ના રોજ એક ખાસ પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો હતો. વર્કશોપ, વાર્તા કહેવાના સત્રો અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓમાં સક્રિયપણે ભાગ લેનારા બાળકો, વિદ્યાર્થીઓ, કલાકારો અને સમુદાયના સભ્યોને પ્રશંસા અને ભાગીદારીના પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

આ પહેલ દાર્જિલિંગ હિમાલયન રેલ્વે અને ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેની પર્વતોના સાંસ્કૃતિક વારસાને જાળવવા અને યુવા પેઢી અને સ્થાનિક સમુદાયો વચ્ચે સર્જનાત્મક જોડાણને પ્રોત્સાહન આપવાની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

# પ્રધાનમંત્રીના અગ્ર સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ રાજગીર, બિહાર ખાતે નાલંદા યુનિવર્સિટીના ત્રીજા પદવીદાન સમારંભને સંબોધિત કર્યો

(એજન્સી) બિહાર | તા 19

પ્રધાનમંત્રીના અગ્ર સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ આજે રાજગીર, બિહાર ખાતે નાલંદા યુનિવર્સિટીના ત્રીજા પદવીદાન સમારંભને સંબોધિત કર્યો હતો. તેમણે 14 દેશોનું પ્રતિનિધિત્વ કરતા 221 સ્નાતકોને અભિનંદન પાઠવ્યા હતા, અને તેમની શૈક્ષણિક સિદ્ધિને સખત પરિશ્રમ અને ખંત પર બનેલા સીમાચિહ્ન તરીકે ગણાવી હતી. પ્રાચીન નાલંદા મહાવિહારને ઈતિહાસના સર્વશ્રેષ્ઠ શિક્ષણ કેન્દ્રોમાંના એક તરીકે માન્યતા આપતા ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે, "એવી યુનિવર્સિટીઓ હોય છે જે માત્ર સંસ્થાઓ હોય છે. અને પછી એવી યુનિવર્સિટીઓ હોય છે જે સભ્યતાના પ્રતીકો હોય છે. નાલંદા પછીની શ્રેણીમાં આવે છે".આ પ્રદેશના ઐતિહાસિક અને ભૌગોલિક મહત્વ પર પ્રકાશ પાડતા, ડૉ. મિશ્રાએ નાલંદાની મુખ્ય ફિલસૂફી પર ભાર મૂક્યો હતો કે જ્ઞાન સંવાદ માટે ખુલ્લું હોવું જોઈએ, વિવિધ વિષયો સાથે જોડાયેલું હોવું જોઈએ અને માનવતાના વ્યાપક કલ્યાણ તરફ નિર્દેશિત હોવું જોઈએ. તેમણે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરાયેલા યુનિવર્સિટીના નવા નેટ ઝીરો કેમ્પસના વખાણ કર્યા હતા, અને બોધગયાને યાદ કર્યું હતું જ્યાં ભગવાન બુદ્ધે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ડૉ. મિશ્રાએ અવલોકન કર્યું કે, "ખરેખર, સમગ્ર એશિયા ખંડને ભગવાન બુદ્ધના ઉપદેશોથી ઘણો ફાયદો થયો છે. મને ખાતરી છે કે, આ મહાન યુનિવર્સિટીનું શિક્ષણ ખંડોમાં દૂર-દૂર સુધી ફેલાશે". વર્તમાન યુગના વ્યાપક સંદર્ભને સંબોધતા, ડૉ. મિશ્રાએ 21મી સદીના વિરોધાભાસ તરફ ધ્યાન દોર્યું, જ્યાં માનવતા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બાયોટેકનોલોજી અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં અભૂતપૂર્વ તકનીકી ક્ષમતાઓ ધરાવે છે. જો કે, આ સમયગાળો આબોહવા પરિવર્તન, ભૌગોલિક રાજકીય સંઘર્ષો અને વધતા જતા સામાજિક ધ્રુવીકરણ સહિતની ગંભીર અનિશ્ચિતતાઓ સાથે પણ સુસંગત છે. ડૉ. મિશ્રાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "માનવતા સમક્ષ મુખ્ય પ્રશ્ન માત્ર એ નથી કે આપણે વધુ માહિતી અથવા ટેક્નોલોજી ઉત્પન્ન કરી શકીએ છીએ કે કેમ, પરંતુ જ્ઞાન શાણપણ, નૈતિકતા, કરુણા અને માનવીય જવાબદારી સાથે જોડાયેલું રહેશે કે કેમ તે છે". નાલંદાની પાયાની બૌદ્ધિક પરંપરાઓ પર ચિંતન કરતા, ડૉ. મિશ્રાએ તેના બહુશાખાકીય (ઇન્ટરડિસિપ્લિનરી) અભિગમ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે આધુનિક બૌદ્ધિક નિષ્ક્રિયતાના મારણ તરીકે વાદ (vda), સખત સંવાદ અને પૂછપરછ કેળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો, અને ચેતવણી આપી હતી કે જ્યારે ટેક્નોલોજી ત્વરિત જવાબો પૂરા પાડે છે, ત્યારે તે નૈતિક તર્ક અને નૈતિક જવાબદારીનું સ્થાન લઈ શકતી નથી, અથવા માનવીય અર્થ, વેદના, ગૌરવ અથવા આકાંક્ષાને સંપૂર્ણપણે સમજી શકતી નથી. "સભ્યતાઓ ત્યારે ક્ષીણ થતી નથી જ્યારે તેઓ માહિતી ગુમાવે છે, પરંતુ ત્યારે ક્ષીણ થાય છે જ્યારે તેઓ ચિંતન અને સ્વતંત્ર વિચારની ક્ષમતા ગુમાવે છે," ડૉ. મિશ્રાએ કહ્યું હતું.

કોલોનાઈઝેશન શાસનની ઐતિહાસિક અસરની ચર્ચા કરતા, ડૉ. મિશ્રાએ સમજાવ્યું કે કેવી રીતે તેણે બૌદ્ધિક માળખાને બદલી નાખ્યું અને આયુર્વેદ, બૌદ્ધ જ્ઞાનમીમાંસા (બુદ્ધિસ્ટ એપિસ્ટોમોલોજી) અને અર્થશાસ્ત્ર જેવી સર્વગ્રાહી સ્વદેશી પરંપરાઓને હાંસિયામાં ધકેલી દીધી. તેમણે 21મી સદીને બૌદ્ધિક ઇન્ટેલેક્ચુઅલ ડીકોલોનાઈઝેશનનો સમયગાળો બનાવવા માટે આહવાન કર્યું હતું, અને વૈશ્વિક પ્રવચનમાં ઘરઆંગણાના વિચારો અને જ્ઞાન પ્રણાલીઓનું યોગદાન આપવા માટે સભ્યતાના આત્મવિશ્વાસને પુનઃપ્રાપ્ત કરવાનો આગ્રહ કર્યો હતો. "નાલંદા યુનિવર્સિટીનું પુનરુત્થાન ભારતની એ માન્યતાને પ્રતિબિંબિત કરે છે કે ખુલ્લાપણું, બહુલવાદ, સંવાદ અને પૂછપરછ માનવતાના ભવિષ્ય માટે આવશ્યક છે," તેમણે નોંધ્યું હતું. શિક્ષણનું લોકશાહીકરણ કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાની વિગતો આપતા, ડૉ. મિશ્રાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના બહુશાખાકીય શિક્ષણ, બહુભાષી સૂચનાઓ અને ભારતીય જ્ઞાન પ્રણાલીઓના ઔપચારિક સંકલન પરના ધ્યાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે દેશની સ્મારક સમાન ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલો જેમ કે રાષ્ટ્રીય હસ્તપ્રત મિશન (નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટ્સ) અને ટ્રેડિશનલ નોલેજ ડિજિટલ લાઈબ્રેરીને પણ પ્રદર્શિત કરી હતી, જે સક્રિયપણે લાખો પ્રાચીન ગ્રંથોનું દસ્તાવેજીકરણ કરે છે અને પરંપરાગત ચિકિત્સા પ્રણાલીઓને આંતરરાષ્ટ્રીય ગેરઉપયોગથી સુરક્ષિત કરે છે. જ્ઞાનના અવરોધોને ઘટાડવાના પ્રયાસો વિશે વધુ વિગતવાર જણાવતા, ડૉ. મિશ્રાએ સ્વદેશી ભાષાના અનુવાદ માટે ભાષિણી (Bhashini) જેવી એઆઈ-સંચાલિત (AI-driven) પહેલો અને વૈશ્વિક સંશોધન જર્નલ્સ સુધીની પહોંચને લોકશાહીકરણ કરવા માટે રચાયેલ વન નેશન વન સબ્સ્ક્રિપ્શન પ્રોગ્રામનો ઉલ્લેખ કર્યો હતો. આર્ટિW ફિશિયલ ઈન્ટેલિજન્સની ઊંડી અને વ્યાપક અસરની તપાસ કરતા, ડૉ. મિશ્રાએ નૈતિકતા, પૂર્વગ્રહ, ગોપનીયતા અને માનવીય એજન્સી અંગેના નિર્ણાયક પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે ચેતવણી આપી હતી કે મુખ્યત્વે અંગ્રેજી ભાષા અને પશ્ચિમી ડેટાસેટ્સ પર તાલીમ પામેલા એઆઈ મોડલ્સ એશિયા અને ગ્લોબલ સાઉથની કૃષિ, તબીબી અથવા આબોહવાની વાસ્તવિકતાઓને પર્યાપ્ત રીતે કેપ્ચર કરી શકશે નહીં, જે તકનીકી મોડલ્સ અને સ્થાનિક વાસ્તવિકતાઓ વચ્ચે જોખમી અંતર ઊભું કરી શકે છે. તેના જવાબમાં, ડૉ. મિશ્રાએ સ્થાનિક તકનીકી ક્ષમતાઓનું નિર્માણ કરવા અને જ્ઞાનની સાર્વભૌમત્વ સુનિશ્ચિત કરવા માટે ઈન્ડિયાએઆઈ (IndiaAI) મિશન જેવી પહેલોની આવશ્યકતા પર પ્રકાશ પાડ્યો હતો. એશિયાને એક ગંભીર વૈશ્વિક વળાંક પર સ્થાપિત કરતા, ડૉ. મિશ્રાએ આ પ્રદેશના દેશોના ઝડપી આર્થિક વિકાસને સ્વીકાર્યો હતો, અને વૈશ્વિક અર્થતંત્રમાં ભારતના એક બ્રાઈટ સ્પોટ તરીકેના પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો. ભારત ફરી એકવાર વિશ્વના સૌથી અગ્રણી જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખાય તે માટેના પ્રધાનમંત્રીના મિશનનો પડઘો પાડતા, તેમણે સહ-અસ્તિત્વ પર આધારિત વિકાસ મોડેલની હિમાયત કરી હતી, જે ટકાઉપણું અને સામાજિક સમરસતા સાથે આર્થિક સ્પર્ધાને સંતુલિત કરે છે. ડૉ. મિશ્રાએ પદવી મેળવતા વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને આબોહવા પરિવર્તન જેવા વૈશ્વિક પડકારોને ઉકેલવા માટે દરેક જગ્યાએથી શ્રેષ્ઠ મેળવીને અને તેના બદલામાં ઘણું વધારે પરત આપીને નાલંદાના ખુલ્લાપણાના સાચા પાઠમાંથી પ્રેરણા લઈ 'દીવાલો વિના કામ કરવા' (work without walls) ની સલાહ આપી હતી. તેમના સમાપન વક્તવ્યમાં, ડૉ. મિશ્રાએ સ્નાતકોને યાદ અપાવ્યું કે તેઓ મુક્ત પૂછપરછ અને નૈતિકતા વિનાનું શિક્ષણ ખતરનાક બની શકે છે તેવી સમજણ પર આધારિત બહુશાખાકીય સભ્યતાનો વારસો મેળવે છે. તેમણે હિતોપદેશમાંથી એક સુંદર શ્લોક ટાંક્યો હતો જે દર્શાવે છે કે જ્ઞાન વિનય (નમ્રતા), પાત્રતા (યોગ્યતા), ધન, ધર્મ (યોગ્ય આચરણ) અને સુખ (સંતોષ) તરફ દોરી જાય છે. પ્રાચીન પદવીદાન પરંપરાઓ પર ચિંતન કરતા, ડૉ. મિશ્રાએ તૈત્તિરીય ઉપનિષદનું આવાહન કર્યું હતું, અને શિક્ષાવલ્લીના 11મા અનુવાકના કાયમી મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જે નૈતિક જીવન માટે ગુરુના સુવર્ણ નિયમો પૂરા પાડે છે, જેમાં સત્ય બોલવું, ધર્મનું પાલન કરવું અને અભ્યાસમાં ક્યારેય આળસ ન કરવી નો સમાવેશ થાય છે. ડૉ. મિશ્રાએ એમ પણ કહ્યું કે 'શિક્ષણ એ માત્ર જ્ઞાન અથવા વ્યાવસાયિક યોગ્યતા મેળવવી તે નથી. તે નિર્ણય શક્તિ, ચારિત્ર્ય અને નૈતિક જવાબદારીનું કેળવણ છે,' તેમ કહી તેમણે વાત પૂર્ણ કરી હતી. લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈન, બિહારના રાજ્યપાલ; પ્રો. સચિન ચતુર્વેદી, વાઈસ ચાન્સેલર, નાલંદા યુનિવર્સિટી; શ્રી રુદ્રેન્દ્ર ટંડન, સચિવ (પૂર્વ), વિદેશ મંત્રાલય; ગવર્નિંગ બોર્ડના સભ્યો, એકેડેમિક કાઉન્સિલના સભ્યો; ફેકલ્ટી સભ્યો, આપણા ભાગીદાર દેશોના દૂતાવાસો અને હાઈ કમિશનના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.


## એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN-U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલિના, મુંબઈ 400098, +91 22 4183 0600
Edelweiss Asset Reconstruction

**પરિશિષ્ટ IV-A**
**[જુઓ નિયમ 8(6) ના પ્રોવિઝો સાથે વંચાતા નિયમ 9(1) ના પ્રોવિઝો]**

**સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ('SARFAESI એક્ટ') ની કલમ 8(6) ના પ્રોવિઝો સાથે વંચાતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ('નિયમો') ના નિયમ 9(1) અન્વયે સુરક્ષિત મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ. આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને દેવાદાર અને જામીનદારોને નોટિસ આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ('સુરક્ષિત મિલકત') જે એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (EARC ટ્રસ્ટ SC-37 ના ટ્રસ્ટી તરીકે કાર્યરત) ('EARC'/ 'સુરક્ષિત લેણદાર') ના પક્ષમાં ગીરો મૂકવામાં આવેલી છે, જેનો ભૌતિક કબજો EARC ના અધિકૃત અધિકારી દ્વારા December 27, 2022 ના રોજ લેવામાં આવ્યો છે, તેનું વેચાણ ઈ-હરાજી એજન્સી, મેસર્સ ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (ઓક્શન ટાઈગર) ના વેબ પોર્ટલ https://edelweissarc.auctiontiger.net પર June 09, 2026 ના રોજ બપોરે 12:00 વાગ્યાથી 1:00 વાગ્યાની વચ્ચે, ઈ-હરાજી બંધ થવાના થોડા સમય પહેલાં જો કોઈ બોલી લગાવવામાં આવે તો દરેક વખતે 5 મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે, 'જેમ છે જ્યાં છે', 'જેમ છે જે છે તેમ', 'જે કંઈપણ છે' અને 'કોઈ આશરો નહીં' ના ધોરણે કરવામાં આવશે. આ વેચાણ ડી કોર નેનોસેમિકન્ડક્ટર્સ લિમિટેડ ('દેવાદાર'), હર્ષ ઈન્દર લુમ્બા (સ્વર્ગસ્થ દીપક લુમ્બા ના કાયદેસરના વારસદાર તરીકે) ('વ્યક્તિગત જામીનદાર') અને ડી કોર સાયન્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડ ('કોર્પોરેટ જામીનદાર') પાસેથી EARC ને મળવાપાત્ર કુલ રકમ Rs. 162,53,72,484/- (રૂપિયા એક સો બાસઠ કરોડ ત્રેપન લાખ બોતેર હજાર ચાર સો ચોર્યાસી પૂરા) જે February 08, 2023 ના રોજ બાકી નીકળે છે, તેની સાથે માસિક ધોરણે 12% પ્રતિ વર્ષના દરે વ્યાજ અને અન્ય ખર્ચ તથા ખર્ચાઓની વસૂલાત માટે કરવામાં આવી રહ્યું છે.
સુરક્ષિત મિલકતની અનામત કિંમત અને બાનાની રકમ નીચે મુજબ રહેશે:

| સુરક્ષિત મિલકતનું વિગતવાર વર્ણન | અનામત કિંમત | બાનાની રકમ |
|---|---|---|
| ગાંધીનગર ઈલેક્ટ્રોનિક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, ઈન્ડસ્ટ્રિયલ એરિયા/એસ્ટેટ, કોલાવડા રોડ, સેક્ટર 25, ગાંધીનગર 382028 (ગુજરાત) ખાતે આવેલા પ્લોટ નંબર 13 ક્ષેત્રફળ 5521.38 ચોરસ મીટર અને પ્લોટ નંબર 33, 34, અને 35 ક્ષેત્રફળ 13887 ચોરસ મીટરની જમીનના લીઝહોલ્ડ હકો તેમજ તેના પર બનેલા ફેક્ટરી બિલ્ડિંગ અને બાંધકામો સહિત. | Rs. 11,13,00,000/- | Rs. 1,11,30,000/- |

**ઈ-હરાજીની સમયરેખા:**

**સ્થળ નિરીક્ષણ :** May 27, 2026 ના રોજ - સવારે 11:00 વાગ્યાથી સાંજે 4:00 વાગ્યા સુધી.
**દસ્તાવેજ ચકાસણી :** કામકાજના દિવસો દરમિયાન May 27, 2026 થી June 06, 2026 સુધી સવારે 11:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી.
**બોલી દસ્તાવેજની ખરીદી:** કામકાજના દિવસો દરમિયાન May 27, 2026 થી June 06, 2026 સુધી સવારે 11:00 વાગ્યાથી સાંજે 5:00 વાગ્યા સુધી.
**બાનાની રકમ સબમિટ કરવાની છેલ્લી તારીખ:** June 08, 2026 ના રોજ બપોરે 2:00 વાગ્યા સુધી.
**બોલી દસ્તાવેજ સબમિટ કરવાની છેલ્લી તારીખ:** June 08, 2026 ના રોજ સાંજે 5:00 વાગ્યા સુધી.
**ઈ-હરાજી વેચાણની શરૂઆત:** June 09, 2026 ના રોજ બપોરે 12:00 વાગ્યે.
**બેંક વિગતો :** ખાતા નંબર: 0004103000054719, IFSC કોડ: IBKL0000004, આઈડીબીઆઈ બેંક, મિત્તલ કોર્ટ, નરીમાન પોઈન્ટ, મુંબઈ.
**અધિકારીના સંપર્કની વિગતો:** Meghraj.Deshmukh@edelweissarc.in, +917506642534

ઈ-હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને EARC ની વેબસાઈટ પર આપેલી લિંક જુઓ: www.edelweissarc.in/Propertysale

તારીખ: 20.05.2026
સ્થળ: મુંબઈ

સહી/-
અધિકૃત અધિકારી


## PSU ઓઈલ કંપનીના જણાવ્યા અનુસાર

# સમગ્ર ગુજરાતમાં કોઈ પણ જાતના નિયંત્રણો વિના ઇંધણનું વિતરણ ચાલુ છે

નવી દિલ્હી : સ્ટેટ લેવલ કોઓર્ડિનેટર (SLC) ગુજરાતે જણાવ્યું છે કે, ઓઈલ અને ગેસ ક્ષેત્રને અસર કરતી પ્રવર્તમાન વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ – ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCL – સમગ્ર ગુજરાતમાં પેટ્રોલ (MS), ડીઝલ (HSD) અને લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) નો અવિરત પુરવઠો જાળવી રહી છે.ઓઈલ ઉદ્યોગ તેના ટર્મિનલ્સ, ડેપો, LPG બોટલિંગ પ્લાન્ટ્સ અને રિટેલ આઉટલેટ્સ (પેટ્રોલ પંપ) ધરાવતા વ્યાપક સપ્લાય નેટવર્ક દ્વારા ઈંધણની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. તમામ આઉટલેટ્સ પર ઈંધણ વિતરણની કામગીરી સુદ્રઢ રીતે ચાલી રહી છે અને નિર્ધારિત સુરક્ષા અને ઓપરેશનલ ધોરણોને અનુરૂપ, કોઈ પણ પ્રકારના નિયંત્રણો વિના પુરવઠો જાળવી રાખવામાં આવી રહ્યો છે.સપ્લાય ચેઈનમાં પેટ્રોલિયમ ઉત્પાદનોનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને ગ્રાહકોની વાસ્તવિક માંગને કાર્યક્ષમ રીતે પૂરી કરવા માટે સતત નવો પુરવઠો પહોંચાડવામાં આવી રહ્યો છે. સ્થાનિક ગ્રાહકોને એલપીજી (LPG) નો પુરવઠો પણ સામાન્ય રીતે જાળવી રાખવામાં આવી રહ્યો છે અને સમગ્ર રાજ્યમાં ડિલિવરી સુદ્રઢ રીતે આગળ વધી રહી છે.જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ નાગરિકો માટે અવિરત ઊર્જા પહોંચ સુનિશ્ચિત કરવા માટે લોજિસ્ટિક્સ, સ્ટોકની સ્થિતિ અને વિતરણ આયોજન પર નજીકથી સંકલન કરી રહી છે. પુરવઠાની એકંદર પરિસ્થિતિ સ્થિર છે અને સતત દેખરેખ હેઠળ છે. નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની સામાન્ય ખરીદી પ્રક્રિયા ચાલુ રાખે અને બિનજરૂરી ગભરાટમાં આવીને ખરીદી કરવાનું ટાળે. જનતાને એવી પણ સલાહ આપવામાં આવે છે કે ઈંધણની ઉપલબ્ધતા સંબંધિત અધિકૃત અને ચકાસાયેલી માહિતી માટે માત્ર ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર સંદેશાવ્યવહાર પર જ વિશ્વાસ રાખે.

## મેજિક વેનમાં 8 થી 12 શ્રમજીવીઓ બેઠા હતા

# ઉત્તરપ્રદેશના લખીમપુરમાં પૂરપાટ વેન ટ્રકમાં ઘૂસી જતાં 10નાં મોત




લખીમપુર(ઉત્તરપ્રદેશ) : ઉત્તરપ્રદેશના લખીમપુર ખીરીમાં સોમવારે સવારે એક ભયાનક માર્ગ દુર્ઘટના થઈ. અહીંના બહરાઈચ રોડ પર ઉંચ ગામની પાસે પૂરઝડપે જઈ રહેલી પ્રવાસીઓથી ભરેલી એક મેજિક વેન ટ્રકમાં ઘૂસી જતાં વેનમાં બેઠેલા ૧૦ લોકોના મોત થયા, જ્યારે અન્ય ત્રણ ઘાયલ થયા, જેમને સારવાર માટે સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં દાખલ કરાયા છે. મેજિક વેનમાં ૮ થી ૧૨ લોકો બેઠા હતા. બે વાહનોની ટક્કર એટલી જોરદાર હતી કે આઠ જણનાં ઘટના સ્થળે મોત થયા, જ્યારે અન્ય ચાર વેન-પ્રવાસીઓ ગંભીરપણે ઘાયલ થયા. આમાંથી એક જણનું ઈલાજ દરમિયાન મોત થયું. આમ કુલ નવ લોકોના મોત થયા. મેજિક વેનમાં ૮ પુરૂષ, જ્યારે ચાર મહિલાસહ ૧૨ લોકો બેઠા હતા. બધા શ્રમજીવીઓ હતા, જેઓ મજૂરી-કામ માટે લખીમપુર ખીરી જઈ રહ્યા હતા. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને હોસ્પિટલમાં પહોંચાડયા. મૃતકોના શબને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલાવાઈ રહ્યા છે. આ માર્ગ-દુર્ઘટના એટલી ભયાનક હતી કે મેજિક વેનના ફૂરચા નીકળી ગયા. અકસ્માત થતાં જ વેનના પ્રવાસીઓમાં બૂમાબૂમ મચી ગઈ. આ જોઈ-સાંભળીને ભારે ભીડ જમા થઈ ગઈ. લોકોએ યેનકેન પ્રકારેણ મેજિક વેનમાં ફસાયેલા પ્રવાસીઓને બહાર કાઢ્યા, જે પૈકીના જખ્મીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 20 MAY-2026
AHMEDABAD

## ગુજરાતમાં વસ્તી ગણતરી માટે સ્વ-નોંધણીનો ઉત્સાહ

જનગણના 2027ના પ્રથમ તબક્કા અંતર્ગત શરૂ કરાયેલી સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયાને ગુજરાતમાં સારો પ્રતિસાદ મળ્યો છે. 17 મેના રોજ શરૂ થયેલી પ્રક્રિયાના પ્રથમ જ દિવસે રાત્રે 8:30 વાગ્યા સુધીમાં રાજ્યભરના 30,234 પરિવારો દ્વારા સ્વ-નોંધણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સરકાર દ્વારા 17 મેથી 31 મે સુધી નાગરિકો માટે પોર્ટલ ખુલ્લું રાખવામાં આવ્યું છે, જેથી ગણતરીદાર ઘર-ઘર પહોંચે તે પહેલાં લોકો પોતે જ માહિતી ભરી શકે.

## રાજકોટ મનપા પદાધિકારીઓના નામો જાહેર કરવામાં ઐતિહાસિક વિલંબ

રાજકોટ મહાપાલિકાની સામાન્ય ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, મનપાના ઈતિહાસમાં ક્યારેય ન જોવા મળ્યો હોય તેવો લાંબો સમય પદાધિકારીઓના નામ જાહેર કરવામાં લાગી રહ્યો છે. ચૂંટણી પૂર્ણ થયાને આજે અંદાજે 1 મહિના જેટલો સમય પસાર થવા આવ્યો છે, છતાં હજી સુધી પ્રદેશ કક્ષાએથી મેયર અને સ્ટે. કમિટીના ચેરમેન સહિતના મુખ્ય 5 પદાધિકારીઓના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ વહીવટી અને રાજકીય વિલંબને કારણે મહાપાલિકાનું સ્થાનિક શાસન સંપૂર્ણપણે અટકી પડ્યું છે.

# નર્સની રીલ પર કોમેન્ટ કરીને શખ્સે અભદ્ર મેસેજ કર્યા

### યુવતીના 5થી વધુ ફેક આઇડી બનાવ્યા, ફોટો મૂકી 'MY LOVE'લખ્યું; નવરંગપુરાની યુવતીએ ફરિયાદ નોંધાવી

(એજન્સી) અમદાવાદ I તા. 19

અમદાવાદના નવરંગપુરામાં રહેતી નર્સની રીલ પર કોમેન્ટ કરીને અજાણ્યા શખ્સે અભદ્ર મેસેજ કર્યા હતા, ત્યારબાદ નર્સના નામનું ફેક આઈડી બનાવી તેમાંથી નર્સના ફોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં 5 થી વધુ ફેક આઈડી બનાવી ગામના યુવકનો ફોટો મૂકી MY LOVE એવું લખાણ પણ લખ્યું હતું. જે અંગે નવરંગપુરા પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

નવરંગપુરામાં રહેતી 21 વર્ષે ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે.સાથે જ ફ્રી લાન્સિંગ એન્કર તરીકે પણ કામ કરે છે. યુવતીને થોડા દિવસ અગાઉ રાતના સમયે એક મોટીવેશનલ પોસ્ટ મૂકી હતી, તેમાં યુવકે ખોટી કોમેન્ટ કરી હતી. યુવકે એક બે નહીં પરંતુ 15 વખત કોમેન્ટ કરી હતી.

જેથી યુવતીએ કોમેન્ટ ડીલીટ કરી દીધી હતી, ત્યારબાદ યુવતીને યુવકે મેસેજ પણ કર્યા હતા. યુવતીએ પોલીસ ફરિયાદ કરવાનું કહેતા સામેવાળા વ્યક્તિ પોતાનું એકાઉન્ટ ડીએક્ટિવેટ કરી દીધું હતું. બીજા દિવસથી યુવતીને તેના જ નામના ફેક આઈડી પરથી રિકવેસ્ટ આવી અને યુવતીના ફોટોગ્રાફનો ઉપયોગ કરીને આઈડી બનાવવામાં આવ્યું હતું. આઈડીમાંથી યુવતીના ગામના યુવકનો ફોટો મૂકીને MY LOVE લખી સ્ટોરી મુકવામાં આવી હતી. થોડીવારમાં આ એકાઉન્ટ ડીએક્ટિવેટ થઈ ગયું હતું.

# 5 દિવસમાં બીજી વાર પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા

### અમદાવાદમાં પ્રતિ લિટર 90 પૈસા વધતા પેટ્રોલ 98.35 અને ડીઝલ 94.19એ પહોંચ્યું

(એજન્સી) અમદાવાદ I તા. 19

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એક વખત વધારો કરવામાં આવ્યો છે. એક અઠવાડિયામાં બીજી વખત ભાવ વધારો કરવામાં આવતા નાગરિકોને મોંઘવારીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. 5 દિવસ પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 3 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. જો કે હવે તે બાદ પેટ્રોલ અને ડીઝલમાં ભાવમાં ફરી 90 પૈસાનો વધારો કરવામાં આવ્યો છે.



**વાહન ચાલકોમાં ભારે રોષ**

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં 90 પૈસાનો વધારો થતા અમદાવાદમાં પેટ્રોલના ભાવ 98.35 રૂપિયા અને ડીઝલનો ભાવ 94.19 રૂપિયા થઈ ગયો છે. જો કે હજુ પણ સવારથી પેટ્રોલપંપ પર વાહન ચાલકોની લાઈન જોવા મળી રહી છે. હજુ પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થાય તેવી શક્યતા હોવાથી વાહન ચાલકો વાહનની ટાંકી ફૂલ કરાવી રહ્યા છે. તેમજ 5 દિવસમાં ફરી એક વખત 90 પૈસાનો વધારો કરવામાં આવતા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા પણ મળી રહ્યો છે.

**'સરકાર બદલાય તો કંઈક અસર થાય'**

વાહન ચાલક વિરમભાઈએ જણાવ્યું હતું કે, આખી જિંદગી હવે મોંઘવારીની અસર રહેવાની છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થઇ રહ્યો છે પરંતુ ઘટાડો કરવામાં આવતો નથી. મન ફાવે તેમ ભાવ વધારો કરવામાં આવી રહ્યો છે. સરકાર બદલાય તો કંઈક અસર થાય તેવું લાગી રહ્યું છે બાકી સરકાર નહીં બદલાય તો ભાવ વધતા જવાના છે. મોંઘવારી સામે દર મહિને કઈ બચત થાય તેવું લાગી રહ્યું નથી. બધી વસ્તુઓના ભાવમાં વધારો થતા ઘર ચલાવવુ પણ મુશ્કેલ બન્યું છે.

**'ઘર કંઈ રીતે ચલાવવું તે પ્રશ્ન'**

વાહન ચાલક ઘાંચીરામે જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી વધારો થતા હવે તમામ લોકોને મુશ્કેલી થવાની છે. દરેક વસ્તુઓમાં સતત ભાવ વધારો થઈ રહ્યો છે. સામાન્ય માણસને કઈ બચત થાય તેવું લાગી રહ્યું જ નથી. આટલા ભાવ વધારામાં ઘર કઈ રીતે ચલાવવું તે જ અઘરું થઈ ગયું છે. ખર્ચો એટલો બધો વધી ગયો છે કે દર મહિને કઈ બચત પણ થતી નથી.

## ગાંધીનગરમાં કેબલ ચોર ટોળકી પકડાઈ:1.76 લાખના મુદ્દામાલ સાથે 3 દબોચાયા

(એજન્સી) ગાંધીનગર I તા. 19

ગાંધીનગરના સેક્ટર-7 પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ખ રોડ પર સાયોના હાઈસ્ટ રેસીડેન્સી સામેથી ચોરી થયેલા ઈન્ટરનેટ કેબલનો ભેદ ડભોડા પોલીસે ગણતરીના કલાકોમાં જ ઉકેલી નાખ્યો છે. પોલીસે પૂર્વ બાતમીના આધારે લવારપુર બ્રીજ નજીક આવેલા ભંગારના વાડામાં દરોડો પાડીને ત્રણ રીઢા ચોરોને રૂ.1.76 લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર ડભોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ. ચૌહાણની સર્વેલન્સ ટીમ મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા માટે પેટ્રોલિંગ કરી રહી હતી. ત્યારે પોલીસ કર્મીઓને સંયુક્ત રીતે બાતમી માહિતી મળી હતી કે ચોક્કસ ઈસમો એક રિક્ષામાં ચોરીનો કેબલ ભરીને તેને વેચવાની ફિરાકમાં લવારપુર બ્રીજ પાસે આવેલા એક ભંગારના વાડામાં ભરાઈ બેઠા છે. આ બાતમી મળતા જ પોલીસે લવારપુરથી જેઠીપુરા જતા રોડ પર આવેલી સિમેન્ટના થાંભલા બનાવતી કંપનીની બાજુના વાડાને કોર્ડન કરી લીધો હતો. અને ત્યાં હાજર ત્રણ શંકાસ્પદ ઈસમોને કેબલ વાયરો સાથે ઝડપી પાડી કડકાઈથી પૂછતાછ હાથ ધરી હતી. જેના પગલે તેમણે પોતાના નામ આશારામ અમરતભાઈ ઠાકોર, મેવાજી બધાજી ઠાકોર અને લહેરુલાલ ભોમાજી ગુર્જર હોવાનું જણાવ્યું હતું.

### સામાન્ય બોલાચાલીમાં અરબાઝ નામના યવકે છરીથી હુમલો કરી અમનનું ઢીમ ઢાળી દીધું

# દાણીલીમડામાં મિત્રએ મિત્રની હત્યા કરી

(એજન્સી) અમદાવાદ I તા. 19

અમદાવાદના દાણીલીમડા વિસ્તારના ફૈસલનગરમાં મિત્રએ મિત્રની હત્યા કરી છે. જુહાપુરા વિસ્તારના અમન પઠાણની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી છે. વહેલી સવારે અરબાઝ નામના શખ્સે હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. મૃતક અને આરોપી બંને મિત્રો છે ત્યારે પરિવારિક ઝગડો કે અન્ય કારણે હત્યા થઈ તેને લઈને દાણીલીમડા પોલીસે તપાસ હાથ ધરી છે. ફરાર આરોપીને ઝડપવા માટે પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી શોધખોળ કરવામાં આવી રહી છે.



મળતી માહિતી મુજબ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા ફૈસલનગરમાં રહેતા અરબાઝ મણિયાર અને જુહાપુરામાં રહેતો અમન પઠાણ બંને મિત્રો હતા. બંને એકબીજા સાથે મિત્રતા હતી જોકે છેલ્લા કેટલાય સમયથી બંને મિત્રોના પરિવાર વચ્ચે અણબનાવ બનેલો હતો. આજે 19 મે ના રોજ વહેલી સવારે અરબાઝ અને અમન બંને ફૈસલનગર વિસ્તારમાં આવેલા મેદાન પાસે મળ્યા હતા.

દાણીલીમડા પોલીસ સ્ટેશનના પીઆઇ સી.ટી દેસાઈએ જણાવ્યું હતું કે બંને વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થઈ હતી. જે બોલાચાલીમાં અરબાઝે અમન ઉપર હુમલો કરી દીધો હતો જેમાં અમનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. એલજી હોસ્પિટલમાં અમનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ત્યાં કર્યા બાદ અરબાઝ સ્થળ ઉપરથી નાસી ગયો હતો. ઘટનાની જાણ દાણીલીમડા પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. દાણીલીમડા પોલીસ દ્વારા પરિવારજનોની ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને ફરાર આરોપીને શોધવા માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે.

## RTEની 54 હજારથી વધુ અરજી વિવિધ કારણોસર રદ

(એજન્સી) ગાંધીનગર I તા. 19

રાજ્યમાં RTE (રાઈટ ટુ એજ્યુકેશન) હેઠળ ધોરણ-1માં પ્રવેશ માટેની પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે કુલ 2,42,500 અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જેમાંથી 54,588 અરજીઓ વિવિધ કારણોસર કેન્સલ કરવામાં આવી છે. ઉપરાંત 2,034 અરજીઓ રિજેક્ટ થતા અંતે 1,85,878 અરજીઓને માન્ય રાખવામાં આવી છે.

RTE હેઠળ રાજ્યભરની અંદાજે 9,500 ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ 83,687 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

પ્રથમ રાઉન્ડ પૂર્ણ થતા અત્યાર સુધીમાં 73 હજારથી વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે.

જોકે પ્રથમ રાઉન્ડ બાદ પણ 10,494 બેઠકો ખાલી રહી ગઈ છે. આ બેઠકો ભરવા માટે હવે બીજો રાઉન્ડ જાહેર કરવામાં આવશે, જેમાં રાહ જોતા અરજદારોને તક મળી શકે છે.

RTE યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા અને વંચિત વર્ગના બાળકોને ખાનગી શાળાઓમાં નિઃશુલ્ક શિક્ષણનો લાભ મળે છે.

પ્રથમ રાઉન્ડમાં અનેક ખાલી બેઠકો હોવા છતાં હજારોની સંખ્યામાં અરજીઓ રદ થતાં વાલીઓમાં ચર્ચા જોવા મળી રહી છે. હવે બીજા રાઉન્ડમાં ખાલી બેઠકો ભરાઈ શકે છે કે નહીં તેના પર સૌની નજર રહેશે.

# પગાર અને હાજરી મુદ્દે AMTSના કોન્ટ્રાકટરના ડ્રાઇવરોની હડતાલ

### BRTS બસો ચલાવવા માટે મુકાયેલા AMTSના ખાનગી કોન્ટ્રાકટર કંપનીના ડ્રાઇવરો હડતાલમાં સમાધાન બાદ ફરી કામે લાગ્યા

(એજન્સી) અમદાવાદ I તા. 19

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ની ખાનગી કોન્ટ્રાક્ટર કંપનીના 90 જેટલા ડ્રાઈવરો હડતાલ પર ઉતર્યા હતા. મેમકો ખાતે આવેલા BRTS ડેપો ખાતે ડ્રાઈવરો હડતાલ પર ઉતરી ગયા હતા. ડ્રાઈવરો દ્વારા પગાર વધારા સહિતની માગણીઓ કરવામાં આવી હતી. જેના પગલે સવારથી બપોરે 12 વાગ્યા સુધી બીઆરટીએસ બસના ડ્રાઈવરો હડતાલ પર રહ્યા હતાં.



જેના કારણે થઈને બીઆરટીએસ બસની સેવા ને અંશતઃ અસર થઈ હતી. 50 જેટલી બીઆરટીએસ બસો સવારે દોડી ન હતી. ત્રણ કલાક સુધી ખાનગી કોન્ટ્રાક્ટની કંપની અને ડ્રાઈવરો વચ્ચે વાટાઘાટ બાદ બસો ફરી શરૂ થઈ હતી. મળતી માહિતી મુજબ, AMTSની 100 જેટલી ખાનગી કોન્ટ્રાક્ટની બસો BRTSમાં ચલાવવા માટે આપવામાં આવી છે. ખાનગી કોન્ટ્રાક્ટર કંપની માતેશ્વરી કંપનીની 200 આપવામાં આવી હતી, ત્યારે અંદાજે 90 જેટલા ડ્રાઈવરો સવારથી હડતાલ ઉપર ઉતરી ગયા હતા જેના કારણે થઈને 50થી વધારે બસો રોડ પર દોડી નહોતી.

અલગ અલગ રૂટ ઉપરની બસોની સેવાને અંશતઃ અસર થઈ હતી. ડ્રાઈવરોનો આક્ષેપ હતો કે બસ બ્રેકડાઉન થાય તો હાજરી કાપવામાં આવે છે. હાજરી ન મળતાં માસિક પગારમાં ઘટાડો થાય છે. ડ્રાઈવરો દ્વારા તાત્કાલિક નિયમોમાં ફેરફારની માંગ કરવામાં આવી હતી. ડ્રાઈવરો હડતાલ પર ઉતરી ગયા હોવાને કારણે બીઆરટીએસ સેવાને અંશતઃ અસર થઈ હતી. કંપની અને ડ્રાઈવરો વચ્ચે સમાધાન માટે AMTS દ્વારા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા અને કંપનીના માણસોને બોલાવી તાત્કાલિક ધોરણે વાતચીત કરવામાં આવી હતી. કંપની દ્વારા ડ્રાઈવરોની માંગને લઈને વાતચીત કરતા ડ્રાઈવરો ફરીથી કામ ઉપર લાગી ગયા હતા અને બપોરે 12 વાગ્યા બાદ બસો રોડ ઉપર દોડવા લાગી હતી.

## 5 લાખની લાંચ માગનાર ઉદ્યોગ ભવનનો કલાસ 2 અધિકારી ઝડપાયો

(એજન્સી) ગાંધીનગર I તા. 19

ગાંધીનગરના સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર પર એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગાંધીનગર ઉદ્યોગ ભવનમાં છઠ્ઠા માળે ફરજ બજાવતા વર્ગ-2ના ઉચ્ચ અધિકારી અને આસિસ્ટન્ટ ઈલેક્ટ્રીકલ ઈન્સપેક્ટર મનિષકુમાર નવિનચન્દ્ર રાવલ બાંધકામ પ્રોજેક્ટના ફાયર એન.ઓ.સી. અને સર્ટિફિકેટ માન્ય રાખવાના અવેજ પેટે રૂ. 5 લાખની મસમોટી લાંચ માંગતા એસીબીના સકંજામાં આવી ગયો છે.

અમદાવાદ શહેર એસીબીની ટીમે આજે 18મે સોમવારે ગાંધીનગરના ઘ-2 સર્કલ પાસે જાહેર રોડ ઉપર એક સફળ ટ્રેપ ગોઠવીને આ લાંચિયા અધિકારીને પ્રથમ હપ્તા પેટે રૂ. 50 હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ ચકચારી કેસની વિગત એવી છે કે, ફરિયાદી એક જાગૃત નાગરિક છે અને તેઓ વિવિધ બાંધકામોના પ્રોજેક્ટોમાં પેસિવ ફાયર સિસ્ટમ ફિટ કરવાનું વ્યવસાયિક કામકાજ કરે છે.

આ પેસિવ ફાયર સિસ્ટમ લગાવ્યા બાદ તેના સર્ટિફિકેટ્સ સંબંધિત પ્રોજેક્ટના માલિક



મારફતે ગાંધીનગર ખાતે આસિસ્ટન્ટ ઈલેક્ટ્રીકલ ઈન્સપેક્ટર સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવતા હોય છે. આ રજૂ થયેલા પ્રમાણપત્રોને માન્ય રાખવા તેમજ પ્રોજેક્ટ માટે ઈશ્યુ કરવામાં આવેલી ફાયર એનઓસીના સંદર્ભમાં આક્ષેપિત અધિકારી મનિષકુમાર રાવલે ફરિયાદી પાસે પાંચ લાખ રૂપિયાની લાંચની કડક માંગણી કરી હતી.

જે તે સમયે ફરિયાદીએ આટલી મોટી રકમ એકસાથે આપવા અસમર્થતા દર્શાવી નાણાં ટુકડે-ટુકડે આપવાનું જણાવ્યું હતું, તે અંતર્ગત આજ રોજ પ્રથમ હપ્તા તરીકે 50 હજાર રૂપિયા ચૂકવવાનો વાયદો કર્યો હતો.જો કે, જાગૃત ફરિયાદી આ લાંચિયા અધિકારીને ભ્રષ્ટાચારના નાણાં આપવા બિલકુલ માંગતા ન હોવાથી તેમણે એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કરી અધિકારી વિરૂદ્ધ વિગતવાર ફરિયાદ નોંધાવી હતી.

## જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં માંસાહારી પ્રાણીઓના ખોરાક માટે પ્રાણી સંગ્રહાલયમાં સ્લોટર કરવા વિરુદ્ધ અરજી થઈ હતી

(એજન્સી) જૂનાગઢ I તા. 19

સક્કરબાગ ઝૂમાં માંસાહારી પ્રાણીઓ માટે જીવિત પશુઓ લાવીને પ્રાણી સંગ્રહાલયમાં જ તેમનું કત્લ કરવા બાબતે ગુજરાત હાઈકોર્ટમાં અગાઉ જાહેર હિતની અરજી દાખલ થઈ હતી. જેને હાઈકોર્ટે નકારી નાખી હતી. આથી ગુજરાત હાઈકોર્ટના હુકમ વિરુદ્ધ અરજદારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે પણ આ અરજી નકારી નાખી છે.

મૂળ ગુજરાત હાઈકોર્ટમાં જૂનાગઢથી એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન અને અહીંસા મહાસંઘ દ્વારા જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. અરજદારે જણાવ્યું હતું કે આ જાહેર હિતની અરજી મૂંગા પ્રાણીઓને લઈને કરવામાં આવી હતી. અરજદારો રજિસ્ટર્ડ ટ્રસ્ટ છે. સકકરબાગ ઝૂ જૂનાગઢે ટેન્ડર બહાર પાડ્યુ હતું કે જેમાં ટેન્ડર મેળવનાર કોન્ટ્રાક્ટરે પ્રાણી સંગ્રહાલયમાં માંસાહારી પ્રાણીઓના ખોરાક માટે ભેંસ વંશને પ્રાણી સંગ્રહાલયમાં લાવીને તેનું કત્લ કરવાનું રહેશે. પરંતુ પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને લાવીને કત્લ કરી શકાય નહીં, તે કત્લ માટે નિયત જગ્યા હોય છે. પ્રાણી સંગ્રહાલય એ સ્લોટર હાઉસ નથી. આ વન વિભાગ અંતર્ગત




આવતું પ્રાણી સંગ્રહાલય છે. જે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી અંતર્ગત પણ આવે છે. તેમાં વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટના નિયમો લાગુ પડે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તેની હદમા પ્રાણીઓના વેચાણ અને સ્લોટરને રેગ્યુલરાઈઝ કરે છે. અહીં પ્રાણી સંગ્રહાલયમાં કોન્ટ્રાકટર પ્રાણીઓ લાવી, કાપીને પ્રાણી સંગ્રહાલયને વેચશે.

હાઈકોર્ટે અરજીની સુનવણી દરમિયાન કહ્યું હતું કે માંસાહારી પ્રાણીઓ માંસ જ ખાશે. સકકરબાગ પ્રાણી સંગ્રહાલય જો કોર્પોરેશન હેન્ડલ ના કરતું હોય તો તેની જવાબદાર કેવી રીતે બને ? કોન્ટ્રાક્ટ પણ JMC આપવાની નથી કે તેના વિસ્તારમાં સ્લોટર થવાનું નથી. માંસાહારી પ્રાણીઓ માટે માંસ સ્લોટર હાઉસમાંથી આવે તો ત્યાં પણ પ્રાણીઓ કપાશે જ ? તો પછી પ્રાણી સંગ્રહાલયમાં કપાય ઝૂ માં તમારે શું ? તમે શા માટે પાંજરામાં પુરાયેલા પ્રાણીઓ માટે પ્રશ્નો નથી ઉપાડતા ? સિંહ કોઈને મારી નાખે તો સિંહને મારી નખાય છે, કેટલા સિંહ મનુષ્યોએ મારી નાખ્યા ! તેઓ જંગલમાં રહેવા ટેવાયેલા છે પાંજરામાં નહીં ! તમારી માન્યતા બંધ બેસતી નથી એટલે ? અરજદારે જણાવ્યું હતું કે પ્રાણીઓને પ્રાણી સંગ્રહાલયમાં લાવીને સ્લોટર કરવાની જગ્યાએ પ્રમાણિત સ્લોટર હાઉસમાંથી જ માંસ લાવી માંસાહારી પ્રાણીઓને ખવડાવાય. કોર્ટે પૂછ્યું હતું કે તમને ખબર છે કે ત્યાંથી પ્રાણીઓને યોગ્ય માંસ મળશે?

## લોકોમોટિવ શેડ સાબરમતીમાં ફાયર મૉક ડ્રિલનું આયોજન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના લોકોમોટિવ શેડ સાબરમતીમાં તારીખ 19.05.2026 ના રોજ અધિકારીઓ, સુપરવાઈઝર્સ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં ફાયર મૉક ડ્રિલનું આયોજન કરવામાં આવ્યું. આ અવસર પર સિવિલ ડિફેન્સ વૉલિન્ટિયર્સ દ્વારા કર્મચારીઓને અગ્નિ સુરક્ષાથી સંબંધિત જરૂરી તકેદારીઓ, આગ લાગવાની સ્થિતિમાં અપનાવવામાં આવનારા સુરક્ષા ઉપાયો તથા અગ્નિશામક યંત્રોના યોગ્ય અને અસરકારક ઉપયોગ વિશે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી. સાથે જ મૉક ડ્રિલ મારફતે આગ લાગવાની સ્થિતિમાં તાત્કાલિક પ્રતિક્રિયા અને



બચાવ કામોનું વ્યવહારિક પ્રદર્શન પણ કરવામાં આવ્યું.કાર્યક્રમ દરમિયાન વરિષ્ઠ મંડળ એન્જિનિયર સાબરમતી, શ્રી એસ. પી. ગુપ્તા દ્વારા કર્મચારીઓને કામના સ્થળે સુરક્ષા અને સંરક્ષા નિયમોનું પાલન કરવા, આગથી બચાવ માટે હંમેશા સતર્ક રહેવા તથા કોઈપણ આકસ્મિક સ્થિતિમાં તાત્કાલિક અને સુરક્ષિત કાર્યવાહી કરવા અંગે જરૂરી સલાહ-સૂચનો આપવામાં આવ્યા.તેમણે કહ્યું કે આ પ્રકારના તાલીમ કાર્યક્રમ કર્મચારીઓની સુરક્ષા જાગૃતિ વધારવાની સાથે-સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષમતાને પણ સુદ્રઢ કરે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત કર્મચારીઓએ ફાયર-સેફ્ટી સંબંધિત માહિતીઓને ગંભીરતાથી સમજી તથા ભવિષ્યમાં સુરક્ષા પરિમાણોના પાલન માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# વન નેશન, વન ઈલેકશન, JPCના સભ્યો આજથી 3 દિવસ ગુજરાતમાં

### અધ્યક્ષ પીપી ચૌધરી, વાસનિક અને રૂપાલાની હાજરીમાં ગિફ્ટ સિટીમાં બેઠક શરૂ, આવતીકાલે રાજકીય પક્ષો સાથે મહત્વની ચર્ચા

(એજન્સી) ગાંધીનગર I તા. 19

વન નેશન, વન ઈલેકશન મામલે રચાયેલી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીએ અલગ અલગ રાજ્યોમાં જઈ રાજકીય પક્ષો અને અધિકારીઓ સાથે પરામર્શ શરૂ કર્યો છે. આજથી ત્રણ દિવસ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીના સભ્યો ગુજરાતમાં છે અને ગિફ્ટ સિટી ક્લબ ખાતે મિટિંગ યોજી છે. આ દરમિયાન જેપીસીના સભ્યો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિવિધ રાજકીય પક્ષના આગેવાનો અને રાજ્યના ટોંચના અધિકારીઓ સાથે બેઠક કરી અભિપ્રાયો મેળવશે.

વન નેશન, વન ઈલેકશન માટે રચાયેલી



જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીના અધ્યક્ષ તરીકે કાયદાવિદ પી.પી. ચૌધરી છે. તે સિવાય લોકસભાના 27 અને રાજ્યસભાના 12 સાંસદો મળીને કૂલ 39 સભ્યો છે. માહિતી અનુસાર, કાયદાવિદ પી.પી. ચૌધરીની અધ્યક્ષતામાં કાર્યરત JPCમાં કુલ 39 લોકસભા અને રાજ્યસભાના સાંસદો સામેલ છે.

આજે સમિતિના અધ્યક્ષ પી.પી. ચૌધરી સહિત રાજ્યસભા સાંસદ ઘનશ્યામ તિવારી, પરસોત્તમ રૂપાલા, મુકુલ વાસનિક, રાજ્ય ચૂંટણી કમિશનર સંદીપ સાગલે પણ ગિફ્ટ સિટી ક્લબ પહોંચ્યા છે. સમિતિના અન્ય સભ્યો પણ તબક્કાવાર પહોંચવાના હોવાથી બેઠકમાં હાજરી આપનારા પ્રતિનિધિઓની સંખ્યા વધશે. આજે સમિતિ દ્વારા વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવશે, જ્યારે આવતીકાલે સવારે 10થી 12 વાગ્યા દરમિયાન વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો સાથે બેઠક યોજાશે.આગામી દિવસોમાં આ ચર્ચાઓ બંધારણીય સુધારા અને ચૂંટણી પ્રણાલીમાં સંભવિત ફેરફારોને લઈને મહત્વપૂર્ણ બની શકે છે. જ્યારે સમિતિના સભ્ય રૂપાલાએ જણાવ્યું કે, વન નેશન વન ઈલેક્શનનું વર્ષો જૂનું સપનું હતું અને દેશના વડાપ્રધાન મોદી આ દેશ સમક્ષ એનો સંકલ્પ મૂક્યો હતો, એ દિશામાં ભારત સરકાર ખૂબ મક્કમતાપૂર્વક આગળ વધી રહી છે.

એના માટેની આ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી છે એના અધ્યક્ષ પી.પી. ચૌધરી અને એમની આખી ટીમ અત્યારે ગુજરાતના પ્રવાસે છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...